



સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

વૈશાખ સુદ-૨ | પાના : ૧૮ | રૂા. ૪.૦૦ સ્થાપકઃ- બાબુભાઈ શાહ તા. ૨૯-૪-૨૦૨૫ - મંગળવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૯ અંક : ૨૧૦ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT


વડાપ્રધાનને ટાર્ગેટ કરતી કોંગ્રેસની ‘ગાયબ’ પોસ્ટથી ભાજપ ભડકયુ, લશ્કર-એ-પાકિસ્તાન કોંગ્રેસ નામ અપાયું ૯

પહેલગામ હુમલામાં સામેલ મૂસા પાક. સેનાનો પુર્વ કમાન્ડો ૧૩

રાજકોટના શેરબ્રોકિંગ હાઉસ પટેલ વેલ્થ પર સેબીનો પ્રતિબંધ ૧૪

ગેરકાયદે વસતા બાંગ્લાદેશીઓના સર્ચ બાદ હવે તેમના ગેરકાયદે બાંધકામો નિશાનઃ મધરાતથી જ જેસીબી ખડકાયા

# અમદાવાદમાં ‘મીની બાંગ્લાદેશ’નો સફાયો : સૌથી મોટુ ડિમોલીશન

## ચંડોળા તળાવ આસપાસ વસતા બાંગ્લાદેશીઓના ગેરકાયદે બાંધકામો તોડી પડાયાઃ સમગ્ર વિસ્તારમાં વિજળી કનેકશન કપાયા ૫૦ થી વધુ જેસીબી, ૩૦ ડમ્પર તથા ૧૦૦૦ થી વધુ સુરક્ષા જવાનો તૈનાત



## તનાવ રોકવા ડ્રોનથી વોચઃ ખુદ રાજય પોલીસ વડા વિકાસ સહાય ઘટના સ્થળે પહોંચ્યાઃ દોઢ દાયકા બાદ વિસ્તાર ખાલી કરાયો

અમદાવાદ તા.૨૯

પહેલગામમાં પ્રવાસીઓ પર ભયાનક હુમલા બાદ પાકિસ્તાની ઉપરાંત ગેરકાયદે વસતા બાંગ્લાદેશીઓ પર ઘોંસ બોલાવીને અટકાયતી પગલા સાથે તેઓને ‘ઘર ભેગા’કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. હવે અમદાવાદમાં આ ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યુ છે. મીની બાંગ્લાદેશ સમાન બની ગયેલા ચંડોળા તળાવ આસપાસથી તમામ બાંધકામો પર બુલડોઝર ફર્યા હતા. ૫૦ થી વધુ જેસીબી મશીન, ૩૦ ડમ્પરો મારફત કાર્યવાહી થઈ હતી. ડ્રોન વડે ચાંપતી નજર રાખવામાં આવી હતી. ૧૦૦૦ થી વધુ સુરક્ષા જવાનોનો કાફલો તૈનાત કરવામાં આવ્યો હતો.

રાજયભરમાં છેલ્લા ચાર દિવસથી ગેરકાયદેસર રહેતા બાંગ્લાદેશીઓ પર તવાઈ ઉતારીને સેંકડોની અટકાયત કરવામાં આવી હતી. અમદાવાદમાં સૌથી વધુ ૮૦૦ થી વધુ લોકો સામે કાર્યવાહી થઈ હતી. આ લોકો મોટાભાગે

(અનુસંધાન ૧૨ મા પાને)

### ડિમોલીશન સામે કાનુની રક્ષણ ન મળ્યુઃ હાઈકોર્ટે સ્ટેની અરજી ફગાવી દીધી

અમદાવાદમાં બાંગ્લાદેશીઓની ગેરકાયદે વસાહત પર અત્યાર સુધીનુ સૌથી મોટુ ડિમોલીશન હાથ ધરવામાં આવ્યુ છે. ડિમોલીશન રોકવા માટે હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. પરંતુ વડી અદાલતે તે ફગાવી દીધી હતી.

કોર્પોરેશન-સરકારનું બુલડોઝર એકશન ગેરકાયદે છે અને અહી વસતા લોકો ગેરકાયદે બાંગ્લાદેશી હોવાનું પુરવાર થતુ જ હોવાની દલીલ સાથે ડિમોલીશન કાર્યવાહી પર સ્ટેની માંગ કરવામાં આવી હતી. ૧૮ જેટલા અરજદારોએ સંયુકત અરજી કરી હતી. સુનાવણી દરમ્યાન સરકાર તરફથી એવી દલીલ કરવામાં આવી હતી કે ગેરકાયદે વસાહત રાષ્ટ્રીય સુરક્ષા સામે ખતરો છે. લંબાણભરી દલીલો બાદ હાઈકોર્ટે અરજી નકારી હતી.



















### પહેલગામ આતંકી હુમલા બાદ ભારતના કડક એકશનના એલાનથી રઘવાયા પાક.ની અણુબોમ્બની ધમકી

# પરમાણુ બોમ્બ...ભારત-પાક.ની અણુશકિતનો કન્ટ્રોલ કોની પાસે?

## ભારતમાં પરમાણું હુમલાનું બટન પીએમ મોદી અને એનએસએ ડાભોલ પાસેઃ પાકિસ્તાનમાં અણુશસ્ત્રના ઉપયોગની સતા માત્ર વડાપ્રધાન શાહબાઝ શરીફ પાસેઃ ભારતે પરમાણું શસ્ત્ર મામલે 'નો ફર્સ્ટ યુઝ'ની નીતિ મામલે કહ્યું છે-તે ભવિષ્યની પરિસ્થિતિ પર નિર્ભર છેઃ પાકે.કહ્યું છે જયારે અસ્તિત્વ દાવ પર આવે ત્યારે પરમાણું શસ્ત્રનો ઉપયોગ કરાશે

નવી દિલ્હી તા.૨૯

પહેલગામ આતંકી હુમલામાં ૨૮ જેટલા નિર્દોષ લોકોના મોત પર ભારતે આતંકીઓનાં જનક પાકિસ્તાન સામે કડક એકશન લેવાનું એલાન કરતાં ફટેહાલ અણુબોમ્બની ધમકી આપવા લાગ્યુ છે.આ અણુ બોમ્બની વિનાશકતાનો પરચો વિશ્વને બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન અમેરિકાએ જાપાન પર ફેંકેલા અણૂ બોમ્બથી મળી ગયો છે. આજે પરિસ્થિતિ એ છે કે અણુ બોમ્બનો ભડકો ન થાય તે માટે ત્રીજુ વિશ્વયુદ્ધ અટકી રહ્યું છે. આજે ભારત પણ અણુબોમ્બથી સજજ છે અને પાકિસ્તાન પણ અણુ શસ્ત્રોથી સજજ છે. ન કરે નારાયણ ને બન્ને વચ્ચે અણુયુધ્ધ ફાટી નીકળે તો પાકિસ્તાન વિશ્વનાં નકશામાંથી નીકળી જાય અને બન્ને વચ્ચે અણુયુદ્ધ ફાટી નીકળે તો પાકિસ્તાન વિશ્વના નકશામાંથી નીકળી જાય અને બન્ને પક્ષે જ મોટી ખુવારી થાય, જેની અસર દુનિયામાં પણ પડે.

ભારતનાં કડક પગલાથી ડરી ગયેલુ પાકિસ્તાન ભાતને ધમકી આપતા કહે છે આ જે ગોરી ગજન વી મિસાઈલો છે તે 'અમે ચોક પર સજાવવા માટે નથી રાખી, હિન્દુસ્તાન માટે રાખી છે' અમારી પાસે જે ૧૩૦ પરમાણું હથીયાર છે. તમને ખબર નથી કે તે પાકિસ્તાનનાં કયાં કયાં ભાગોમાં રાખવામાં આવ્યા છે...આ નિવેદન છે પાકિસ્તાનનાં રેલમંત્રી હનીફ અબ્બાસીનું પાકિસ્તાનનાં ડેપ્યુટી પીએમ ઈશાક ડારે પણ ભારતને પરમાણું હથીયારનો ડારો આપ્યો છે. અણુશસ્ત્રોથી તો બન્ને દેશો સજજ છે. આખરે અણુ શસ્ત્રો મામલે બન્ને દેશોને લઈને જરા ઝાંખી કરીએ.



**ભારતમાં કોના હાથમાં પરમાણું હુમલાનુ બટનઃ**

ભારતમાં પરમાણું હથીયારોને લઈને દરેક નિર્ણયનો અધિકાર નેશનલ કમાન્ડ ઓથોરીટી પાસે છે. તેમાં બે પરિષદ છે.રાજનીતિક પરિષદ કે જેના અધ્યક્ષ વડાપ્રધાન હોય છે. એટલે હાલ પીએમ મોદી અધ્યક્ષ છે. બીજી કાર્યકારી પરિષદ કે જેનાં અધ્યક્ષ રાષ્ટ્રીય સુરક્ષા અધિકારી હોય છે. હાલ એનએસએ અધ્યક્ષ અજીત ડોભાલ છે.

ભારતે કયારેય પોતાના અણુ શસ્ત્રો હાઈ એલર્ટ પર નથી રાખ્યા.જોકે ભારતે પરમાણું અપ્રસાર સંધી (એનપીટી) અને વ્યાપક પરીક્ષણ પ્રતિબંધ સંધી (સીટીબીટી) પર સહી નથી કરી.

**પાકિસ્તાનમાં કોના હાથમાં પરમાણુનું બટનઃ**

દરેક નિર્ણયો નેશનલ કમાન્ડ હથીયારોનાં દરેક નિર્ણયો નેશનલ કમાન્ડ ઓથોરીટી જ લે છે તેના અધ્યક્ષ વડાપ્રધાન હોય છે. પાકિસ્તાને પણ એનપીટી અને સીટીબીટી પર સહી નથી કરી.

વર્ષ ૨૦૦૨ માં પાકિસ્તાનનાં તત્કાલીન લેફટનન્ટ જનરલ ખાલીદ અહમદ કિડવાઈના હવાલાથી ઈટાલીયન આર્મ્સ કન્ટ્રોલ ઈન્સ્ટીટયુટ લેન્ડો નેટવર્ક લખ્યુ છે-પાકિસ્તાનનાં પરમાણું હથીયારોનું લક્ષ્ય માત્ર ભારત છે જો બદલો નિષ્ફળ જાય અને અસ્તિત્વ દાવ પર આવી જાય તો પરમાણું હથીયારોનો ઉપયોગ કરાશે.

**શૂં ભારત 'નો ફર્સ્ટ યુઝ પોલીસી બદલવી જોઈએ?**

ભારતની ન્યુ કિલયર પોલીસીમાં ૨૦૦૩ બાદ કોઈ ફેરફાર નથી થયા. ૨૦૧૯ માં પાંચમી ઈન્ટરનેશનલ આર્મી સ્કાઉટ માસ્ટર્સ કોમ્પીટીશન દરમ્યાન પોખરણમાં રક્ષામંત્રી રાજનાથસિંહે આ પોલીસીમાં ફેરફારના સંકેત આપ્યા હતા.તેમણે કહ્યું હતું કે ભારત પરમાણું હથીયારોના પહેલો ઉપયોગ ન કરવાની નીતિ પર હજુ પણ કાયમ છે. પરંતુ ભવિષ્યમાં શું થાય છે તે પરિસ્થિતિ પર નિર્ભર છે.



### પાકિસ્તાન કરતાં વધુ ઘાતક ભારતના ન્યુકિલયર હથિયાર

ફેડરેશન ઓફ અમેરિકાન સાન્ટીસ્ટનાં સ્ટેટસ ઓફ વર્લ્ડ ન્યુકિલયર ફોર્સીસ રિપોર્ટ ૨૦૨૫ મુજબ ભારત પાસે ૧૮૦ પરમાણુ હથીયાર છે જયારે પાકિસ્તાન પાસે ૧૦ ઓછા એટલે કે ૧૭૦ છે.ભારત પાસે ન્યુટ્રોન, ફિઝન, થર્મોન્યુકલીયર બોમ્બ છે. જે ૧૫ કીમીથી લઈને ૧૦ કીમી સુધીના એરિયામાં તબાહી કરી શકે છે. દુશ્મનનાં નાના-મોટા શહેરને નેસ્તનાબુદ કરી શકે છે. જયારે પાક.નાં ફિઝન અને ટેકનિકલ અણુબોમ્બ ૮ કીમીથી ૭ કીમીના વિસ્તારને ખત્મ કરી શકે.

### જમીન, હવા અને પાણીથી પરમાણું બોમ્બનો હુમલો ભારત કરી શકે છે



### પાકિસ્તાનમાં આ તાકાત નથી

ભારત એક ન્યુકલીયર ટ્રાયડ દેશ છે એટલે કે દેશ પાસે જમીન, હવા અને પાણી એમ ત્રણેય આયામોથી પરમાણું શસ્ત્રથી હુમલો કરવાની ક્ષમતા છે. જયારે પાકિસ્તાનમાં ભારત અગ્નિ-૬ મિસાઈલ ડેવલપ કરી રહ્યું છે. જેની રેન્જ ૬૦૦૦ કી.મી.સુધીની છે.જયારે પાકિસ્તાનની સૌથી તાકાતવર શાહીન-૩ મિસાઈલથી માત્ર ૨૭૫૫ કી.મી.સુધી જ ન્યુકિલયર એટેક કરી શકાય છે. ભારત પાસે મિરાજ અને જગુઆર જેવા ફાઈટર જેટ છે. જેનાથી હવાથી ૧૮૦૦ કીમી સુધી પરમાણું હથીયાર ફેંકી શકાય છે.

# સિટીઝન ચાર્ટર પર ફોકસ વધારોઃ સરકારી દાખલા તત્કાળ અને કયુઆર કોડ સાથે આપો

## વહિવટી સુધારણા પંચની સરકારને ટેકનોલોજીનો ઉપયોગ વધારવાની ભલામણ

ગાંધીનગર :

ગુજરાત વહીવટી સુધારણા પંચ દ્વારા સરકારી સેવાઓમાં સુધારો કરવા અને નાગરિકોને ઓછી પરેશાની થાય તે રીતે કામગીરી કરવા અહેવાલ અપાયો છે. જેમાં નાગરિકો દ્વારા જેની સૌથી વધુ માગણી કે ઉપયોગ થતો હોય છે તેવા જાતિ-આવકના દાખલા, ડોમિસાઇલ સર્ટિફિકેટ, જન્મ-મરણ પ્રમાણપત્ર સહિત અનેક સેવાઓને ટૂંકી સમય મર્યાદામાં અને QR કોડ સાથે ઉપલબ્ધ કરાવવા ભલામણ કરાઈ છે. તે સાથે નાગરિક કેન્દ્રીત ઇ-સેવાઓનું મૂલ્યાંકન કરવા પણ જણાવાયું છે.

વહીવટી સુધારણા પંચ દ્વારા ટેકનોલોજી મારફત સરકારી પ્રમાણપત્રોની ચકાસણી અને નાગરિકોને દસ્તાવેજોની ઝડપી ઉપલબ્ધતા માટે ભલામણ કરાઈ છે. દિવ્યાંગતા, રેશન કાર્ડ વગેરે છે. તેને સરકારે ટૂંકી સમય મર્યાદામાં નાગરિકો માટે ઉપલબ્ધ કરાવવા જોઇએ.

પંચે જણાવ્યું છે કે, ટેકનોલોજીના કારણે દસ્તાવેજો પર છાપી શકાય તેવા ચછકોડ કે યુનિક આઈડી દ્વારા સત્તાવાર દસ્તાવેજ છે કે નહીં તેની ચકાસણી સરળ બને છે. તેની અધિકૃતતા સાબિત થતા અને સોફ્ટ કોપી પણ મળતા ડિજિટલ માધ્યમથી તેને તરત અને બહોળા પ્રમાણમાં શેર કરવાની મંજૂરીનો વિકલ્પ મળે છે. તેના કારણે દરેક જગ્યાએ મોટા પ્રમાણમાં છાપેલી કોપી લઈ જવાની જરૂરિયાત ઓછી થઇ જાય છે. સરકારી પ્રમાણપત્રોની ઝડપી અને સરળ ચકાસણીનો હેતુ નાગરિકોને નોટરી દ્વારા દસ્તાવેજો પ્રમાણિત કરવાની ઝંઝટ ટાળવાનો છે. નાગરિકો દ્વારા કેટલાક દસ્તાવેજોની સહુથી વધુ જરૂરિયાત રહે છે, જેમાં જાતિ-આવકના દાખલા, ડોમિસાઈલ, જન્મ-મૃત્યુ, માર્કશીટ, પંચે આ મુદ્દે વધુમાં કહ્યું કે, એક વખત ચોક્કસ જરૂરિયાત ધરાવતી વ્યકિત માટે રેકોર્ડ બનાવવામાં આવે તે પછી તેમનો રેકોર્ડ એક યુનિક ડિજિટલ ફૂટ પ્રિન્ટ હોવો જોઈએ. જે તેમણે અરજી કરી હોય તે વિભાગ માટે ચકાસી શકાય. એટલું જ નહીં, નાગરિકને જે દસ્તાવેજ અપાય તેની ઉપર ડિજિટલ ફૂડ પ્રિન્ટ તરીકે QR કોડ પણ લગાવી શકાય. તેથી ચોક્કસ હેતુ માટે ચોક્કસ પ્રમાણપત્રો બહાર પાડવાની જવાબદારી ધરાવતા વિભાગો ચકાસણી માટે ચછ કોડ આધારીત પધ્ધતિ અપનાવે તેવી ભલામણ પણ પંચ દ્વારા કરવામાં આવી છે.

### કોઈ અદ્રશ્ય શક્તિએ તેને સંતાનોની હત્યાની પ્રેરણા આપી!

# બે સંતાનોની હત્યા કરનાર માતાને 'વશીકરણ'નો શિકાર ગણાવી મુકત કરતી સુપ્રીમ

## હત્યાનું કોઈ કારણ નથીઃ મહિલા સ્કિજોફેનિયાનો શિકાર બની હોઈ શકેઃ ૧૦ વર્ષ જેલમાં વિતાવ્યા તે પુરતી સજા છે

નવી દિલ્હીઃ

એક ખૂબજ રસપ્રદ ચૂકાદામાં સુપ્રીમકોર્ટ છતીસગઢની એક આંગણવાડીમાં કામ કરતા મહિલાને તેના બે સંતાનોની હત્યાના કેસમાં જેલમુક્ત કરવાના આદેશ આપતા જણાવ્યું હતું કે જે રીતે મહિલાએ કોઈ હેતુ વગર આ પ્રકારે તેના બે સંતાનોની હત્યા કરી તે દર્શાવે છે કે તે કોઈ કામચલાવ માનસિક સ્થિતિમાંથી પસાર થઈ રહી હતી અને તે કોઈ અદ્રશ્ય શક્તિથી પ્રેરાઈ હોય કે આવી કોઈ માનસીક સ્થિતિ તેના પર સવાર થઈ હોય તેના કારણ તેણે બે પુત્રીઓને લોખંડના સળીયાથી વારંવાર ઘા મારીને બન્નેની હત્યા કરી હતી. સુપ્રીમ કોર્ટ આ મહિલાને ટ્રાયલ કોર્ટ કરેલી અને હાઈકોર્ટ માન્ય સંબંધી આજીવન કારાવાસની સજા ઘટાડીને ગૈરઈરાદા કોઈ આગોતરા ઈરાદાનગર કરેલી હત્યાનો કેસ ગણ્યો હતો અને આ મહિલાએ ૧૦ વર્ષની જેલ સજા ભોગવી છે તેથી તેને તાત્કાલિક જેલમુક્ત કરવા આદેશ આપ્યો હતો.

સુપ્રીમકોર્ટના ન્યાયમૂર્તિ બી.વી.નાગરત્ના અને ન્યાયમૂર્તિ એન.કોટીશ્વરની ખંડપીઠે આ હત્યાની ઘટના પુર્વ મહિલાનું એ વર્તન મહત્વનું ગણાવ્યુ હતું. જેમાં તે વારંવાર એવું બોલતી હતી કે તે માતા છે અને બહ્વી-દાઈ-છું અને તેણે પોતાની આ માનસિક સ્થિતિ માટે મનોચીકીત્સકની પણ સલાહ લીધી હતી. સુપ્રીમકોર્ટે કહ્યું કે આ મહિલા પાસે તેના બે સંતાનોની હત્યા કરવાનું કોઈ કારણ જ નહી તે બાળકો સાથે સારી રીતે રહેતી હતી તેના પતિ સાથે પણ સારા સંબંધો હતા તો અચાનક આ રીતે હિંસક કઈ રીતે બની ગઈ તે પ્રશ્ન છે તેનું કારણ માનસિક બિમારી જેને સ્કિજોફેનિયા બાય પોલરડિસ ઓર્ડર સમાન ગણાવ્યુ હતું અને આ પરીસ્થિતિમાં વ્યક્તિ જાદુ-ટોના-અદ્રશ્ય શક્તિ અંધવિશ્વાસમાં પ્રેરાય છે.

આ ગેરઈરાદા- હેતુવિહિન હત્યા છે તેથી મહિલાને જે ૧૦ વર્ષની સજા ભોગવી છે તે પુરતી છે.

### સુવિચાર

**જીવનમાં આપણા આંગણે**
**ભલે ગાડી ચાર પૈડાવાળી ના હોય**
**પણ લાગણીઓ જહાજ જેવી રાખજો**
**કારણ કે કોઈ મહેમાન આપણા**
**આંગણે ગાડી જોઇને નહીં**
**પણ લાગણી જોઇને જ આવે છે**

# મિત્રતા કેળવીએ !

પ્રથમ પ્રશ્ન તો એ થશે કે મિત્રતા કોની સાથે કરવી જોઈએ? આપણા કોઈ શત્રુ ન હોય તે માટે શું કરવુ? આમ આપણે એ દરેકને પોતાનો મિત્ર સમજીએ કે જે કોઈને કોઈ રીતે આપણને મદદગાર બને છેકે જે આપણા જીવનમાં ઉમંગ, ઉત્સાહ કે ખુશી ભરવા સદાયે હાજર છે.

★ પ્રથમ મિત્રતા સ્વયંથી. સ્વયંના આ દેહની સાથે. શરીરની દરેક કર્મેંદ્રિયો સાથે દોસ્તી કેળવીએ. સ્વયંના સંસ્કારો, સ્વભાવ કે કર્મેંદ્રિયોની ચંચળતાને કારણે જીવનમાં કદી દુ:ખ, અશાંતિ કે ભય, ચિંતા ન આવે તે માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ. આ દરેકને એવા સરળ અને શીતળ, સુખ આપનારા બનાવીએ કે જેને કારણે કદી તંગ ન થવું પડે. આમેય લૌકિક જીવનમાં એક મિત્ર શું કરે? એક મિત્ર બીજા મિત્રના જીવનની ઉદાસી કે નાખુશની પળોમાં, હમેશા સહાયક બની ઉમંગ-ઉત્સાહના બોલ દ્વારા, કોઈપણ રીતે ખુશીઓ આપે છે. આ રીતે સ્વયંની જ એવી વિશેષતાઓ અને ગુણો સાથે મિત્રતા કેળવીએ.

★ બીજી મિત્રતા રાખીએ આ પ્રકૃતિ અને પર્યાવરણ સાથેની. નૈસર્ગિક જે કાંઈ આપણને જોવા મળે છે તે આસપાસ સર્વ તત્વો, ફૂલ-ઝાડ, નદી-ઝરણા, પહાડ, સૂર્ય-ચાંદ-સિતારાઓ, જળચર, ભૂચર સર્વ પંખી-પશુ સાથે રહમદિલ બનીએ; તેઓને આપણા સાચા મિત્રો સમજીએ. તેઓની નિ:સ્વાર્થ આપવાની ભાવનાથી કૃત્યજ્ઞતા અનુભવીએ. વારંવાર તેમના ધન્યવાદ કરીએ. વર્તમાન આપણા જ ઉલ્ટા કર્મોને કારણે પ્રકૃતિ તંગ થયેલ છે તો નિરંતર તેમને શુભભાવનાના વિચારો આપીએ અને તેમને તમોપ્રધાન થતી રોકવા પ્રયત્ન કરીએ.

**મૂલ્યોની મહેક**
■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

★ આપણી મિત્રતા સર્વ મનુષ્ય માત્ર સાથે હોવી જોઈએ. સર્વ પ્રત્યે સમભાવ રાખીએ. આપણે સૌ મનુષ્ય આત્માઓ આખરે તો એક જ પિતા પરમાત્માની સંતાન છીએ તો અંદરોઅંદર એકબીજાના ભાઈભાઈ થયા ને! તો કોઈને પણ આ જન્મમાં કે પાછલા જન્મોમાં સ્વયંના સ્વભાવ, સંસ્કારોના ભેદને કારણે પણ કોઈ દુ:ખ અપાયા હોય છે તો મનોમન તે અંગે સર્વની માફી પણ માંગીએ અને સર્વ પ્રત્યે શુભ ભાવના- શુભ કામના રાખીએ અને સર્વને માફ પણ કરી દઈએ. મિત્રતાની આ એક સાચી રીત એ છે કે કોઈના પણ અવગુણને કદી પણ ચિત્ત ન ધરીએ.

★ અને મિત્રતા પ્રભુ પરમાત્મા સાથેની હોવી જોઈએ કે જે અવિનાશી મિત્ર છે. સદા સાથ આપનાર છે. ભગવાન કે જે સર્વ શક્તિઓ, ગુણો, સર્વ પ્રાપ્તિઓ અને વરદાનો દ્વારા આપણને ભરપુર સુખ, શાંતિ આપનાર છે. તેની સાચી મિત્રતા રાખીએ. તેને સાચા દિલથી યાદ કરીએ. જ્યારે સર્વ આપણાથી મુખ ફેરવી લેશે ત્યારે ભગવાન જ સદા સાથી બની સાથ દેશે. તેના સાનિધ્યને કેળવીએ. તેની યાદ અને સ્નેહમાં સદા રમણ કરીએ.

# પહેલગામ કેસઃ આતંકવાદીઓથી બચવા ફોટોગ્રાફર ઝાડ પર ચડી ગયો હતો; વીડિયો મોટો પુરાવો

ગાંધીનગર,તા.૨૯

નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (NIA)એ ગઈ કાલે ઔપચારિક રીતે પહલગામ આતંકવાદી હુમલાની તપાસનો હવાલો સંભાળી લીધો હતો અને કાશ્મીરના સૌથી ભયંકર હત્યાકાંડ પાછળના ભયાનક ઘટનાક્રમને એકસાથે જોડી શકે એવી મહત્ત્વપૂર્ણ કડીઓ શોધી કાઢી છે.




તપાસ કરવામાં એક સ્થાનિક રીલ્સ-વિડિયોગ્રાફર ઉપયોગી સાબિત થઈ શકે એમ છે, કારણ કે હુમલા વખતે તે ઝાડ પર ચડીને માંડ-માંડ બચી ગયો હતો, તેણે હુમલાનો વિડિયો રેકોર્ડ કરવામાં સફળતા મેળવી હતી, જે હવે એજન્સીને હુમલાખોરોને ઓળખવામાં મદદ કરવા માટે મહત્ત્વપૂર્ણ સાબિત થઈ રહ્યો છે.

NIAની અનેક ટીમો ફોરેન્સિક ટીમો સાથે બૈસરન વેલીમાં પહોંચી હતી અને એ વિસ્તારની સંપૂર્ણ તપાસ કરી હતી. આ સ્થળે ૨૨ એપ્રિલે આતંકવાદીઓએ કરેલા ગોળીબારમાં ૨૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા.

ઘટનાસ્થળેથી મળી આવેલા ગોળીઓના શેલથી પુષ્ટિ મળી છે કે ત્યાકાંડમાં AK-47 રાઈફલ્સ અને M-4 કાર્બાઈનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તપાસકર્તાઓને શંકા છે કે હુમલાખોરો બે જૂથમાં વિભાજિત થયા હતા અને પીડિતોને નજીકથી નિશાન બનાવ્યા હતા.

વિડિયોગ્રાફર સિવાય પણ ઘણા પ્રત્યક્ષદર્શીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે. હુમલો થયો ત્યારે આ વિસ્તારમાં વેકેશન માણી રહેલા એક વરિષ્ઠ સુરક્ષા-અધિકારી પાસેથી પણ જાણકારી લેવામાં આવી રહી છે. આતંકવાદીઓ કોકરનાગનાં જંગલોથી બૈસરન વેલી સુધી પહોંચવા માટે ઘણા કલાકો સુધી પગપાળા ચાલ્યા હોવાની શકયતા છે. NIAની ટીમોએ આતંકવાદીઓની મોડસ ઑપરેન્ડીના સંકેતો માટે પ્રવેશ અને બહાર નીકળવાનાં સ્થળોની પણ તપાસ કરી હતી.



### આજનું ચિંતન

## પુસ્તકમાં માત્ર અક્ષર...

**પુસ્તકમાં માત્ર અક્ષર હોય છે, ખરી વસ્તુ તો બહાર સૃષ્ટિમાં છે. પુસ્તકમાં 'અશ્વ' લખ્યું હોય. તેનો અર્થ જોવા કોશ ઉઘાડીને જુએ તો કોશમાં લખ્યું હોય : અશ્વ એટલે ઘોડો. વિદ્યાર્થીને થાય કે અશ્વનો અર્થ કોશમાં આપ્યો છે. પરંતુ ખરૂ જોતા 'અશ્વ' શબ્દના અર્થ તો બહાર તબેલામાં ઉભો છે. તે કાંઈ કોશમાં સમાઈ શકે તેમ છે નહીં. કોશ માત્ર એટલું જ બતાવે છે કે 'અશ્વ' શબ્દનો એ જ અર્થ છે, જે 'ઘોડો' શબ્દનો છે. ખરેખર તે શું છે, તે તબેલામાં જઈને જોવું પડે. કોશમાં તો માત્ર પર્યાય શબ્દ મળે. પુસ્તકમાં અર્થ નથી રહેતો, અર્થ તો સૃષ્ટિમાં રહે છે. જયારે આ વાત સમજમાં આવશે. ત્યારે સાચા જ્ઞાનનો ચસ્કો લાગશે. સાચું જ્ઞાન સૃષ્ટિમાં છે. તેથી માણસ સાક્ષર હોય, છતાં તેનું જીવન નિરર્થક હોય એવું બને. બીજી બાજુ, માણસ નિરક્ષર હોય, છતાં તેનું જીવન સાર્થક હોઈ શકે. પુસ્તકમાં અક્ષર મળે છે. અર્થ જીવનમાં શોધવાના હોય છે.**

### આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧ : વીર સંવત- ૨૫૫૧, શાલિવાહન સંવત-૧૯૪૬
વૈશાખ સુદ-૩, તા.૩૦/૪/૨૫, બુધવાર

સૂર્યોદય : ૬-૧૭, સૂર્યાસ્ત : ૭-૧૦, જૈન નવકારશી : ૬.૦૫
રાશિ : વૃષભ (બ.વ.ઉ.) ૨૭.૧૪થી મિથુન (ક.છ.ઘ.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-મેષ, મંગળ-કર્ક, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મીન, ગુરૂ-વૃષભ, હર્ષલ-વૃષભ, પ્લુટો-મકર, શુક્ર-મીન, શનિ-મીન, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-વૃષભ


**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

### રાશીફળ

**મેષ :** નકારાત્મક વાંચનથી દુર રહેજો, નવા મિત્રો ઉપયોગી રહે, લગ્ન જીવનમાં મતભેદો ટાળવા, પ્રવાસ થાય.
**વૃષભ :** કર્જ લઈને કોઈ નવું સાહસ ન કરવું, નોકરીમાં લાભની આશા ફળવાની, માતુશ્રીથી લાભ રહે.
**મિથુન :** નોકરીમાં પ્રમોશનની તક મળવાની છે, સ્વાસ્થ્યમાં સુધારો થાય, આવકનું પ્રમાણ વધવાનું છે.
**કર્ક :** વડીલ વર્ગનો સહકાર મળવાનો છે, નોકરીમાં કોઈ પરિવર્તન કરવાથી દુર રહેજો, વિદેશથી લાભ.
**સિંહ :** નજીકની વ્યકિતઓ સાથે વાદ વિવાદ ટાળજો, મહત્વના નિર્ણયો બાબત ધીરજ રાખવી જરૂરી.
**કન્યા :** કાનુની પ્રશ્નોથી દુર રહેજો, મિલ્કતના પ્રશ્નોમાં લાભ રહે, તમારો પુરૂષાર્થ ફળવાનો છે, ઉત્સાહ રહેવાનો.
**તુલા :** દિવસ દરમ્યાન નવા સાહસો માટે કોઈની સલાહ લેજો, લગ્ન જીવનમાં મતભેદોથી દુર રહેવું જરૂરી રહે.
**વૃશ્ચિક :** નોકરીમાં મનગમતી ઓફર આવે, માતુશ્રીનો સાથ સહકાર સારો રહે, વ્યવસાય ક્ષેત્રે ફેરફારો શકય બને.
**ધન :** કારણ વગરના વિચારોને ટાળજો, વિજાતીય મિત્રતા ગાઢ બને, યાત્રા પ્રવાસમાં અનુકુળતાઓ રહેવાની.
**મકર :** પ્રયત્નો ફળવાના, અટકતા કાર્યોને વેગ મળવાનો, નોકરીમાં પગાર વધારો શકય બને, પ્રવાસ થાય.
**કુંભ :** વધુ પડતા ઉતાવળા ન થતા કાર્યક્ષેત્ર બાબત સાવધાની રાખવી, કર્મચારી વર્ગ સાથે સુમેળ રાખવો.
**મીન :** સંપતિના પ્રશ્નોને લઈને ટેન્શન રહે, નોકરીમાં કોઈ મનગમતી ઓફર આવે, યાત્રા પ્રવાસમાં સફળતા.

### મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



**આડી ચાવી**

૧. ફેબ્રુઆરી-૨૦૨૫માં અહીં ભૂકંપ આવ્યો (૪)
૩. કેરીનો રસ (૪)
૬. હૈદરાબાદનો ફિલ્મ સ્ટુડીયો (૫)
૮. આપણી માતૃભાષા (૪)
૧૧. આલિયા ભટ્ટની દિકરીનું નામ (૨)
૧૨. આનંદ પ્રમોદ (૨)
૧૩. જૈનોનું એક તીર્થ (૪)
૧૫. પરત મેળવવું-અંગ્રેજી (૪)
૧૭. ...અનુરાગ (૨)
૧૮. ઘરમાં સુખ, શાંતિ અને સમૃધ્ધિ માટેનું શાસ્ત્ર (૨)
૧૯. ફિલ્મ : સાવન ... (૨)
૨૦. આર્ટીસ્ટ (૪)
૨૩. સૂર્ય (૨)
૨૫. એક વતા એક (૧)
૨૬. એ ઓઢાડી સન્માન થાય (૨)
૨૮. એર એરનું ગુજરાતી (૪)
૨૯. આ ... વિ ... (૨)
૩૦. કબ્રસ્તાનમાં શું હોય ? (૩)

**ઉભી ચાવી**

૧. વધારે પડતો થાક (૩)
૨. છેતરી જનારો (૩)
૩. રાજકોટની નદી (૨)
૪. હેરામ-ઉંધુ લખો (૩)
૫. અવાજ, પગ ... (૨)
૬. એક જ અક્ષર આવશે (૩)
૭. બિહારનું એક જંકશન (૪)
૯. આજીવન કારાવાસની ... (૨)
૧૦. ભૂગર્ભ માર્ગ (૩)
૧૨. પાણીનો ભાલ ઉભુ કરતું (૪)
૧૩. સુરત નજીકના ચાર રસ્તા (૪)
૧૪. આયુષ્ય રેખા (૪)
૧૬. સાઇઠ મીનીટ (૩)
૨૧. જવાબ નથી એવું (૪)
૨૨. રાજાશાહી ઠાઠવાળુ (૪)
૨૪. મહાકાય, મોટુ (૩)
૨૫. એક વતા એક (૧)
૨૭. સપનું, સ્વપ્ન, ડ્રિમ (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સી | મા | ક | પુ | ર | | રા | | મા | મી |
| મં | ત | ર | | ટ | ક | રા | મ | ણ | |
| ધ | | વે | ચા | ણ | વે | રો | | સા | પ |
| ર | | રા | વી | | ળા | | રા | ઈ | સ |
| સ્વા | ન | | | જી | | સ | જા | | |
| મી | ત | ભા | ષી | | ક | લા | | હ | જ |
| | મ | ગ | | ધા | | મ | | ળ | |
| મ | સ્ત | | જ | ન | મ | ત | | વ | બ |
| હે | ક | રે | | | | | વા | દ | ળ |
| લ | | વિ | જ | ય | આ | નં | દ | | દ |

# છેલ્લા ૧૦ વર્ષોમાં અક્ષય તૃતીયા પર સોનાના રોકાણમાં આપ્યો ત્રણ ગણો નફો

## સોનામાં એક વર્ષમાં ૩૦ ટકાથી વધુ વળતર : કોરોના સમયગાળા દરમિયાન રોકાણકારોએ સૌથી વધુ ૪૭ ટકા નફો કર્યો



નવી દિલ્હી, તા.૨૯

અક્ષય તૃતીયા પર સોનું ખરીદવું શુભ માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે જો આ દિવસે કોઈ પણ વસ્તુની ખરીદી કરવામાં આવે તો તેમાં સતત વધારો થાય છે. મળતી માહિતી મુજબ છેલ્લા ૧૦ વર્ષોમાં અક્ષય તૃતીયાના દિવસે ખરીદવામાં આવેલા સોનાથી રોકાણકારોને ત્રણ ગણો નફો થયો છે.

**કિંમતોમાં રેકોર્ડ વધારોઃ** વર્ષ ૨૦૧૪માં અક્ષય તૃતીયાના અવસર પર ૨૪ કેરેટ સોનાની કિંમત ૩૦,૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામની આસપાસ હતી. હાલમાં, ૨૦૨૫માં આ કિંમત વધીને ૯૮,૪૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થઈ ગઈ છે. આ ત્રણ ગણાથી વધુનો વધારો છે. આ ૧૦ વર્ષમાં બે એવા પ્રસંગો બન્યા છે જ્યારે સોનાએ એક વર્ષમાં ૩૦ ટકાથી વધુ વળતર આપ્યું છે. કોરોના સમયગાળા દરમિયાન, તેણે રોકાણકારોને સૌથી વધુ ૪૭ ટકા નફો કર્યો હતો. તે જ સમયે, છેલ્લા વર્ષમાં તેને લગભગ ૩૪% નું ઉત્તમ વળતર મળ્યું છે.

### અક્ષય તૃતીયા પર દર વર્ષે વધતા ભાવ

| વર્ષ. | ભાવ. | તફાવત. | નફો અને નુકસાન (% માં) |
|---|---|---|---|
| ૨૦૨૫. | ૯૮,૪૦૦. | ૨૫,૧૬૦. | ૩૪.૩૦ |
| ૨૦૨૪. | ૭૩,૨૪૦. | ૧૩,૬૧૮. | ૨૧.૯૮ |
| ૨૦૨૩. | ૫૯,૬૨૨. | ૮,૮૧૪. | ૧૭.૩૫ |
| ૨૦૨૨. | ૫૦,૮૦૮. | ૨,૯૯૨. | ૬.૨૬ |
| ૨૦૨૧. | ૪૭,૮૧૬. | ૧,૨૮૯. | ૨.૭૭ |
| ૨૦૨૦. | ૪૬,૫૨૭. | ૧૪,૬૫૪. | ૪૫.૯૮ |
| ૨૦૧૯. | ૩૧,૮૭૩. | ૩૩૯. | ૧.૦૮ |
| ૨૦૧૮. | ૩૧,૫૩૪. | ૨૦૨૦. | ૬.૮૪ |
| ૨૦૧૭. | ૨૯,૫૧૪. | -૨૯૧. | -૦.૯૮ |
| ૨૦૧૬. | ૨૯,૮૦૫. | ૨,૮૬૯. | ૧૦.૬૫ |
| ૨૦૧૫. | ૨૬,૯૩૬. | -૩,૨૪૬. | -૧૧ |
| ૨૦૧૪. | ૩૦,૧૮૨ | | |

### ભાવમાં વધઘટ શક્ય છે

નિષ્ણાતોના મતે ટ્રમ્પના ટેરિફ અને અમેરિકા અને ચીન વચ્ચે વધતા વેપાર તણાવને કારણે સોનાના ભાવ પર અસર થઈ રહી છે. જો વિશ્વભરમાં વેપાર તણાવ વધુ વધે તો એક વર્ષમાં સોનાની કિંમત રૂ. ૧.૨૫ લાખને પાર કરી શકે છે.

### મોટા ઘટાડાનો દાવો પણ

સોનાની ખાણકામ સાથે સંકળાયેલી વિશ્વની સૌથી મોટી કંપની સોલિડકોર રિસોર્સિસે દાવો કર્યો છે કે જો વેપારમાં તણાવ ઓછો થશે તો ૧૨ મહિનામાં સોનાના ભાવ ઘટીને ૨૫૦૦ ડોલર પ્રતિ ઔંસ થઈ શકે છે. ભારતમાં સોનું રૂ.૭૦,૦૦૦ના સ્તરે પહોંચી શકે છે.

## ચાંદીએ ૧૩% કરતા વધુ વળતર આપ્યું

### લાંબા ગાળાનો આઉટલૂક મજબૂત, ટેરિફ ટેન્શન ઘટે તો ભાવ વધી શકે છેઃ એક્સપર્ટ

### 'જો યુએસ-ચીન તણાવ ઓછો થાય તો ચાંદી ફરી રૂ. ૧,૦૦,૦૦૦ની આસપાસ પાછી આવી શકે છે.'

નવી દિલ્હી:

ટેરિફ વિશે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની જાહેરાતોથી વૈશ્વિક અનિશ્ચિતતા વધી છે અને સોનામાં રેકોર્ડ બ્રેક વધારો થયો છે, આ વર્ષે અત્યાર સુધીમાં ચાંદીમાં ૧૩% થી વધુનો વધારો થયો છે. નિષ્ણાંતોનું કહેવું છે કે હાલમાં તેમાં નરમાઈ જોવા મળી રહી છે, પરંતુ જો આગામી સમયમાં ટેરિફ સંબંધિત તણાવ ઘટશે તો ચાંદીમાં વધુ ઉછાળો આવવાની શક્યતા છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં ૩૩.૧૦ ડોલર પ્રતિ ઔંસના વર્તમાન સ્તર સાથે આ વર્ષે અત્યાર સુધીમાં ચાંદીના ભાવમાં ૧૩.૫%નો વધારો થયો છે. થોડા દિવસો પહેલા રૂ. ૧ લાખનો આંકડો પાર કર્યા પછી, સોમવારે દિલ્હીમાં ભાવ રૂ. ૯૮૫૦૦ પ્રતિ કિલો હતો.

કેડિયા ફિનકોર્પના સ્થાપક નીતિન કેડિયાએ કહ્યું, 'સોમવારે એમસીએક્સ પર ચાંદીની કિંમત ૯૬,૧૨૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામની આસપાસ ટ્રેડ થઈ રહી હતી. થોડા અઠવાડિયા પહેલા તે આશરે રૂ. ૧,૦૧,૦૦૦ ની ઊંચી સપાટીએ હતો, પરંતુ યુએસ અને ચીન વચ્ચે વધતા વેપાર તણાવને કારણે વૈશ્વિક અર્થવ્યવસ્થા ધીમી પડી જવાની ચિંતા વધી હતી. આ કારણે રોકાણકારોએ ઔદ્યોગિક ધાતુઓને ટાળવાનું શરૂ કર્યું અને ચાંદીના ભાવમાં ઝડપથી ઘટાડો થયો.

ચાંદીનો ઉપયોગ ઔદ્યોગિક હેતુઓમાં મોટા પ્રમાણમાં થાય છે. ભારતમાં પણ લગભગ ૬૦% ચાંદી આયાત કરવામાં આવે છે. સિલ્વર ઇન્સ્ટિટ્યૂટ ઓફ ન્યૂ યોર્કના રિપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૨૪માં વૈશ્વિક ઔદ્યોગિક માંગ રેકોર્ડ ૬૮૦.૫ મિલિયન ઔંસ હતી અને ભારતમાં ઔદ્યોગિક વપરાશમાં ૪%નો વધારો થયો છે. જો કે, આ વર્ષે એકંદર માંગમાં ૧%નો ઘટાડો થઈ શકે છે.

સંસ્થાએ સોનાથી ચાંદીના ગુણોત્તરને પણ ટાંક્યો છે, જે છેલ્લા કેટલાક મહિનામાં ૧૦૦ને વટાવી ગયો છે. છેલ્લા ૧૦ વર્ષથી તેની સરેરાશ ૮૫ છે. રિપોર્ટ અનુસાર, જો આ ગુણોત્તર ઊંચો હશે તો ચાંદી અપ્રાકૃતિક બની શકે છે કારણ કે રોકાણકારો ચાંદીને અંડર વેલ્યુમા ગણી શકે છે.

### ૨૦૩૩ સુધીમાં માંગ ૪૬% વધી શકે છે'

નીતિન કેડિયાએ કહ્યું, 'અમારા મતે ચાંદીનું આગામી મજબૂત સપોર્ટ લેવલ રૂ. ૯૦,૦૦૦ની આસપાસ છે. તેનો બીજો સંરક્ષણ આશરે રૂ. ૮૬,૦૦૦ છે. જો યુએસ-ચીન તણાવ ઓછો થાય તો ચાંદી ફરી રૂ. ૧,૦૦,૦૦૦ની આસપાસ પાછી આવી શકે છે. જો કે, કોઈપણ નવા અવરોધ અથવા કડક પગલાંને કારણે, કિંમત ૯૦,૦૦૦ રૂપિયાથી નીચે જઈ શકે છે. તેમણે કહ્યું, '૨૦૩૩ સુધીમાં એકંદરે માંગ ૪૬% વધી શકે છે. વિશ્વભરમાં ચાંદીના જાણીતા સ્ત્રોતો અનુસાર, હવે માત્ર ખાણકામ દ્વારા લગભગ ૫ લાખ ૩૦ હજાર ટન ચાંદી મેળવી શકાય છે. આ સમીકરણને કારણે ચાંદીના ભાવ લાંબા ગાળે ઊંચા સ્તરે રહેવાની શક્યતા છે.

તે જ સમયે કેડિયા સ્ટોક્સ એન્ડ કોમોડિટી રિસર્ચ પ્રાઈવેટ લિમિટેડના રિસર્ચ એનાલિસ્ટ અમિત ગુપ્તાએ જણાવ્યું હતું કે, 'રોકાણનું વલણ મજબૂત છે, પરંતુ જિયોપોલિટિકલ ટેન્શન અને ટેરિફ વોરના કારણે ઔદ્યોગિક માંગને અસર થઈ શકે છે. એકંદરે, ૨૦૨૫ માં ચાંદી માટેનો અંદાજ મિશ્ર લાગે છે.

## જ્વેલર્સ દ્વારા અક્ષય તૃતીયા પર ગ્રાહકો માટે મોટી ઑફર્સ

### મેકિંગ ચાર્જ અને સોનાની કિંમત પર ડિસ્કાઉન્ટ

નવી દિલ્હી: સોનાના ભાવ ભલે આસમાનને આંબી રહ્યા હોય, પરંતુ અક્ષય તૃતીયાના અવસર પર, ઝવેરાતની દુકાનો ગ્રાહકોને આકર્ષવા માટે મેકિંગ ચાર્જ અને સોનાના ભાવ પર ભારે ડિસ્કાઉન્ટ ઓફર કરી રહી છે. અક્ષય તૃતીયા બુધવારે છે. આ અવસર પર સોનું ખરીદવું એ શુભ દિવસ માનવામાં આવે છે. તનિષ્ક, સેન્કો, એમપી જ્વેલર્સ અને પીસી ચંદ્ર જ્વેલર્સ જેવી બ્રાન્ડ્સે ઘણી બધી ઓફરો લોન્ચ કરી છે.

કલ્યાણ જ્વેલર્સ ગોલ્ડ જ્વેલરી કલેક્શનમાં મેકિંગ ચાર્જીસ પર ૫૦% સુધીનું ડિસ્કાઉન્ટ ઓફર કરે છે. તનિષ્ક ગોલ્ડ મેકિંગ ચાર્જીસ પર ૨૦% સુધીનું ડિસ્કાઉન્ટ ઓફર કરી રહ્યું છે. સેનકો સોનાની કિંમત પર ૩૫૦ રૂપિયાનું ફ્લેટ ડિસ્કાઉન્ટ અને મેકિંગ ચાર્જ પર ૩૦% સુધીની છૂટ ઓફર કરી રહી છે. ડાયમંડ જ્વેલરી પર મેકિંગ ચાર્જીસ પર ૧૦૦% ડિસ્કાઉન્ટ અને કિંમત પર ૧૫% સુધી ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે.

એમપી જ્વેલર્સ સોનાના દાગીના પર પ્રતિ ગ્રામ રૂ. ૩૦૦નું ડિસ્કાઉન્ટ અને મેકિંગ ચાર્જીસમાં ૧૦% ઘટાડો ઓફર કરે છે. ડઈ જ્વેલર્સ સોનાની કિંમત પર પ્રતિ ગ્રામ રૂ. ૨૦૦નું ડિસ્કાઉન્ટ, મેકિંગ ચાર્જ પર ૧૫% ડિસ્કાઉન્ટ અને હીરાની ખરીદી પર ૧૦% ડિસ્કાઉન્ટ ઓફર કરે છે. અંજલિ જ્વેલર્સના ડિરેક્ટરે કહ્યું કે અમને આશા છે કે અક્ષય તૃતીયા ખૂબ જ સારી રહેશે, કારણ કે સોનામાં ગ્રાહકોનો વિશ્વાસ અકબંધ છે. તેમણે કહ્યું કે સોનાના આ ક્રેઝનો લાભ લેવા માટે અમે મેકિંગ ચાર્જ પર ડિસ્કાઉન્ટ આપી રહ્યા છીએ જેથી ગ્રાહકો ને ખરીદીનો અનુભવ વધુ સારો બને. સેનકો ગોલ્ડના એમડી અને સીઈઓ સુવકર સેને જણાવ્યું હતું કે સોનાના ભાવમાં વધારો થવાને કારણે વેચાણમાં ઘટાડો થયો છે, પરંતુ શુભ પ્રસંગોએ ખરીદીનો ટ્રેન્ડ ચાલુ રહેશે. અમે વેડિંગ જ્વેલરીની કિંમતમાં ૨૫-૩૦% ઘટાડો કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. આ માટે મોતી અને પત્થરોનો ઉપયોગ કરીને સોનાની માત્રામાં ઘટાડો કરવામાં આવી રહ્યો છે.



(તસ્વીર : પંકજ શીશાંગીયા)

## રાજકોટમાં શનિવારે 'પનાશ લિવિંગ' - પ્રીમિયમ લકઝરી હાર્ડવેર હબનું ઉદ્દઘાટન

### ટાગોર રોડ પર ૬૫૦૦ સ્કવેર ફૂટનો વિશાળ શોરૂમ : હાર્ડવેર સંબંધિત તમામ પ્રોડક્ટ એક જ છત નીચે મળશે : સૌરાષ્ટ્રમાં સૌપ્રથમ કોન્સેપ્ટ

panache LIVING
PREMIUM & LUXURY HARDWARE HUB

### મોડ્યુલર કિચન, મોડ્યુલર વોર્ડરોબ, વિનિયર-સન્માઈકા જેવા સરફેસ, તમામ હાર્ડવેર ફિટિંગ, એલ્યુમિનિયમ વિન્ડો ફિટિંગ અને પાર્ટિશન માટેની વિશાળ રેન્જ ઉપલબ્ધ : કસ્ટમાઈઝ પણ કરાવી શકાશે

રાજકોટ : શહેરમાં નવા નવા કોન્સ્પેટ ધરાવતા સ્ટોર - શોરૂમ હાલ ખુલતા જાય છે. ત્યારે આગામી શનિવાર ૩ મેના રોજ પ્રીમિયમ અને લકઝરી હાર્ડવેર સ્ટોર 'પનાશ લિવિંગ'નું ઉદઘાટન થશે. આ એક એવો મોલ છે જ્યાં હાર્ડવેર સંબંધિત તમામ પ્રોડક્ટ એક જ છત નીચે ઉપલબ્ધ બનશે, અને સૌરાષ્ટ્રમાં સૌપ્રથમ વખત આ કોન્સ્પેટ સાથે નવો મોલ ખુલી રહ્યો છે. મોડ્યુલર કિચન, મોડ્યુલર વોર્ડરોબ, વિનિયર - સન્માઈકા જેવા સરફેસ, તમામ હાર્ડવેર ફિટિંગ, એલ્યુમિનિયમ વિન્ડો ફિટિંગ અને પાર્ટિશન માટેની વિશાળ રેન્જ ઉપલબ્ધ અહીં બનશે. 'પનાશ લિવિંગ'ના ડાયરેક્ટર શ્રી સોમેશ મલિક દ્વારા 'સાંજ સમાચાર'ની મુલાકાત વખતે જણાવવામાં આવ્યું કે રાજકોટ કે સૌરાષ્ટ્રમાં જે હાલ નથી ઉપલબ્ધ તેવા પ્રોડક્ટ અને કેટેગરી અમે લઈને આવ્યા છીએ. ખાસ કરીને મોડ્યુલર કિચન અને મોડ્યુલર વોર્ડરોબ માટે અમે કસ્ટમાઈઝ કરીએ છીએ, જેમાં ૧૦ લાખ થી ૧ કરોડ સુધીના કિચન કે વોર્ડરોબ બનાવવા હોય તો પણ થઈ શકે છે. તમામ કલાઈન્ટ સાથે અમારા એક્ઝિક્યુટિવ રહેશે અને તેમની જરૂરિયાત પ્રમાણે ડિઝાઇન અને સર્વિસ ઉપલબ્ધ કરશે.

રાજકોટની કંપની રૂપરાંત વિદેશી નામાંકિત બ્રાન્ડ પણ ઉપલબ્ધ : રાજકોટ હાર્ડવેર મેન્યુફેક્ચરિંગમાં હબ છે અને અહીંયા હાલ ૩૦૦૦ જેટલી ફેકરી કાર્યરત છે. ત્યારે છેલ્લા ૨૫ વર્ષથી આ ઇન્ડસ્ટ્રીનો અનુભવ ધરાવતા સોમેશ માલિકે જણાવ્યું કે અમે અત્યાર સુધી ક્યુબા બ્રાન્ડથી હાર્ડવેર પ્રોડક્ટ સેલ કરીએ છીએ. અને આ ઉપરાંત વિટોરિયા કંપનીમાં અમે મેન્યુફેક્ચરિંગ કરીએ છીએ. અમારી પાસેથી ગોદરેજ સહિત વિશ્વની નામાંકિત કંપનીઓએ બનાવડાવે છે. અમે ઓઈએમ કરીએ છીએ. ત્યારે અમારો અનુભવ તો આ મોલમાં જોવા મળશે, પરંતુ આ ઉપરાંત હેતીચ, હેફલે જેવી વિદેશી નામાંકિત કંપનીઓના પણ પ્રોડક્ટ ઉપલબ્ધ કરીશું. આ સાથે રાજકોટમાં આ પ્રકારનો શોરૂમ ક્યારેય બન્યો નહી હોય. ખાસ કરીને જ્યારે કોઈ કલાઈન્ટ આવે છે તો તેને એક જ સ્થળે થી તેની પસંદગી મળશે તેવો સ્ટોર અમે કરીએ છે.

'પનાશ લિવિંગ' - પ્રીમિયમ અને લકઝરી હાર્ડવેર હબના ડાયરેક્ટર તરીકે સોમેશ મલિક, યુગ મલિક, જીતેન્દ્ર કાકડીયા, વિરાજ મેહતા, સંજયભાઈ લુણાગરિયા, ચિરાગ શાહ, મુકેશ કાકડીયા, નીરવ લુણાગરિયા અને નેવિલ કાકડીયા કાર્યરત છે. ક્રેડાઈ રાજકોટ બિલ્ડર્સ એસોસિએશન, ઇન્ટિરિયર ડિઝાઈનર ઇન્સ્ટિટ્યૂટ અને આર્કિટેક્ટ ઇન્સ્ટિટ્યૂટનો પણ આ નવા કોન્સ્પેટને સપોર્ટ મળી રહ્યો છે. ત્રીજી મે, શનિવારથી ટાગોર રોડ પર આ મોલ ખુલ્લો મૂકાશે. (મોબાઇલ : ૯૮૯૮૧ ૧૬૯૨૪)

## અંબાણી પર ધનવર્ષાઃ સોમવારે શેરબજારમાં તેજીથી સંપત્તિ અધધધ રૂ।.૪,૪૨,૮૨,૮૩,૬૦,૦૦૦ વધી



### દુનિયાના સૌથી ધનવાન તરીકે અમેરિકાના એલન મસ્ક ૩૩૫ અબજ ડોલરની નેટવર્થ સાથે અવ્વલઃ અંબાણી ૧૭માં ક્રમે, અદાણી ૨૦માં ક્રમે

નવીદિલ્હી તા.૨૯

સપ્તાહના પહેલા દિવસે સોમવારે ઘરેણુ શેર માર્કેટમાં ઘણી તેજી રહી હતી. બીએસઈ સેન્સેક્સ ૧૦૦૦ અંકથી વધુ તેજી સાથે બંધ થયો હતો. આ દરમિયાન દેશની સૌથી વેલ્યુએબલ કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરોમાં ઘણા દિવસો બાદ ઘણી તેજી રહી હતી. બીએસઈ પર કંપનીના શેર ૫.૨૭ ટકા તેજી સાથે બંધ થયા હતા. આ તેજીથી કંપનીના ચેરમેન મુકેશ અંબાણીની નેટવર્થ ૫.૨૦ અબજ ડોલર અર્થાત રૂ।.૪,૪૨,૮૨,૮૩,૬૦,૦૦૦ની તેજી સાથે ૯૯.૨ અબજ ડોલરે પહોંચી ગઈ છે. આ વર્ષની તેમની નેટવર્થમાં ૮.૫૮ અબજ ડોલરની તેજી આવી છે અને તેઓ દુનિયાના અમીરોના લિસ્ટમાં ૧૬માં નંબરે છે.

અમેરિકાનના એલન મસ્ક ૩૩૫ અબજ ડોલરની નેટવર્થ સાથે આ લિસ્ટમાં પહેલા નંબરે યથાવત છે. સોમવારે તેમની નેટવર્થમાં ૬૬.૫ કરોડ ડોલરનો વધારો થયો હતો. આ વર્ષની તેમની નેટવર્થમાં સૌથી વધુ ૯૭.૧ અબજ ડોલરનો ઘટાડો થયો છે. આ લિસ્ટમાં એમેઝોનના ફાઉન્ડર જેફ (૨૦૯ અબજ ડોલર) બીજા ક્રમે અને ફેસબુકની પેરેન્ટ કંપની મેટા પ્લેટફોર્મના સીઈઓ માર્ક ઝકરબર્ગ (૧૯૫ અબજ ડોલર) ત્રીજા સ્થાને, જાણીતા ઈન્વેસ્ટર વોરેન બફેટ (૧૬૬ અબજ ડોલર) ચોથા ક્રમે અને બિલ ગેટ્સ (૧૬૨ અબજ ડોલર) સાથે પાંચમા ક્રમે છે. ભારતના ત્રીજા મોટા ઔદ્યોગિક ઘરાના અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી ૭૭.૫ અબજ ડોલરની નેટવર્થ સાથે આ લિસ્ટમાં ૨૦માં ક્રમે છે. સોમવારે તેમની નેટવર્થમાં ૧.૪૮ અબજ ડોલરની તેજી આવી હતી. જોકે આ વર્ષે તેમની નેટવર્થમાં ૧.૨૨ અબજ ડોલરનો ઘટાડો થયો હતો. એશિયાઈ અબજોપતિઓની લિસ્ટમાં અંબાણી પહેલા અને અદાણી બીજા ક્રમે છે.







### શેરબજારમાં મંદી ઉથલપાથલ છતાં રોકાણકારોનો પ્રવાહ અડિખમ

## 'ડર કે આગે જીત!' ગુજરાતમાં ૧૩.૨૪ લાખ નવા ઈન્વેસ્ટરો

### ઈન્વેસ્ટરોની સંખ્યામાં ઉમેરાનો નવો રેકોર્ડઃ અમદાવાદ તથા સુરત મોખરે



અમદાવાદ તા.૨૯

શેરબજારમાં કેટલાક મહિનાઓથી તેજી-મંદીની મોટી ઉથલપાથલ છતાં પણ ગુજરાતીઓની હિંમત ડગમગી નથી જોખમ લેવામાં કયારેય પાછીપાની નહીં કરનારા ગુજરાતીઓએ શેરબજારમાં ઝંપલાવવાનું ચાલુ જ રાખ્યુ હોય તેમ છેલ્લા એક વર્ષમાં રેકોર્ડબ્રેક ૧૭.૨૪ લાખ ઈન્વેસ્ટરોનો ઉમેરો થયો છે.કોઈપણ એક વર્ષની આ સૌથી મોટી સંખ્યા છે. ગુજરાતમાં ઈન્વેસ્ટરોની કુલ સંખ્યા ૯૯ લાખને પાર થઈ છે.

નેશનલ સ્ટોક એકસચેંજના રીપોર્ટ મુજબ નવા ઈન્વેસ્ટરોની સંખ્યાની દ્રષ્ટિએ દેશભરમાં ગુજરાત ત્રીજા સ્થાને છે. ઉત્તરપ્રદેશ તથા મહારાષ્ટ્ર પછી ત્રીજો ક્રમ ધરાવે છે. યુવાવર્ગ તથા મહિલા ઈન્વેસ્ટરોની સંખ્યામાં મોટો વધારો છે.ટેકનોલોજી સરળ બનવાથી ડીમેટ ખાતાઓમાં મોટો વધારો થયો છે.પ્રાયમરી માર્કેટમાં આઈપીઓની વણઝારથી ઈન્વેસ્ટરો વધુ આકર્ષિત થયા હતા. છેલ્લા છ મહિનામાં મંદી અને ઉથલપાથલથી ઈન્વેસ્ટરોનાં વૃધ્ધિદરમાં બ્રેક લાગી હોવા છતા વાર્ષિક ધોરણે ઉમેરો રેકોર્ડબ્રેક સ્તરે છે.

૨૦૨૭ ના નાણાં વર્ષમાં ૮.૩૦ લાખ ૨૦૨૪ માં ૧૪.૩૯ લાખ તથા ગત વર્ષમાં ૧૭.૨૪ લાખ નવા ઈન્વેસ્ટરો ઉમેરાયા હતા.

દેશમાં વાર્ષિક ધોરણે સૌથી વધુ ૨૦.૬ લાખ ઈન્વેસ્ટરોનો વધારો ઉત્તર પ્રદેશમાં હતો તેનો કુલ હિસ્સો ૧૪.૧ ટકા થયો હતો. મહારાષ્ટ્રમાં ૨૬.૨ ટકા નવા ઈન્વેસ્ટરો નોંધાયા હતા.

રીપોર્ટ મુજબ કુલ નવા ઈન્વેસ્ટરોમાં ૩૩.૪ ટકા ત્રણ રાજયોમાં જ નોંધાયા હતા.

નવા ઈન્વેસ્ટરોએ સૌથી વધુ વૃધ્ધિદર ધરાવતા ટોપ-ટેન રાજયોમાં ૪૯ ટકાના વધારા સાથે આંધ્રપ્રદેશ નંબરવન હતું.ગુજરાતમાં ૧૯.૮ ટકા તથા તામીલનાડુમાં ૧૮.૫ ટકાનો વૃધ્ધિદર હતો.

ગુજરાતમાં નવા ઈન્વેસ્ટરોની સંખ્યામાં અમદાવાદ તથા સુરતનો સિંહફાળો હતો. અમદાવાદમાં ૨.૯૩ લાખ તથા સુરતમાં ૨.૯૦ લાખ નવા ઈન્વેસ્ટરો હતા દેશના ટોપ-૧૦ શહેર જીલ્લામાં પણ સુરત-અમદાવાદ સામેલ છે.

## વાલીઓ ચેતેઃ ઓનલાઈન ગેમ્સ, સ્નેપચેટથી તમારા બાળકો બદનામ થશે !

# MBAની છાત્રા સાથે પબ્જી ગેમમાં રમવા આવેલ શખ્સે ફોટા મોર્ફ કરી ન્યૂડ બનાવી વાયરલ કર્યા

### પાંચેક મહિના પહેલાં ગેમ્સ રમતી વખતે મધ્યપ્રદેશના શખ્સ સાથે પરિચય થયો, બાદમાં સ્નેપચેટ અને મોબાઈલ નંબર આપી વાતચીત શરૂ કરી

### સંબંધમાં ભંગાણ થતાં યુવતી સહિત તેના માતા-પિતાના ફોટા સાથે બિભત્સ લખાણ કરી ફોટા ફરતાં કર્યાઃ યુની. પોલીસ મથકમાં ગુનો નોંધાયો, પીઆઈ એચ.એન.પટેલે તપાસ આદરી

રાજકોટ. તા.૨૯

હાલનો સમય ડિજિટલનો છે અને ખાસ તરૂણો, યુવાનોને વાલીઓ નાની નાની ઉંમરે મોબાઈલ આપી દેતાં હોય અને ખાસ કરી સગીર બાળકો તેમજ યુવાનો-યુવતીઓ ઓનલાઈન ગેમ્સ રમવાના શોખીન બની જતાં હોય છે અને તેના માઠા પરિણામ ભોગવવા પડતાં હોય છે.

તેવો જ એક કિસ્સો રાજકોટમાં સામે આવ્યો છે. એમબીએની છાત્રા સાથે પબ્જી ગેમમાં રમવા આવેલ મધ્યપ્રદેશના શખ્સે તેણીના ફોટા મોર્ફ કરી ન્યૂડ બનાવી વાયરલ કર્યા હતાં. તેટલું જ નહીં યુવતીના માતા-પિતાના ફોટા સાથે પણ રમત રમી બીભત્સ લખાણ લખી વાયરલ કરતાં યુની. પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે ૧૫૦ ફૂટ રીંગરોડ પર રહેતી ૨૨ વર્ષીય યુવતીએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે ઈન્સ્ટાગ્રામ આઈડી વાપરનાર તેમજ બે અલગ અલગ મોબાઈલ નંબર ધારકના નામ આપી જણાવ્યું હતું કે, તેણી એમબીએમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરે છે. તેણી આઈફોન ૧૪ પ્રો ઉપયોગ કરે છે. તેમાં BATTLEGROUNDS MOBILE INDIA (પબ્જી) નામની મોબાઈલ ગેમ્સ ચારેક વર્ષ પહેલા ડાઉનલોડ કરેલ હતી. તેણી ગેમ્સ રમતી હતી, જે ગેમ્સ ગ્રુપ બનાવીને રમવાની હોય જેથી તેમાં અલગ-અલગ રાજ્યના લોકો ઓનલાઈન ગેમ્સ રમતા હોય છે.



પ્રતિકાત્મક તસવીર

પાંચેક માસ પહેલા તેણી ઓનલાઈન ગેમ્સ રમતી હતી ત્યારે WALKER નામ વાળી વ્યક્તિ તેમની સાથે ગેમ્સ રમવા માટે જોઈન થયેલ અને તે બાદ WALKER નામ વાળી વ્યક્તિ સાથે અવાર-નવાર ઓનલાઈન ગેમ્સ રમતા હોય જેથી તેની સાથે મિત્રતા થતા તેણીએ પોતાનું સ્નેપચેટ આઈડી તે શખ્સને આપેલ હતું.

જે સ્નેપચેટ આઈડીમાં બંને અવારનવાર વાતો કરતાં હતાં અને બાદમાં તેણીએ પોતાનો મોબાઈલ નંબર પણ આપેલ હતો. સામેવાળા શખ્સે પોતાનું નામ અક્ષીત શર્મા (રહે. જબલપુર, મધ્યપ્રદેશ) હોવાનું જણાવી મોબાઈલ નં. ૯૦૯૮૧૯૯૪૮૪ તથા ૭૩૮૯૨૯૧૭૯૬ આપેલ હતા. બંન્ને નંબરમાં અક્ષીત શર્મા સાથે અવાર-નવાર વોટસએપમાં વાતચીત કરતા હતાં. તેણીને તે શખ્સ સાથે મિત્રતા કેળવાઈ જતા પોતાના ફોટા અક્ષીત શર્માને મોકલેલ હતા.

ત્યારબાદ તેણીને ગેમ્સ રમતી વખતે બોલાચાલી થતા તેણીએ અગાઉ અક્ષીત શર્માને મોકલેલ પોતાના ફોટા તેણે ઈન્સ્ટાગ્રામ આઈડી પર વાઈરલ કરેલ અને BATTLEGROUNDS MOBILE INDIA ગેમ્સમાં અક્ષીત શર્માના મિત્રોને પણ તેણીના ફોટા વાઈરલ કરવા કહેતો હતો અને તેના ઓનલાઈન ગેમ્સના મિત્રોની ઈન્સ્ટાગ્રામ આઈડી પર વાયરલ કરેલ હતાં. જેથી તેણીએ સીઆઈડી ક્રાઈમ અરજી કરી હતી.

જે બાદ અક્ષીત શર્માએ ફરીથી તેણીના તેમજ પિતા અને માતાના ફોટો ઓનલાઈન મેળવી BATTLEGROUNDS MOBILE INDIA ગેમ્સમાં તેણીનો ન્યુડ ફોટો મોર્ફ કરી વાઈરલ કરેલ હતો. જે મામલે કારણ અંગે યુવતીએ જણાવ્યું હતું કે, તેઓ એક બીજના મિત્ર હોય અને તેની સાથે વાતચિત કરવાનું બંધ કરી દેતા તેનો ખાર રાખી તેણીના મોર્ફ કરેલ ન્યુડ ફોટા વાયરલ કરેલ છે અને તેની સાથે સંબંધ નહી રાખે તો હજુ ન્યુડ ફોટા બનાવી વાયરલ કરવાની ધમકી આપી સોસીયલ મીડીયા મારફત અવાર-નવાર મેસેજ કરી બદનામ કરવાની ધમકી આપી ફોટામા એડીટીંગ કરી ન્યુડ ફોટા બનાવી હેરાનગતી કરતા ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી યુની. પોલીસે ગુનો નોંધી પીઆઈ એચ.એન.પટેલ અને ટીમે તપાસ આદરી હતી.

### ઓનલાઈન ગેમ્સમાં ભારતભરમાંથી લોકો જોડાય છે, અપરિચિત શખ્સ સાથે સબંધ બનાવવો કેટલો વ્યાજબી ?

રાજકોટ. તા.૨૯

રાજકોટમાં એમબીએની છાત્રા સાથે ગેમ્સ રમતાં મધ્યપ્રદેશના શખ્સે પરિચય કેળવ્યા બાદ સંબંધમાં ખટાશ આવતાં યુવતીના ન્યૂડ ફોટા વાયરલ કરવાના બનાવમાં જે ઓનલાઈન ગેમ્સ યુવક-યુવતીઓ રમે છે, તેમાં ભારતભરમાંથી લોકો જોડાતા હોય છે, જેમાં ફેક નામ અને ફેક ઓળખ બતાવીને પણ જોડાતા હોય છે. ખાસ પબ્જી જેવી ગેમ્સમાં કોલ કર્યા વગર વાતો પણ થતી હોય છે, જેથી તુરંત સંપર્કમાં આવી શખ્સો પોતાનો ઈરાદો પાર પાડવા સામે વાળી વ્યક્તિને બદનામ કરે છે.

# બામણબોર ચેક પોસ્ટ પાસેથી દારૂની ૮૫૫૨ બોટલ ભરેલ ટ્રક ઝડપાયો

### ટ્રકની કેબિનમાં ચોરખાનું બનાવી રાજકોટના બુટલેગર બુટલેગર વાલા બાંભવાએ ભરી આપ્યો હતો, શહેરમાં શરાબ સપ્લાય કરવાનો હતો, તે પહેલાં જ પીસીબીની ટીમ ત્રાટકી

રાજકોટ. તા.૨૯

બામણબોર ચેક પોસ્ટ પાસેથી દારૂની ૮૫૫૨ બોટલ ભરેલ ટ્રક પીસીબીની ટીમે ઝડપી પાડી રૂા.૧૪.૫૬ લાખનો દારૂ સહિત રૂા.૨૪.૬૬ લાખનો મુદામાલ કબ્જે કરી ટ્રક ચાલકની ધરપકડ કરી હતી. જ્યારે ટ્રકની કેબિનમાં ચોરખાનું બનાવી ગોવાથી દારૂ ભરી આપનાર બુટલેગરને પકડવા તજવીજ આદરી છે. શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી.સીપી મહેન્દ્ર બગડીયા દ્વારા દારૂ તથા જુગારની પ્રવૃતિ સદંતર નેસ્ત નાબુદ કરવા અને અસરકારક કામગીરી કરવાની આપેલ સુચનાથી પીસીબી પીઆઈ એમ.આર.ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ એએસઆઇ સંતોષ મોરી, હરદેવસિંહ રાઠોડ, હેડ કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ દેવરાજ કળોતરને અમદાવાદ તરફથી દારૂ ભરેલ એક ટ્રક આવી રહ્યો હોવાની મળેલ ચોક્કસ બાતમીના આધારે પીસીબીની ટીમ અમદાવાદ-રાજકોટ હાઇવે બોમણબોર ચેક પોસ્ટ પાસે વોચમાં હતી ત્યાંથી પસાર થતાં ટ્રક નં.જીજે.૦૩.બીવી.૯૪૮૫ ને અટકાવી તેમાં તપાસ કરતાં તેમાંથી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૮૫૫૨ બોટલ મળી આવતાં પીસીબીની ટીમે ટ્રક ચાલક રઘુ દેવા ચાવડા (ઉ.વ.૨૬, રહે.રામાપીર ચોકડી પાસે રૈયાધાર રાણીમાં રૂડીમાં ચોક રાજકોટ) ને પકડી પાડી દારૂ રૂા.૧૪.૫૬ લાખ અને ટ્રક મળી કુલ રૂા.૨૪.૬૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, દારૂ સાથે પકડાયેલ ટ્રક ચાલકને ગોવાથી દારૂ વાલા હનુ બાંભવા (રહે.ગીતાંજલી સોસાયટી ગોકુલધામ રાજકોટ) એ ટ્રકની કેબિનમાં સીટ નીચે ચોરખાનું બનાવી આપી તેમાં દારૂ ભરી આપ્યો હતો અને તે કહે ત્યાં રાજકોટ સપ્લાય કરવાનો હતો. પોલીસે બુટલેગર વાલા હનુ બાંભવાની શોધખોળ આદરી છે.



(તસવીર:પંકજ શીશાંગિયા)

**રૂા.૧૪.૫૬ લાખનો દારૂ સહિત રૂા.૨૪.૬૬ લાખનો મુદામાલ કબ્જે કરી ટ્રક ચાલકની ધરપકડ કરીઃ પીસીબી પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં ટીમનો સપાટો**

# ખોડિયારનગરમાં પરિણીતા આશિયાના સપાએ ગળાફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી

### બે સંતાનો માતાવિહોણા થતા પરિવારમાં કલ્પાંત, આપઘાતનું કારણ અકબંધ

રાજકોટ, તા.૨૯

શહેરના ૧૫૦ રિંગ રોડ પર આવેલ ખોડીયારનગરમાં પરિણીતા આશિયાનાબેન હુસેનભાઈ સપા(ઉં.વ.૨૫)એ ગળાફાંસો ખાય જિંદગી ટૂંકાવી લીધી હતી. બે સંતાનો મા વિહોણા થતા પરિવારમાં કલ્પાંત છવાયો હતો. આપઘાતનું કારણ અકબંધ હોય, પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે પોલીસ સૂત્રોએ આપેલી માહિતી મુજબ, આશિયાના હુસેનભાઈ સપા (ઉ.વ.૨૫, ૧૫૦ રિંગ રોડ પર આવેલ ખોડીયારનગર, શેરી નં.૩, રાજકોટ) ગઈકાલે સાંજે ૭.૩૦ વાગ્યા આસપાસ પોતાના ઘરે હતી. ત્યારે રૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. પરિવારને જાણ થતાં ૧૦૮માં ફોન કરતા એમ્બ્યુલન્સ સાથે આવેલા ઈએમટી તેજલબેન વાજાએ જોઈ તપાસે સ્થળ પર જ આશિયાનાને મૃત જાહેર કરી માલવીયાનગર પોલીસને જાણ કરતા પીએસઆઇ એચ.આર. મોરી સ્ટાફ સાથે દોડી આવેલા પરિવારની પૂછપરછ કરતા જાણવા મળેલ કે, આશિયાનાનું માવતર ગોંડલ છે. તેના લગ્ન ૪ વર્ષ પહેલા થયા હતા. તેને સંતાનમાં ૧ પુત્ર અને ૧ પુત્રી છે. પતિ હુસેન સહિતના પરિવારજનો આપઘાતના કારણથી અજાણ હોય, પોલીસે મૃતદેહ પીએમ માટે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

### ગીતાનગરમાંથી ૧૩ વર્ષની તરૂણીને અજાણ્યો શખ્સ ભગાડી ગયોઃ અપહરણનો ગુનો નોંધાયો

રાજકોટ. તા.૨૯

ગીતાનગરમાંથી ૧૩ વર્ષની તરૂણીને અજાણ્યો શખ્સ ભગાડી જતાં માલવીયાનગર પોલીસ મથકમાં અપહરણનો ગુનો નોંધાયો હતો. બનાવ અંગે ગીતાનગર શેરીમાં રહેતા બિહારી ૩૦ યુવાને જણાવ્યું હતું કે, તેઓ ગોડલ રોડ આવેલ કંપનીમાં મજુરી કામ કરી પરીવારનું ગુજરાન ચલાવે છે. તેઓને સંતાનમાં બે પુત્ર-પુત્રીઓ છે. ગઇ તા.૨૬ ના સાંજના સમયે તે કંપની પર હતો ત્યારે તેમની બાજુમાં રહેતાં ભાભીનો કોલ આવેલ કે, તમારી દીકરી બે ત્રણ કલાકથી ઘરે નથી, જેથી તેઓ ઘરે ગયેલ અને ઘરે પહોંચી નાના પુત્રને દીકરો પૂછતાં જણાવેલ કે, બહેન એકાદ વાગ્યાની આસપાસ ઘરે હતી અને તે છેલ્લા બે ત્રણ કલાકથી ઘરે નથી. બાદમાં તેમની અલગ અલગ જગ્યાએ શોધખોળ કરતાં તે મળી આવેલ નહી. તેઓની ૧૩ વર્ષની પુત્રી ધો.૬ માં અભ્યાસ કરે છે. કોઈ અજાણ્યો શખ્સ તેણીને લલચાવી ફોસલાવી ભગાડી જતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી માલવીયાનગર પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

# રાજકોટ સહિત રાજયભરના રેલવે સ્ટેશન પર હાઈ એલર્ટ

### આતંકવાદી હુમલા બાદ વધારે સુરક્ષા સ્ટાફ રેલ્વે સ્ટેશનો પર તૈનાત કરાયોઃ ઉનાળુ વેકેશનના લીધે યાત્રિકોનો ધસારોઃ રાજકોટમાં ડોગ ટીમ ઉતારાઈઃ શંકાસ્પદ યાત્રિકોની તલાશી

રાજકોટ,તા.૨૯

પશ્ચિમ રેલવેમાં સમર સ્પેશિયલ ટ્રેનોને લઈને રેલવે યાત્રીઓની સુરક્ષા માટે ગુજરાત ગવર્મેન્ટ રેલવે પોલીસે વિશેષ પોલીસ બંદોબસ્ત માં બે ડીવાયએસપી સાત પીઆઇ ૧૦૪ પીએસઆઇ સુરત રેલ્વે સ્ટેશન અને ઉધના સ્ટેશન પર રેલવે યાત્રીઓને લઈને બે ડોગ ટીમ ફાળવ્યા : રાજકોટ રેલ્વે સ્ટેશનમાં પી.આઈ.એચ.એમ.રાણા,પી.એસ.આઈ. બલભદ્રસિંહ જાડેજા સહિત સ્ટાફ, ડોગ સ્કવોર્ડ ટીમ તૈનાત કરવામાં આવી છે.

દેશમાં પહેલગામ આંતકવાદી હુમલાબાદ પશ્ચિમ રેલવેમાં વિવિધ ટ્રેનો તેમજ રેલવે સ્ટેશન પર વિશેષ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે સાથે સાથે હાલમાં ઉનાળુ વેકેશન શરૂ થતા રેલવેમાં રેલ્વે યાત્રીની સંખ્યામાં નોંધપાત્ર વધારો થતા રેલવે ગવર્મેન્ટ પોલીસે પણ વિવિધ ટ્રેનોમાં યાત્રીઓનો માલ સામાનને ચોરી કે લૂટ નહીં થાય તે માટે ટ્રેનોમાં અને રેલવે સ્ટેશન પર વધારે પોલીસ બંદોબસ્ત સાથે વધારાના પાંચ ડોગ ફાળવવામાં આવ્યા છે



કાશ્મીરના પહેલગામ ખાતે થયેલા આતંકવાદી હુમલાબાદ પશ્ચિમ રેલવેના વિવિધ રેલવે સ્ટેશન પર હાઈ એલેટ જાહેર કરવામાં આવ્યું છે બીજી તરફ ઉનાળુ વેકેશન શાળાઓમાં શરૂ થતા જ રેલ્વે યાત્રીઓની સંખ્યા નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે જેને લઇને કેટલીક ટ્રેનો ઉનાળા વેકેશનમાં લઈ ફુલ થઈ ગઈ છે ત્યારે પશ્ચિમ રેલવેમાં ગુજરાતમાંથી પસાર થતી વિવિધ રેલવે સ્ટેશન પર પોલીસ બંદોબસ્ત ઇન્ચાર્જ આઈ જી સરોજ કુમારીએ મહત્વના રેલવે સ્ટેશન પર વધારે નો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે આ પોલીસ બંદોબસ્તમાં બે ડીવાયએસપી સાત પીઆઈ ૧૦૪ પીએસઆઇ તેમજ એલસીબી અને એસઓજીની ટીમને પણ સાથે રાખવામાં આવ્યા છે સુરત અને ઉધના ખાતે યાત્રીઓની વધુ પડતી અવરજવરને લઈને બે ડોગ ટીમ પણ મૂકવામાં આવી છે.

આરપીએફ સાથે ટ્રેનોની અંદર પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે સાથે સાથે રેલ્વે સ્ટેશન પર લોકોના લગેજ તેમજ સીસીટીવીના માધ્યમથી વિશેષ નજર રાખવામાં આવી રહી છે પશ્ચિમ રેલવેના ગુજરાત ગવર્મેન્ટ પોલીસને રાજ્યના ડીજીપી વિકાસ સહાય દ્વારા વધારાના પાંચ ડોગ ચેકિંગ અર્થે ફાળવવામાં આવ્યા છે જેને લઈને રેલવે પોલીસ ના વિવિધ રેલવે સ્ટેશન પર ટ્રેનોને આવવા જવા પર અને ટ્રેનોની અંદર વિશેષ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે રાજકોટ ડવિઝન, અમદાવાદ ડિવિઝન અને બરોડા ડિવિઝનમાં પણ પોલીસ દ્વારા વિશેષ પેટ્રોલિંગ સાથે કોમ્બિન હાથ ધરવા આવ્યું છે સાથે શંકાસ્પદ ચીજ વસ્તુઓની પણ ચેકિંગ મેટલ ડિરેક્ટર અને ડોગ ટીમ ના મદદથી કરવામાં આવી રહ્યું છે.ખાસ કરીને યુ.પી.બાંગ્લાદેશ તરફ જતી ટ્રેનોમાં વિશેષ ચેકિંગ હાથ ધરાયું છે.

## અવસાન નોંધ

**રાજકોટ:** વંડા નિવાસી હાલ સુરત સ્વ. પ્રદીપભાઈ મનહરલાલ દેવમુરારી (પાળીયાદ વાળા) તા.૨૭ને રવિવારે સાકેતવાસી થયેલ છે. સદગતનું બેસણું વંડા મુકામે તા.૧ને ગુરૂવારે રાખેલ છે. તે મનહરભાઈના પુત્ર, રશ્મીતાબેન, મમતાબેનના ભાઈ, રાજેશકુમાર, પ્રકાશકુમારના સાળા, હસુભાઈ નિરૂભાઈના ભત્રીજા તથા રાજુભાઈ, હિતેશભાઈ, પ્રશાંતભાઈ, સાગરભાઈ, ધ્રુવભાઈ, શ્રીરામ, પાર્થના ભાઈ, ચી. જેનિસના પિતાજી થાય.



**રાજકોટ:** ધુનડા (સજ્જનપર) નિવાસી સ્વ.ભાવસિંહજી દામજીભાઈ ડોડીયાનું તા.૨૭ ના રોજ અવસાન થયેલ છે. તે જયેશભાઈ ડોડીયા, રાજેશભાઈ ડોડીયાના પિતાશ્રી તેમજ રમેશભાઈ ડોડીયા, રણજીતભાઈ ડોડીયા અને અજીતભાઈ ડોડીયાના મોટાભાઈ થાય. સદગતનું બેસણું તા.૧ મે ને ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ દરમ્યાન રજપૂતપરા, રામ મંદિર કારડીયા રાજપૂતની વાળી રાજકોટ ખાતે રાખેલ છે. (જયેશભાઈ ડોડીયા મો.નં.૯૨૨૭૬ ૦૮૮૮૯)



**જૂનાગઢ:** જૂનાગઢ નિવાસી સ્વ.વિનુભાઈ શંભુભાઈ સૈયાગોર (ઉ.વ.૫૮) તે ગં.સ્વ.હર્ષાબેન વિનુભાઈના પતિ તેમજ મેહુલભાઈ વિનુભાઈના પિતાશ્રી અને ચંદુભાઈના નાનાભાઈ, અજયભાઈના કાકા અને જસરાજના દાદાનું અવસાન થયેલ છે.જેમની સ્મશાન યાત્રા તા.૨૯/૦૪/૨૦૨૫ને મંગળવાર સવારે ૯:૦૦ વાગે અમારા સીટી બસ કોલોની શેરી નંબર ૫ ગાંધીગ્રામ જૂનાગઢ ખાતે નીકળી હતી.મેહુલભાઈ વિનુભાઈ સૈયાગોર ૭૦૬૯૭૦૭૦૯૯, અજયભાઈ ચંદુભાઈ સૈયાગોર ૬૩૫૩૭૫૩૯૦૮

# મોરબી ઝુલતા પૂલ કેસમાં જયસુખ પટેલ સહિતના આરોપીઓને ઝટકોઃ ડિસ્ચાર્જ અરજી રદ

(જીગ્નેશ ભટ્ટ) મોરબી તા.૨૯

મોરબી ઝુલતા પુલ કેસના તમામ આરોપીએ મોરબીની સેશન્સ કોર્ટમાં ડિસ્ચાર્જ અરજી કરવામાં આવેલ છે અને કહ્યું હતું કે, તે તમામ આરોપીઓ સામે આઇપીસીની જે કલમ હેઠળ ગુનો નોંધાયેલ છે તે મુજબ ગુનો બનતો નથી જેમાં સરકારી વકીલે કરેલ દલીલને ધ્યાને રાખીને કોર્ટે આજે ઓરેવા ગ્રૂપના જયસુખભાઇ પટેલ સહિતના તમામ આરોપીઓએ કરેલી અરજીને રદ કરેલ છે.

મોરબીમાં ગત તા ૩૦/૧૦/૨૦૨૨ ના રોજ ઝુલતો પુલ તૂટી પડ્યો હતો અને તે દુર્ઘટનામાં કુલ મળીને ૧૩૫ જેટલા લોકોના મોત નીપજર્યુ હતા જે કેસ હાલમાં મોરબીની સેશન્સ કોર્ટમાં ચાલી રહ્યો છે દરમિયાન ઓરેવા ગ્રુપના જયસુખભાઈ પટેલ સહિતના જે ૧૦ આરોપીઓને પકડવામાં આવ્યા હતા તેમણે વકીલો મારફતે મોરબીની સેશન્સ કોર્ટમાં તેમની સામે આઈપીસીની જે કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે તે મુજબ ગુનો બનતો નથી જેથી તમને ડિસ્ચાર્જ કરવામાં આવે તેવી દાદ માંગવામાં આવી હતી જે ડિસ્ચાર્જ અરજીનું ગત બુધવારે હિયરિંગ કરવામાં આવ્યું હતું જેમાં મોરબીના સરકારી વકીલ વિજયભાઈ જાની દ્વારા ધારદાર દલીલ કરવામાં આવી હતી તેમજ વિવિધ કોર્ટને ચુકાદાઓને રજૂ કરવામાં તેને ધ્યાને લઈને આજે મોરબીની ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટના જજ દ્વારા ઓરેવા ગ્રૂપના જયસુખભાઈ પટેલ સહિતના ૧૦ આરોપીઓએ જે ડિસ્ચાર્જ અરજી કરેલ હતી તે પાંચેય અરજીઓને રદ કરેલ છે અત્રે ઉલેખનીય છે કે, જે દિવસે ઝુલતો પુલ તૂટી પડ્યો હતો તે દિવસે કુલ મળીને ૩૧૬૫ લોકોને ટિકિટ આપવામાં આવેલ છે. જોકે ઝુલતા પુલ ઉપર કેટલા લોકોને એક સમયે જવા દેવા, કેટલી ટિકિટો એક સમયે આપી શકાય તે સહિતની કોઈપણ બાબતની સ્પષ્ટતા ન હતી. અને આ ઘટનામાં નગરપાલિકા અને કલેક્ટરને પણ આરોપી તરીકે જોડાવા માટે ટ્રેજેડી વિક્ટીમ એસો. દ્વારા અરજી કરવા આવેલ છે જેથી કરીને આગામી દિવસોમાં ઝુલતા પુલ કેસમાં નવા કડાકા ભડાકા થાય તો નવાઈ નથી.



# ઢાંઢીયા ગામમાં ડુંગળીના ભુકાના ઢગલા નીચેથી દારૂનો જથ્થો ઝડપાયો

રાજકોટ. તા.૨૯

ઢાંઢીયા ગામમાં ડુંગળીના ભુકાના ઢગલા નીચેથી દારૂનો જથ્થો મળી આવતા આજીડેમ પોલીસે આરોપી રાજુ બોળીયાની શોધખોળ આદરી હતી.

દરોડાની વિગત મુજબ, આજીડેમ પોલીસ મથકના પીઆઈ એ. બી.જાડેજાના માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે કોન્સ્ટેબલ દિવ્યરાજસિંહ જાડેજા, હરપાલસિંહ જાડેજા તથા ગોપાલભાઈ બોળીયાને ઢાંઢીયા ગામનો રાજુ બોળીયા પોતાના ગામથી આગળ આવેલ પોતાના વાડામાં ડુંગળીના ભુકાના ઢગલા નીચે ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખેલ છે, જે ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડતાં ત્યાં એક ખુલ્લા વાડામાં ડુંગળીના ભુકાનો ઢગલો પડેલ હોય જે વાડામાં તપાસ કરતા ડુંગળીના ભુકાના ઢગલા નીચેથી ઈંગ્લીશ દારૂની પેટી નંગ-૨ મળી આવેલ, જે પેટી ખોલી જોતા અલગ અલગ બ્રાન્ડની દારૂની ૫૭ બોટલ મળી આવતાં કુલ રૂ.૧૧,૨૩૨ નો મુદામાલ કબ્જે કરી વાડામાં દારૂ રાખનાર રાજુ બોળીયાની શોધખોળ હાથ ધરી હતી.

# ન્યુ જાગનાથ દેવદયા મકાનમાં ભાડુતી દુકાનોની સ્થિતિ યથાવત જાળવી રાખવા કોર્ટનો હુકમ

### ત્રણ ભાડુઆત દ્વારા કોર્ટમાંથી સ્ટેટસકો મેળવ્યોઃ માલીકને ઝટકો

રાજકોટ,તા.૨૯

આ કેસની હકીકત એવી છે કે : રાજકોટ શહેરમાં ૨૫-ન્યુ જાગનાથ, ડો. કોશીયાના દવાખાનાની બાજુમાં આવેલ 'દેવદયા' મકાનમાં ગ્રાઉન્ડ ફ્લોર ઉપર ત્રણ દુકાનો ભાડુતી કબજામાં આવેલ જેમાં ૧. જીતેન્દ્ર એન્ડ કાં.. ૨. તંબોલી એન્ટરપ્રાઇઝ તથા ૩. તંબોલી પ્લાયવુડ ભા ડુત તરીકે કબજો ધરાવતા હતાં અને આ ત્રણેય ભાડુતો બોમ્બે રેન્ટ એકટ થી રક્ષાયેલા ભાડુત હોવાથી આ મકાનના માલિક ભરતકુમાર મનસુખલાલ ત્રિવેદી એ ઉપરોકત ભાડુતની બીજી દુકાન કનક રોડ ઉપર આવેલી હોવાની માહિતી ધરાવતા હોવા છતાં વાદગ્રસ્ત દુકાન ને નોન યુઝરના ગ્રાઉન્ડસર રાજકોટના સ્મોલ કોઝ કોર્ટના જજ સાહેબની કોર્ટમાં ૧. જીતેન્દ્ર એન્ડ કું. ૨, તંબોલી એન્ટરપ્રાઇઝ તથા ૩. તંબોલી પ્લાયવુડ - ભાડુઆતો સામે દાવો દાખલ કરી સદરહુ ભાડુઆતોને કોર્ટમાં આવતા રોકી અને મકાન માલિક ભરતકુમાર મનસુખલાલ ત્રિવેદી પાસે સદરહુ ભાડુઆતનું હાલનું બીજુ સરનામું કનક રોડહોવા છતાં સદરહુ સરનામા ઉપર સમન્સ બજાવ્યા વગર દેવદયા મકાન ઉપર સમન્સ બજાવ્યા ની કાર્યવાહી કરી અને કોર્ટ પાસે ખોટી રજુઆત કરી સમન્સ ચોડી બજાવી એકતરફી હુકમનામું મેળવેલ છે અને સદરહુ એકતરફી હુકમનામા ના આધારે સ્મોલ કોઝ કોર્ટમાં દરખાસ્ત દાખલ કરી સમન્સ ચોડી બજાવી કોર્ટ મારફત ત્રણેય દુકાનોનો તાળા તોડીને કબજો મેળવેલ છે અને ત્રણેય દુકાનમાં રહેલ ભાડુઆતોનો માલસામાન તેઓના કબજામાં રાખેલ છે. આ હકીકત ની જાણ થતાં ૧. જીતેન્દ્ એન્ડ કું., ૨, તંબોલી એન્ટરપાઈઝ તથા ૩. તંબોલી પ્લાયવુડ - ભાડુઆતો એ સ્મોલ કોઝ કોર્ટમાં એકતરફી થયેલ હુકમનામું રદ કરવા અરજી દાખલ

કરેલ અને સદરહુ ભાડુઆત ને દહેશત હતી કે મકાન માલિક સદરહુ દુકાનનો કબજો અન્ય કોઇને સોંપી આપશે તેથી મનાઈ હુકમની માંગણી કરતાં મકાન માલિક તરફથી જાહેર કરવામાં આવેલ કે સદરહુ ત્રણેય દુકાન જાની વિરેન્દભાઈ ત્રંબકલાલ ને ૧૧ માસના લીવ એન્ડ લાયસન્સ નો કરાર કરી કબજો સોંપી આપેલ છે જેથી ત્રણેય ભાડુઆતો એ કોર્ટમાં ફરી મનાઈ હુકમની અરજી કરી અને વિનંતી કરેલ કે મકાન માલિક ભરતકુમાર મનસુખલાલ ત્રિવેદી મનાઇ હુકમ દ્વારા વાદગ્રસ્ત ભાડુતી દુકાન નો ભરતકુમાર મનસુખલાલ ત્રિવેદી, જાની વિરેન્દ્રભાઈ ત્રંબકલાલ કરેલ ૧૧ માસના લીવ એન્ડ લાયસન્સ નો કાર, સદરહુ કરારમાં દર્શાવેલ અવધી પુરી થયા બાદ સદરહુ કરાર રીન્યુ કરે નહી અને ભાડુતી જગ્યાનો પ્રત્યક્ષ કબજો સામાવાળા એટલે કે ભરતકુમાર મનસુખલાલ ત્રિવેદી પોતે સંભાળીને રાખે અને સદરહુ ભાડુતી જગ્યાનો કબજો કોઇપણ રીતે કોઇપણ પ્રક્રિયા થી વેચાણ, બક્ષીસ કે અન્ય કોઇપણ રીતે કોઇપણ વ્યકિત, પેઢી કે સંસ્થાને ટ્રાન્સફર કે એસાઇન કરે કરાવે નહી કે અન્ય કોઇપણ રીતે અન્ય કોઇને પણ કબજો સોંપે સોંપાવે નહી તેવી અરજી કરતાં સ્મોલ કોઝ કોર્ટના જજ સાહેબે સામાવાળા એ એટલેકે ભરતકુમાર મનસુખલાલ ત્રિવેદી એ તકરારી દુકાનનો રેકર્ડ ઉપર આજે જે પરિસ્થિતિ છે તે મુજબની સ્થિતિ જાળવી રાખવા સ્ટેટસકો (યથા પરિસ્થિતિ) જાળવવા હુકમ કરવામાં આવેલ છે. આ કામમાં ભાડુઆત તરફે તરૂણ એસ. કોઠારી, રાજ તરૂણ કોઠારી, અજય જે. વસોયા એ ડવોકેટ તરીકે રોકાયેલા છે.

# થાનગઢનો સાધુ વૃંદાવનથી સાથે લાવેલ સાધ્વી બે માસની ગર્ભવતી નીકળી : રાજકોટ સિવિલમાં દાખલ : પોલીસ તપાસનો ધમધમાટ

### ૩૦ વર્ષની સાધ્વીની તબિયત ત્રણેક દિવસથી નાદુરસ્ત રહેતા રાજકોટ સિવિલમાં દવા લેવા આવેલ, અત્રે ઓપીડી તપાસ વખતે ચક્કર આવતા સાધ્વી જમીન પર ઢળી પડી હતી

રાજકોટ, તા.૨૯

થાનગઢનો સાધુ વૃંદાવનથી સાથે લાવેલ સાધ્વી બે માસની ગર્ભવતી હોવાનું ખુલ્યું હતું. જેને પગલે સાધુના પગ તળેથી જમીન સરકી ગઈ હતી. આશરે ૩૦ વર્ષની દેખાતી સાધ્વી હાલ રાજકોટ સિવિલમાં દાખલ છે. આ મામલે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

આ અંગે પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, આજે સવારે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ઓપીડી બિલ્ડિંગમાં ૧૯ નંબર પાસે એક સાધ્વી જેવા કપડાં ધારણ કરેલી ૩૦ વર્ષીય મહિલા બેભાન થઈ ઢળી પડી હતી. તેની સાથે સાધુ જેવો લાગતો વ્યક્તિ હતો. હોસ્પિટલ સ્ટાફની મદદથી આ સાધ્વીને સિવિલ હોસ્પિટલના મેડીસીન વોર્ડ નંબર ૧૦ માં દાખલ કરવામાં આવેલ. ડો.મંથન મોદી અને ડો. ઈશીતા મહેતાએ અર્ધબેભાન સાધ્વીની તુરંત સારવાર શરૂ કરી હતી. અમુક રિપોર્ટ્સ કરાવતા શંકાસ્પદ લાગતા પરીક્ષણ કરતા આ સાધ્વીને આશરે ૨ માસનો ગર્ભ હોવાનું ખુલ્યું હતું. સાધ્વી પાસે તેની ઓળખ થઈ શકે તેવો કોઈ આધાર નહોતો. તેની સાથે રહેલા સાધુએ જણાવ્યું કે, તે થાનગઢમાં રહે છે. થોડા મહિના પહેલા વૃંદાવન મથુરા ગયેલો. જ્યાં આ સાધ્વી અને તેના પતિ સહિતના વ્યક્તિઓને મળેલ. ત્યાં રોકાયા બાદ પોતે ફરી યાત્રા શરૂ કરી હતી. ત્યારે આ સાધ્વીએ પણ સાથે યાત્રા કરવા ઇચ્છા દર્શાવતા બંને સાથે આગળ ચાલ્યા હતા. દિલ્હી રાજસ્થાન વગેરે સ્થાનોએ યાત્રા કરી તા.૨૬ના રોજ રાજકોટ આવ્યા. ત્યારે સાધ્વીની તબિયત બગડી હતી. જેથી સિવિલ હોસ્પિટલમાં ઇમરજન્સી વિભાગમાં બતાવેલ અને દવા લીધી હતી. પછી પરત થાનગઢ ગયા. જ્યાં તબિયત સુધારા પર ન આવતા ફરી આજે રાજકોટ આવ્યા અને ડોકટરને બતાવવા ગયા અને ત્યાં જ ચક્કર આવી ગયા હતા. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ચોકીના આઈએસઆઈ રામશીભાઈ વરૂએ પ્રાથમિક પૂછપરછ કરી એમએલસી નોંધી હતી. સાધ્વી લાગતી યુવતીનો પતિ કોણ? ખરેખર તેના કોઈ પતિ છે કે કેમ? વગેરે બાબતે આગળ તપાસ કરવામાં આવશે.

**સાધુએ દાવો કર્યો કે, સાધ્વી વૃંદાવનની વતની છે, તેના પતિ પણ છે, જેને જાણ કરી છે, પરિવારજનો આવે તેની રાહ જોતી પોલીસ**

### સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના રાજદૂત યોજના પટેલે પાકિસ્તાનનો જોરદાર ‘કલાસ’ લીધો

# યુનોમાં ભારતે પાકની આબરૂ કાઢીઃ નાપાક ચહેરો વિશ્વમાં ખુલ્લો પડયો

### અમે ૩ દાયકાથી આતંકવાદને સમર્થનનું ગંદુ કામ અમેરિકા, બ્રિટન અને પશ્ચિમના દેશો માટે કરતા હતા તેવી પાક. મંત્રી ખ્વાજા આસીફની કબુલાતથી સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાનની ફજેતીઃ યુનોમાં આતંકવાદથી પીડિતોના લાભાર્થે ‘વોટન’ની સ્થાપના કરાઈ

નવી દિલ્હી તા.૨૯

પહેલગામ આતંકી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તનાવ દિવસે ને દિવસે વધતો જઈ રહ્યો છે. દરમિયાન ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાનની જોરદાર કલાસ લીધી હતી, ખરેખર તો પાકિસ્તાનના એક મંત્રીએ હાલમાં જ આતંકવાદીઓને તાલીમ આપવા અને તેમને પૈસા ઉપલબ્ધ કરાવવાની પણ વાત કબુલી હતી.

પાકિસ્તાનના રક્ષામંત્રી ખ્વાજા અબ્બાસ આસિફે હાલમાં જ એક મુલાકાતમાં સ્વીકાર્યુ હતું કે તેનો દેશે વર્ષો સુધી આતંકવાદનું સમર્થન કર્યું છે. ભારતે આ મુદ્દે જ પડોશી મુલ્કને સવાલો કર્યા હતા અને તેનો વૈશ્વિક મંચ પર તેનો નાપાક ચહેરો ખુલ્લો પાડયો હતો. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતની ઉપસ્થાયી પ્રતિનિધિ રાજદૂત યોજના પટેલે જણાવ્યું હતું કે આ કબુલનામા ચોંકાવનારુ નથી, તેણે પાકિસ્તાનને એક દુષ્ટ દેશના રૂપમાં ખુલ્લો પાડયો છે. એક એવો મુલ્ક જે વૈશ્વિક આતંકવાદને પ્રોત્સાહન આપી રહ્યો છે.

**દુનિયા હવે વધુ આંખો ન મીચી શકે:** તેમણે જણાવ્યું હતું કે પુરી દુનિયાએ હાલમાં જ એક ટેલિવિઝન મુલાકાતમાં પાકિસ્તાનના રક્ષા મંત્રી ખ્વાજા આસીફ આતંકવાદી સંગઠનોને સમર્થન, તાલીમ અને રૂપિયા ઉપલબ્ધ કરાવવાના પાકિસ્તાનના ઈતિહાસને સ્વીકાર કરતા સાંભળવા મળ્યા હતા. આ ખુલ્લી કબુલાત કોઈને આશ્ચર્યચકીત નથી કરતું. આ પાકિસ્તાનની એક દુષ્ટ દેશની છબીને સ્પષ્ટ કરે છે.

એક એવો દેશ જે વૈશ્વિક આતંકવાદને પ્રોત્સાહન આપે છે. શાંતિના માહોલને અસ્થિર કરે છે. દુનિયા હવે આ મામલે અંધારામાં ન રહી શકે.

**પહેલગામ હુમલા બાદ ખરીખોટી સંભળાવી:** યોજના પટેલે ભારત વિરુદ્ધ દુષ્પ્રચાર અને નિરાધાર આરોપ લગાવવા માટે વૈશ્વિક મંચનો દુરુપયોગ કરવા અને તેને નબળો કરવાને લઈને પાકિસ્તાનની ચિંતા પણ કરી હતી. તેમની ટિપ્પણી આતંકવાદના પીડિતોનું સંગઠન નેટવર્ક (વોટન)થી શુભારંભ થઈ હતી, જેનો ઉદ્દેશ આતંકવાદથી પીડિત અને તેમાંથી બચેલા લોકોને એક એક સુરક્ષિત સ્થાન પ્રદાન કરવાનો છે. તેનો ઉદ્દેશ શાંતિના નિર્માતાઓ તરીકે અવાજ ઉઠાવવાનો પણ છે.

આ સંગઠનનું લોન્ચીંગ જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં એક પર્યટક સ્થળ પર રજાઓ ઉજવી રહેલા ૨૬ નાગરિકોની આતંકીઓ દ્વારા નિર્મમ હત્યાના કેટલાક દિવસો બાદ થયું હતું.

**ખ્વાજા અબ્બાસના કયા નિવેદનથી પાક.ની થઈ ફજેતી:** અહેવાલો મુજબ ખ્વાજા આસીફને એક પત્રકારે આતંકવાદી સંગઠનનું સમર્થન કરવામાં પાકિસ્તાનની ભૂમિકાના બારામાં પૂછયું તો તેમણે કહ્યું હતું કે અમે છેલ્લા ૩ દાયકાથી અમેરિકા માટે આ ગંદુ કામ કરી રહ્યા છીએ, જેમાં પશ્ચિમ અને બ્રિટનના રાષ્ટ્રો પણ સામેલ છે.



**વૈશ્વિક સમુદાયને મજબૂત સમર્થન માટે ધન્યવાદ કહ્યું:** સંયુક્ત રાષ્ટ્રમાં ભારતીય પ્રતિનિધિએ પહેલગામ હુમલાના સંદર્ભમાં વૈશ્વિક સમુદાયના મજબૂત સમર્થન અને એકતા માટે ધન્યવાદ કહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે આ આતંકવાદ પ્રત્યે આંતરરાષ્ટ્રીય સમુદાયની શૂન્ય સહિષ્ણુતાનું પ્રમાણ છે. તેમણે જણાવ્યું હતું કે પહેલગામ આતંકી હુમલો ૨૦૦૮માં થયેલા.

૨૬/૧૧ના મુંબઈ હુમલા બાદનો સૌથી ખતરનાક કાવતરા પૈકીનો એક છે. દાયકાઓથી સીમા પાર આતંકવાદનો શિકાર થવાના કારણે ભારત આ પ્રકારના કૃત્યોના પીડિતો, તેમના પરિવારો અને સમાજ પર પડનારા લાંબા ગાળાની અસરને સારી રીતે સમજી શકે છે.

**‘વોટન’ની સ્થાપના એક મહત્વનું પગલું:** તેમણે જણાવ્યું હતું કે ‘વોટન’ની સ્થાપના એક મહત્વનું પગલું છે. જે આતંકના પીડિતો માટે એક સુરક્ષિત સ્થળ બનાવશે. તેમણે જણાવ્યું હતું કે આતંકવાદના પીડિતો માટે એસોસીએશનની સ્થાપના આ બારામાં મહત્વનું પગલુ છે. આનાથી પીડિતોની સુનાવણી સહાયતા માટે એક સુગઠિત, સુરક્ષિત સ્થાન તૈયાર થશે. ભારતનું માનવું છે કે આતંકવાદ પ્રત્યે વૈશ્વિક પ્રતિક્રિયાને મજબૂત કરવા અને તે સુવિધાજનક કરવા અને એ નિશ્ચિત કરવા માટે આપણા સામુહિક પ્રયાસોનું કેન્દ્ર બની રહે, વોટન જેવી પહેલ જરૂરી છે.

# ચારધામ યાત્રા માટે ઓફલાઈન રજીસ્ટ્રેશનનો થયો આરંભ

### કેદારનાથ માટે રવાના થઈ કેદારની પંચમુખી ડોલી

દહેરાદુન (ઉતરાખંડ) તા.૨૯

ચારધામ યાત્રા માટે સોમવારથી ઓફ લાઈન રજીસ્ટ્રેશન શરૂ થઈ ગયુ છે. હરિદ્વારમાં ૩૦, ઋષિકેશમાં ૨૦, હરબર્ટપુટ વિકાસનગરમાં ૧૫ ઓફલાઈન રજીસ્ટ્રેશન કાઉન્ટર બનાવાયા છે. જયાં યાત્રાનું રજીસ્ટ્રેશન કરી શકાય છે.

ગંગોત્રી અને યમુનોત્રી ધામનાં કપાટ ૩૦ એપ્રિલે અક્ષય તૃતિયાનાં દિવસે ખુલશે જયારે કેદારનાથનાં કપાટ ૫૨ મેના અને બદરીનાથ ધામનાં કપાટ ૪ મેના ખુલશે.

**કેદારનાથ માટે રવાના થઈ કેદારની પંચમુખી ડોલીઃ** બાબા કેદારનાથની ડોલી સોમવારે પોતાના શીતકાલીન ગદીસ્થાન ઓમકારેશ્વર મંદિરથી કેદારનાથ ધામ માટે રવાના થઈ હતી. રાત્રી પ્રવાસ માટે પ્રથમ પડાવ વિશ્વનાથ મંદિર, ગુપ્તકાશી પહોંચી ગઈ હતી. આ ડોલી આજે સવારે વિશ્વનાથ મંદિર ગુપ્ત કાશીથી રાત્રિ પ્રવાસ માટે બીજા પડાવ ફાટાથી પ્રસ્થાન કરશે.



# ભરોસો કોઈનો નહીઃ ચીન સાથેની લદાખ સરહદે પણ દળો વધારતુ ભારત

### પેટ્રોલીંગ ટુકડીઓ અને તકેદારી પોઈન્ટ પણ વધારી દેવાયા

નવી દિલ્હી તા.૨૯

ભારત અને પાકિસ્તાનની સીમા પર તનાવ વચ્ચે ચીન પણ કોઈ અડકલુ ન કરે તે માટે લદાખ સીમા પર ભારતીય દળોની તૈનાતી વધારવામાં આવી છે. ઉપરાંત પેટ્રોલીંગ તેમજ તકેદારી ટુકડીઓની સંખ્યા વધારવામાં આવી છે. જો કે હાલની સ્થિતિમાં કોઈ આક્રમક પગલુ ભરે તેવી શકયતા નથી. પરંતુ ભારતીય દળો કોઈ ગફલતમાં રહી જવા માંગતા નથી અને પાકિસ્તાન સાથે યુદ્ધની સ્થિતિમાં અચાનક જ ચાઈના મોરચો પણ સંભાળવો પડે તો તેની તૈયારીઓ પણ અત્યારથી કરવામાં આવી છે. ગત વર્ષે તા.૨૧ ઓકટોબરના રોજ ભારત અને ચીન વચ્ચે



થયેલી સમજુતી મુજબ બંને દેશોએ તેમના દળોને નિર્ધારિત પોઈન્ટ સુધી પાછા ખેંચી લીધા હતા પરંતુ વર્તમાન સ્થિતિમાં ફરી એક વખત ભારતે આ સરહદને ગંભીરતાથી લેવા નિર્ણય લીધો છે અને ખાસ કરીને લદાખ ક્ષેત્રને સુરક્ષિત રાખવા પણ તૈયારી કરી છે.

### પાકિસ્તાન દ્વારા વારંવાર યુદ્ધ વિરામનો ભંગ

# ફરી પાકે.LOC પર ફાયરીંગ કર્યુઃ ભારતીય સેનાએ કરી જવાબી કાર્યવાહી

### ફાયરીંગથી સીમાવર્તી ગામોમાં ભયનો માહોલ



શ્રીનગર (જમ્મુ-કાશ્મીર) તા.૨૯

પાકિસ્તાને વધુ એક વાર યુધ્ધવિરામનો ભંગ કરી ગોળીબારી કરતા ભારતીય સેનાએ તેનો જડબાતોડ જવાબ આપ્યો હતો.

પાક. સૈનિકોએ ૨૮ એપ્રિલની મધરાત્રે કુપવાડા અને બારામુલા જિલ્લાની સાથે સાથે અખનૂર સેકટરમાં નિયંત્રણ રેખાને પાર ગોળીબારી કરી હતી. ભારતીય સેનાએ પણ આ ઉશ્કેરણીનો જડબાતોડ જવાબ આપ્યો હતો. આ પહેલા પૂંછ જિલ્લામાં પણ નિયંત્રણ રેખા પર સીમા પારથી પાકિસ્તાની સેનાએ કોઈપણ જાતની ઉશ્કેરણી વિના ગોળીબારી કરી હતી. ભારતીય જવાનોનાં જવાબી કાર્યવાહી બાદ પાકિસ્થાની સેનાએ ગોળીબારી બંધ કરી હતી. જોકે આ ગોળીબારીથી નુકસાનના ખબર નથી. એલઓસી પર વધતા જતા તનાવ એ સીમાવર્તી વિસ્તારોના ગામોમાં ભયનો છવાયો છે. લોકો ઘરમાં પડયા રહે છે. સ્કૂલોમાં પણ બાળકોની ગેરહાજરી વધી છે.

### પાક.ના વિમાનો-જહાજોને લાં...બા કરી દેવાશે

# પાક. માટે ભારતની હવાઈ-સમુદ્રી સીમા બંધ કરવા તૈયારી

### પાક વિમાનોને દક્ષિણ પુર્વ એશિયા જવા ચીન પરથી લાંબુ ચકકર લગાવવું પડશેઃ સમુદ્રી વ્યાપાર ક્ષેત્રે તો મોટો ફટકો પડશે



નવી દિલ્હીઃ ભારત-પાકિસ્તાન વચ્ચે વધતા જતા તનાવમાં પાકે ભારતીય એરલાઈન્સ માટે તેની હવાઈ સીમા બંધ કરી દીધા બાદ હવે ભારત પણ વળતા પગલામાં પાક વિમાનો માટે ભારતીય હવાઈ સીમા ઉપરાંત સૌથી મહત્વપૂર્ણ પાકિસ્તાન ભણી જતા જહાજો માટે ભારતીય જળસીમા અને ભારતીય બંદરોની જે સુવિધા છે તે બંધ કરવાની તૈયારી કરી રહ્યું છે. ભારતે અગાઉ ડિપ્લોમેટીક અને નાગરિક સંબંધી પગલાઓ લીધા હતા. હવે આગામી સમયમાં બન્ને દેશો વચ્ચે મીની યુદ્ધની સ્થિતિ બની શકે છે તે પુર્વે જ પાકના નાગરિક ઉડ્ડયનના વિમાનો માટે ભારતીય હવાઈ સીમા બંધ કરવાથી પાક એરલાઈન્સ સહિતના વિમાનોને દક્ષિણ પુર્વ એશિયાના દેશો સુધી પહોંચવા માટે ચીન અથવા શ્રીલંકાનો લાંબો રૂટ લેવો પડી શકે છે. સૌથી મહત્વનું ભારતીય બંદરો પર પાકના જહાજોને લાંગરવા સહિતની જે સુવિધા છે તે બંધ કરવાથી પાકને મોટો ફટકો પડશે. પાક પાસે મર્યાદીત બંદર સુવિધા છે. હવાઈ સીમા બંધ કરવાથી પાક એરલાઈન અને અન્ય વિમાનોને મલેશિયા, સિંગાપોર, થાઈલેન્ડ સહિતના દક્ષિણપુર્વ એશિયાના દેશો સુધી પહોંચવામાં ચીન પરથી ઉડવાનો અથવા છેક નીચે શ્રીલંકાની એરસ્પેસ સુધી લાંબા થઈને પછી મૂળ માર્ગ પર જવાની ફરજ પડશે તો જહાજી સુવિધા બંધ કરવાથી પાકના વ્યાપારી જહાજોને રીપેરીંગ સહિતની સુવિધા કે ઈંધણ માટે પણ મોટી ચિંતા થશે. હાલ પાકનો વિદેશ વ્યાપાર પણ મોટી મુશ્કેલીમાં છે તેમાં વધારો થશે.

### મુસ્લીમ સમુદાયને સ્પર્શતો મહત્વપૂર્ણ ચૂકાદો આપતી સર્વોચ્ચ અદાલત

# કાજી અદાલત- દારૂલ કજા- શરીયા અદાલતનું કોઈ કાનૂની મૂલ્ય નથીઃ સુપ્રીમ

### આ પ્રકારના ચુકાદા ફકત પ્રાસંગિક છતાં પણ અદાલતમાં પડકારી શકાશેઃ ફતવાને પણ કાનુની માન્યતા નથી

નવી દિલ્હીઃ દેશમાં મુસ્લીમ સમુદાયમાં કૌટુંબિક-વ્યક્તિગત વિવાદમાં અવારનવાર- કાજી અદાલત દારૂલ કજા, શરીયા અદાલતોના અપાતા ચૂકાદાની કોઈ કાનૂની યોગ્યતા નહી હોવાનુ સર્વોચ્ચ અદાલતે જણાવતા ઉમેર્યુ કે આ પ્રકારની જાતે જાહેર કરેલી અદાલતો- પંચો કે તેવા પ્લેટફોર્મના ચુકાદા પણ સ્વીકાર્ય નથી અને ફતવા પણ માન્ય રહેશે નહી. સુપ્રીમકોર્ટના ન્યાયમૂર્તિ સુધાંશુ ધુલીયા અને અહેસાનુદીન અમાનુલ્લાહની ખંડપીઠે વિશ્વ લાંચન પ્રદાન વિ. ભારત સંઘના ૨૦૧૪ના ચૂકાદાને આ માટે મોડેલ ગણાવ્યો હતો જેમાં જણાવ્યું હતું કે શરીયત અદાલતો અને ફતવાઓનું કોઈ કાનુની મુલ્ય નથી અને એ લાગુ કરી શકાય નહી.

આ કેસ એક મહિલાની અરજી પરથી સુપ્રીમકોર્ટમાં આવ્યો હતો જેમાં એક ફેમીલી કોર્ટના ચુકાદાને અલ્લાહબાદ હાઈકોર્ટમાં પડકારાયો તો હાઈકોર્ટે પણ ફેમીલી કોર્ટના ચુકાદાને માન્ય રાખવા માટે ‘કાજી કોર્ટ’માં જે સમજુતી થઈ હતી તેને આધાર ગણાયો હતો.



ન્યાયમૂર્તિ અમાનુલ્લાહ ખાને ટીપ્પણી કરી કે કાજી અદાલત કે કાજી કજા, શરીયા અદાલતના નામે ઓળખાતી સંસ્થાઓના નામ સિવાય કશું વધારે નથી.

તેનો કોઈ કાનુની દરજજો પણ નથી અને તેથી આપેલા આદેશો કોઈ રીતે બંધનકર્તા નથી તે બળજબરીથી પણ લાગુ કરી શકાય નહી. આ પ્રકારના મેમોના નિર્ણયો ફકત પ્રાસંગીક હોઈ શકે છે અને બન્ને પક્ષકાર માટે તે સ્વીકારવા જરૂરી નથી પણ બન્ને સ્વીકારે તો પણ તેને કાનુની માન્યતા મળતી નથી. આ પ્રકારના ચુકાદાને અદાલતો આધાર બનાવી શકે નહી અને જો આ ચુકાદા વર્તમાન કાનુનને ઉલ્લંઘન કરનારા પણ હોવા જોઈએ નહી.

આ મામલામાં એક ઈસ્લામીક રીત રિવાજોનું પાલન કરતા યુગલ પતિ-પત્નીએ બન્નેએ બીજા લગ્ન કર્યા અને કાજી અદાલત સમક્ષ તલાકની અરજી કરી જે નામંજુર કરવામાં આવી. પતિએ ફરી દારૂલ કજામાં તલાકની માંગ કરતી અરજી કરી હતી તો પત્નીએ ફોજદારી પ્રક્રિયા મુજબ (૧૨૫) ભરણ પોષણની માંગ કરી અને ફેમીલી કોર્ટનો દરવાજો ખટખટાવ્યો હતો. ફેમીલી કોર્ટે આ ભરણપોષણ અરજી ફગાવી હતી અને કારણ આપ્યુ કે તેણે સ્વયંમે અલગ થવાનુ પસંદ કર્યુ છે. જાતિએ તેને તરછોડી નથી. ઉપરાંત બન્નેએ બીજા લગ્ન કર્યા છે તેથી દહેજના માંગની પણ કોઈ સંભાવના નથી. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટપણે કહ્યું કે કહેવુ ખોટુ છે કે બીજા લગ્નથી દહેજ માંગનુ જોખમ નથી. આ કલ્પનાને કોઈ કાનુની આધાર નથી અને આ પ્રકારના તર્કોને ન્યાયીક ચૂકાદામાં કોઈ સ્થાન નથી. ઉપરાંત કાજી-શરીયા અદાલતોનું કોઈ કાનુની મુલ્ય નથી. અંતે કોઈ ચુકાદા માટે આધાર બનાવી શકાય નહી.

### સુપ્રિમ કોર્ટની ફટકારને પગલે સરકારનો નિર્ણય

# માર્ગ અકસ્માતમાં કેશલેસ સારવાર યોજના એક અઠવાડિયામાં લાગુ થઈ જશે

નવી દિલ્હી તા.૨૯

કેન્દ્ર સરકારને સોમવારે સુપ્રિમ કોર્ટે જણાવ્યું હતું કે માર્ગ અકસ્માતમાં પીડિતોને ત્વરિત એટલે કે ગોલ્ડન ઓવરમાં ઉચિત સારવાર ઉપલબ્ધ કરાવવા માટે એક સપ્તાહ કેશલેસ ઉપચાર યોજના લાગુ કરી દેવામાં આવે.સુપ્રિમ કોર્ટની ફટકાર બાદ કેન્દ્રે અદાલતને જાણકારી આપી હતી.

જસ્ટીસ અભય એસ.ઓક અને ન્યાયમુર્તિ ઉજજલ ભુઈયાની બેન્ચે મામલાની સુનાવણી શરૂ કરતા જ આદેશ બાદ અકસ્માત પિડિતોને ગોલ્ડન ઓવરમાં સારવાર આપવા માટે કેશલેસ યોજના લાગુ કરવામાં વિલંબ પર કેન્દ્ર સરકારને આડે હાથ લીધી હતી.

પીઠે કેન્દ્ર સરકારને કહ્યું કે આપ મોટા-મોટા રાજમાર્ગોનું નિર્માણ કરો છો પણ સુવિધાઓના અભાવમાં લોકો ત્યાં મરી રહ્યા છે. એવા હાઈવેનો શું ઉપયોગ જયારે ત્યાં લોકો મરી રહ્યા છે.બાદમાં સુપ્રિમ કોર્ટે પોતાના આદેશમાં કહ્યું હતું કે માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયનાં સચિવ ખુદ રજુ થયા અને એ ભરોસો આપ્યો છે, માર્ગ દુર્ઘટનાનાં પીડિતોને ગોલ્ડન ઓવર દરમ્યાન કેશલેસ ઉપચાર આપવાની યોજના એક સપ્તાહમાં લાગુ કરવામાં આવશે.

**કેન્દ્રે આદેશનું પાલન નહોતું કરેલુ!**

આ પહેલા આ યોજના અત્યાર સુધી લાગુ ન કરવા માટે પીઠે નારાજગી પ્રગટ કરતા કહ્યું હતું કે ૮ જાન્યુઆરી ૨૦૨૫ ના આદેશ છતાં કેન્દ્ર સરકારના તો આદેશનું પાલન કર્યુ કે ના તો સમય વધારવાની માંગને લઈને કોઈ અરજી દાખલ કરી

**બચાવ-જીઆઈ સહયોગ નથી કરતી:**

સરકાર તરફથી બેન્ચને જણાવવામાં આવ્યું કે અકસ્માત પિડીતોને કેશલેસ સારવાર આપવા માટે એક મુસદા યોજના તૈયાર કરાઈ હતી પણ જનરલ ઈંસ્યોરન્સ કાઉન્સીલ ઉઠાવવાનાં કારણે તેમાં મોડુ થયુ છે. જીઆઈસી સહયોગ નથી કરી રહી!

# ૨૦૨૮ થી IPL માં ૮૪ કે ૯૪ મેચો રમાડવા તૈયારી

### ટીમોની સંખ્યા ૧૦ની જ રહેશે પણ મેચ વધશે

મુંબઈ :

IPLના ચેરમેન અરુણ ધુમલે આગામી મીડિયા-રાઇટ સીઝન ૨૦૨૮થી ટુર્નામેન્ટમાં કોઈ પણ નવી ટીમ ઉમેર્યા વગર ૮૪થી ૯૪ મેચ રમાશે એવા સંકેત આપ્યા છે. ૨૦૨૨થી હમણાં સુધી IPLમાં ૧૦ ટીમ વચ્ચે ૭૪ મેચેની સીઝન રમાઈ રહી છે.

તેમણે એક ઇન્ટરવ્યુમાં કહ્યું, ‘અમે ICCમાં ચર્ચા કરી રહ્યા છીએ, અમે BCCIમાં આંતરિક ચર્ચા કરી રહ્યા છીએ.

દ્વિપક્ષીય અને ICC ઈવેન્ટ્સ, ફ્રેન્ચાઇઝી ક્રિકેટ અને T20 ક્રિકેટના સંદર્ભમાં ફેન્સની રુચિ કેવી રીત બદલાઈ રહી છે એ જોતાં અમે એના વિશે વધુ ગંભીરતાથી વાત કરવી પડશે અને રમતના હિસ્સેદારો માટે મહત્તમ મૂલ્ય કેવી રીતે બનાવી શકીએ એ જોવું પડશે. આદર્શ રીતે, અમે એક મોટી વિન્ડો રાખવા માગીએ છીએ, કદાચ કોઈ સમયે ૭૪થી ૮૪ અથવા ૯૪ મેચ સુધી જઈશું... જેથી દરેક ટીમને ઘરે અને બહાર દરેક ટીમ સામે રમવાની તક મળે, એના માટે અમારે ૯૪ મેચની જરૂર છે. હાલમાં (ટીમની સંખ્યા મામલે) દસ એક સારો આંકડો છે. ટુર્નામેન્ટમાં રસ અને આપણે જે ક્રિકેટ રમીએ છીએ એની ગુણવત્તા સર્વોપરી છે.

# ‘દિકરીઓ બોજારૂપ નથી’, સગાઈમાં વરરાજાએ ૫૧ લાખનું દહેજ લેવાની ના પાડી : વીડિયો વાયરલ

ગાઝિયાબાદ : દહેજ એક પ્રથા છે. તેનો સામાજિક બહિષ્કાર થવો જોઈએ. દહેજના કારણે ઘણા પરિવારો દીકરીઓના લગ્ન કરી શકતાં નથી. એવું નથી કે દીકરીઓ કોઈ પરિવાર પર બોજારૂપ છે.

આ વિચારીને સોમવારે ભિકણપુર ગામમાં સગાઈના કાર્યક્રમ દરમિયાન વરરાજાએ દહેજમાં મળેલા ૫૧ લાખ રૂપિયા પરત કરી દીધાં, આ પહેલ હવે આ વિસ્તારમાં ચર્ચાનો વિષય બની છે. ભીકણપુર ગામમાં રહેતાં વિશ્વજીત બિલ્ડિંગનું નિર્માણ કાર્ય કરે છે. વિશ્વજીતના લગ્ન મુઝફ્ફરનગરના રેકડા ગામની રહેવાસી રૂપા સાથે થયા છે. તેણે લગ્ન નક્કી કરતી વખતે સ્પષ્ટ કહ્યું હતું કે તે લગ્નમાં દહેજ નહીં લે. વિધિ તરીકે એક રૂપિયાનો સંબંધ રહેશે.

**ધાર્મિક વિધિઓ દરમિયાન આપવામાં આવતાં ચાંદીનાં પૈસા :-**

લગ્ન નક્કી થયાં બાદ સોમવારે મુઝફ્ફરનગરથી યુવતી તરફથી લોકો સગાઈ કરવા માટે ભિકણપુર આવ્યા હતા. વિધિ દરમિયાન ચાંદીનો એક રૂપિયો આપવામાં આવ્યો હતો, જે વિશ્વજીતે લીધો હતો. આ દરમિયાન યુવતીના ભાઈએ તેને દહેજમાં ૫૧ લાખ



રૂપિયાની રોકડ ભરેલી પ્લેટ આપી હતી, જે વિશ્વજીત પરત કરી હતી.

યુવતીનાં પરિવારજનોના ઘણાં પ્રયત્નો બાદ પણ તે દહેજના પૈસા લેવા તૈયાર ન થયો તેણે કહ્યું કે તેને પણ ત્રણ બહેનો છે, તેનો પરિવાર દહેજની વિરુદ્ધ છે. આ કારણે તેઓ દહેજ લેવા માટે રાજી ન થયો. સગાઇના કાર્યક્રમ દરમિયાન દહેજમાં મળેલા પૈસા ભરેલી થાળી પરત આપવાનો વીડિયો કાર્યક્રમમાં હાજર કોઇએ મોબાઇલ પર બનાવ્યો હતો, જે હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. આ વીડિયો જોઈને લોકો દહેજમાં મળેલા પૈસા પરત કરનાર વરરાજાના વખાણ કરી રહ્યાં છે, લોકોનું કહેવું છે કે જો બધા આવું વિચારવા લાગે તો દહેજના અભાવે કોઈ પણ પરિવારની દીકરીના લગ્નમાં કોઈ અડચણ નહીં આવે, આવી પહેલ દરેકે કરવી જોઈએ. યુવતીના ભાઈ જીત અહલાવતે આ ઘટનાક્રમની પુષ્ટિ કરતાં તેને એક સારી પહેલ ગણાવી હતી.

# વૈભવ સૂર્યવંશીના ૧૦૧ રનની ઉજવણી કરવા રાહુલ દ્રવિડ, વ્હીલચેર પરથી ઊભા થઈ તાળીથી વધાવ્યો




રાજસ્થાન રોયલ્સ (RR) ના મુખ્ય કોચ રાહુલ દ્રવિડ, જે હાલમાં ઈજાગ્રસ્ત છે અને વ્હીલચેર પર મેદાનમાં આવે છે, તેમણે સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં શાનદાર સદી ફટકાર્યા બાદ યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીની પ્રશંસા કરી હતી. વૈભવ સૂર્યવંશીની આ સિદ્ધિ પછી, દ્રવિડ, વૈભવના સાથી ખેલાડીઓ અને રોયલ્સનો સપોર્ટ સ્ટાફ ઉભા થઈને તેનું સ્વાગત કર્યું.

તાજેતરમાં બેંગલુરુમાં ક્રિકેટ રમતી વખતે ઈજાગ્રસ્ત થયેલો દ્રવિડ તેની રિકવરી દરમિયાન રોયલ્સ સાથે મુસાફરી કરી રહ્યો છે.જ્યારે વૈભવે પોતાની સદી પૂર્ણ કરી, ત્યારે રાહુલ દ્રવિડ પોતાની વ્હીલચેર પરથી ઉઠ્યો અને વૈભવ માટે ઉજવણી કરવા લાગ્યો. તે બરાબર ઊભો પણ નહોતો રહી શકતો, છતાં તે સૂર્યવંશી માટે ઊભો રહ્યો અને ખેલાડીઓને ખૂબ પ્રોત્સાહન આપ્યું.

# આજે કોલકતા સામે દિલ્હીની અગ્નિ પરીક્ષાઃ બન્ને ટીમો માટે જીત અનિવાર્ય



નવી દિલ્હીઃ IPL 2025ની ૪૮મી મેચ આજે દિલ્હી કેપિટલ્સ (DC) અને કોલકાતા નાઈટ રાઇડર્સ (KKR) વચ્ચે રમાશે. છેલ્લી સીઝનની બન્ને મેચમાં કલકત્તાએ દિલ્હીને માત આપી હતી. અરુણ જેટલી સ્ટેડિયમમાં બન્ને ટીમનો રેકોર્ડ બરાબરીનો રહ્યો છે. બન્ને ટીમ આ મેદાન પર ૧૧ વખત ટકરાઈ છે. જેમાં પાંચ-પાંચ મેચ જીતી છે, જ્યારે એક મેચ નો રિઝલ્ટ રહી હતી. ૨૦૧૭ બાદ રમાયેલી ત્રણેય મેચમાં હોમ ટીમે કલકત્તા સામે બાજી મારી છે. સીઝનની શરૂઆતથી દબદબો બનાવનારી દિલ્હીની ટીમને છેલ્લી પાંચ મેચમાં જ પોતાની ત્રણેય હાર મળી છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન કલકત્તા છેલ્લી ત્રણ મેચ જીતી શક્યું નથી જેમાં બે હાર અને એક મેચ વરસાદને કારણે નો રિઝલ્ટ રહી હતા. પ્લેઓફમાં એન્ટ્રી કરવા માટેના ૧૬ પોઈન્ટ પ્રાપ્ત કરવા દિલ્હીને પાંચમાંથી બે મેચમાં અને કલકત્તાને આગામી પાંચેય મેચમાં જીતની જરૂર છે. એક પણ હારથી કલકત્તાની ટોપ-ફોરમાં રહેવાની આશાને નુકસાન પહોંચી શકે છે.

**હેડ-ટુ-હેડ રેકોર્ડ**

| | |
|---|---|
| કુલ મેચ | ૩૪ |
| KKRની જીત | ૧૮ |
| DCની જીત | ૧૫ |
| નો રિઝલ્ટ | ૧ |



# ચીસાચીસ...નાસભાગઃ અમદાવાદના પ્રવાસીએ બૈસરનવેલીમાં ઉતારેલો કંપાવી દેતો વીડિયો વાયરલ



અમદાવાદ : ૨૨ એપ્રિલે બપોરે પહલગામની બૈસરન વેલીમાં થયેલા આતંકવાદી હુમલા સમયે એક અમદાવાદી પ્રવાસી ઝિપલાઇનની મજા માણી રહ્યો હતો એ સમયે તેણે ઉતારેલા વિડિયોમાં આકસ્મિક રીતે નીચે ઘાસના મેદાનમાં ટૂરિસ્ટો પર કરવામાં આવેલા ગોળીબારની ક્ષણો પણ કેદ થઈ છે. ૪૩ સેકન્ડનો આ વિડિયો ગઈ કાલથી સોશ્યલ મીડિયામાં વાઇરલ થયો છે. આ પ્રવાસીએ લીધેલા વિડિયોનાં ફુટેજમાં ગોળીબાર થતાં લોકો ગભરાટમાં ભાગી રહેલા દેખાય છે, ફુટેજ પૂરું થવામાં હોય છે ત્યારે એક વ્યક્તિને ગોળી વાગતાં તે નીચે પડી જાય છે એ પણ સ્પષ્ટ દેખાય છે.

# બદરીનાથ ધામમાં નવા નિયમો લાગુ : ફોટોગ્રાફી-વિડીયો કોલીંગ કર્યો તો દંડ

## ભકતોએ મંદિરમાં કાપડના ચપ્પલ-જુતા પહેરવા પડશે : દર્શન માટે સ્લોટ સિસ્ટમ

દહેરાદુન, તા.૨૯

આ વખતે ચારધામ યાત્રાને વ્યવસ્થિત અને સુરક્ષિત બનાવવા માટે વહીવટીતંત્રે બદ્રીનાથ ધામમાં ઘણી નવી વ્યવસ્થાઓ લાગુ કરી છે. મંદિર પરિસરમાં વીડિયો કોલિંગ અને ફોટોગ્રાફી પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. જો તેનું ઉલ્લંઘન કરવામાં આવશે તો ભકતો પર ૫૦૦૦ રૂપિયાનો દંડ વસૂલવામાં આવશે.



સોમવારે જિલ્લા મેજિસ્ટ્રેટ ડો.સંદીપ તિવારીએ પ્રવાસ વ્યવસ્થા અંગે બેઠક યોજી હતી અને તમામ સંબંધિત અધિકારીઓ અને હિતધારકો સાથે ચર્ચા કરી હતી. યાત્રાને વધુ સારી બનાવવા માટે બેઠકમાં ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા.

બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે ધામમાં ભક્તોને કાપડના ચપ્પલ અને જાડા મોજાં પહેરવાની સલાહ આપવામાં આવશે. આ માટે હોટલ માલિકોને કાપડના ચંપલ અને મોજાં આપવા સૂચના આપવામાં આવી છે. તેમજ મંદિર પરિસરની આસપાસ ચંપલના ઢગલાથી થતી અવ્યવસ્થાને રોકવા માટે સાકેત તિરાહા ખાતે શૂ સ્ટેન્ડ બનાવવામાં આવશે. યાત્રાના રૂટ પર ટ્રાફિક અને પાર્કિંગની વ્યવસ્થા અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું છે. પોલીસ અધિક્ષક સર્વેશ પંવરે જણાવ્યું હતું કે હોટલ માલિકોએ બુક કરેલા વાહનો માટે પાર્કિંગની વ્યવસ્થા નિશ્ચિત કરવી પડશે, અન્યથા ચલણની કાર્યવાહી કરવામાં આવશે.

શ્રદ્ધાળુઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને તમામ હોટલોમાં ફરજિયાતપણે ઓક્સિજન કોન્સન્ટ્રેટર રાખવા સૂચના આપવામાં આવી છે.

આ વખતે મંદિર દર્શન માટે સ્લોટ સિસ્ટમ લાગુ કરવામાં આવી છે. નિર્ધારિત સમયે દર્શન માટે શ્રદ્ધાળુઓને ટોકન આપવામાં આવશે.

### સોમવાર કરતાં તાપમાન મામુલી ઘટયુ પણ પવનની ઝડપ 'ડબલ'


# રાજકોટમાં બપોરે પારો ૪૪.૪ ડીગ્રીઃ ૨૮ કીમીની ઝડપે ચામડી દઝાડતી લુ

## સાંજ સુધીમાં પારો ૪૫ ડીગ્રી આસપાસ રહી શકેઃ કાલે પણ હજુ હીટવેવની સ્થિતિ રહેવાની ચેતવણીઃ માર્કેટ-માર્ગો સુમસામ

રાજકોટ તા.૨૯

રાજકોટમાં સોમવારે રેકોર્ડબ્રેક તાપમાન નોંધાયા બાદ આજે મામુલી રાહત હતી બપોરે પારો ૪૪.૪ ડીગ્રી રહ્યો હતો જે સાંજ સુધીમાં ૪૫ ડીગ્રીએ પહોંચવાની શકયતા છે. પવનની ઝડપ વધતા તાપમાન સામાન્ય નીચુ રહ્યાનું મનાય છે.

હવામાન વિભાગના રીપોર્ટ પ્રમાણે રાજકોટમાં આજે બપોરે તાપમાનનો પારો ૪૪.૪ ડીગ્રી રહ્યું હતું. જે ગઈકાલે બપોરે જ ૪૫.૪ ડીગ્રી હતી સાંજે મહતમ ૪૬.૨ ડીગ્રીના રેકોર્ડસ્તરે પહોંચી ગયાનું ઉલ્લેખનીય છે ૪૬.૨ ડીગ્રી તાપમાન નોંધાતા દાખલાઓનો રેકોર્ડ તૂટયો હતો.



હવામાન વિભાગનાં સુત્રોએ કહ્યું હતું કે આજે પણ સુર્યકોપ યથાવત જ હોવાની સ્થિતિ છે. છતા પવનનું જોર વધતા પારો થોડો નીચો રહ્યો છે. આજે બપોરે પવનની ઝડપ ૨૪ કીમીની રહી હતી જે ગઈકાલે ૧૨ કીમી હતી. આજે ભેજનું પ્રમાણ ૨૮ ટકા હતું તે ગઈકાલે ૨૭ ટકા હતું.

તાપમાનમાં મામુલી રાહત છતાં હીટવેવ જેવી જ હાલત હતી. ગરમાગરમ પવન-લુથી લોકો ત્રસ્ત હતા અને માર્ગો-બજારો સુમસામ રહ્યા હતા. સરકારી તંત્ર દ્વારા હીટવેવની સ્થિતિને ધ્યાને રાખીને આકરા સુર્યતાપમાં ઘરની બહાર નહિં નીકળવા સહીતની સલાહ સાથેની માર્ગદર્શિકા જારી કરી જ છે.

આવતીકાલ સુધી હીટવેવ રહેવાની આગાહી છે જ. હવામાન વિભાગ દ્વારા હજુ પાંચ દિવસ વાતાવરણ શુષ્ક જ રહેવાનું સુચવ્યુ છે. નવા વેસ્ટર્ન ડીસ્ટર્બન્સની અસરે ઉતર ભારતના રાજયોમાં આવતીકાલથી હવામાન પલટાની સંભાવના દર્શાવવામાં આવી હોવા છતાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, તથા મધ્ય પ્રદેશમાં હવામાન યથાવત રહેવાની આગાહી હોવાનું ઉલ્લેખનીય છે.

આ સંજોગોમાં આકરી ગરમીમાંથી રાહત મળવાની શકયતા નથી.

# મુસાફરો ભારે ભુલકણા; રાજકોટ રેલ્વે ડિવિઝનનાં સ્ટેશનો પર એક વર્ષમાં ૩૪૩ યાત્રિકો કિંમતી-સરસામાન ભુલી ગયા

## રેલ્વે સુરક્ષા દળે રૂા.૫૬.૪૯ લાખનો સામાન ખરાઈ કર્યા બાદ મુસાફરોને પરત કર્યાઃ મોબાઈલ,



રાજકોટ તા.૨૯

રેલ્વે મુસાફરી દરમિયાન અનેક મુસાફરો પોતાનો કિંમતી સરસામાન, મોબાઈલ, પર્સ સહિતની ચીજવસ્તુઓ ભુલી જતા હોય આવા કિસ્સામાં રેલ્વે સુરક્ષા દળ રેલ યાત્રિકોની મદદે પહોંચી જાય છે. રાજકોટ ડિવિઝનમાં (નાણાંકિય વર્ષ- ૨૦૨૪) ગત એક વર્ષ દરમિયાન ૩૪૩ યાત્રિકો પોતાના કિંમતી સરસામાન પ્લેટફોર્મ, ટ્રેન, ટિકિટબારી, પાસે ભુલી જતા રેલ્વે સુરક્ષા દળે રૂા.૫૬,૪૯,૬૬૨નો સરસામાન ખરાઈ કર્યા બાદ મુળ માલીક યાત્રિકને પરત કરી મુસાફરોને સુરક્ષા સાથે સહાયતા કરવાનું પ્રસંશનીય કાર્ય કર્યુ છે.

વર્તમાન ભાગદોડ વાળી જીંદગીમાં સમયાંતરે ટ્રેન, બસ, હવાઈ યાત્રા દરમિયાન ઘણા મુસાપરો પોતાનો કિંમતી સામાન ભુલી જતા હોય છે. બાદ ભુલી ગયેલ સામાન પરત મળે તેવી ઈશ્વર પ્રાર્થના કરતા હોય છે. ફલ સ્વરૂપ સામાન પરત પણ મળી જતો હોય છે. સામાન ભુલી જવામાં રેલ યાત્રિકોની સંખ્યા વધુ જોવા મળે છે. ટ્રેનનું પ્લેટફોર્મમાં આગમન થતા સામાન ભુલી દોટ મુકતા હોય છે. નિયત સ્થળે ઉતાવળે ઉતરવા પણ ટ્રેનમાં સામાન ભુલી જતા હોય આવા કિસ્સામાં પશ્ચિમ રેલવે સુરક્ષા દળ યાત્રિકોની મદદે પહોંચી તેમનો ભુલાયેલ, ગુમ, ચોરી થયેલ કિંમતી સામાન શોધી ખરાઈ કર્યા બાદ યાત્રિકોને પરત આપવામાં આવે છે. રાજકોટ ડિવિઝનના રેલ્વે સ્ટેશન એક વર્ષ દરમિયાન ૩૪૩ યાત્રિકો સામાન ભુલી જતા રૂા.૫૬,૪૯,૬૬૨ની કિંમતનો સામાન આરપીએફ દ્વારા પરત કરવામાં આવ્યો હતો.

શૈક્ષણિક ઉનાળુ વેકેશન, જન્માષ્ટમી, નવરાત્રી, દિવાળી, છઠ પૂજા, નૂતન વર્ષ- ભાઈબીજના તહેવારોમાં રાજકોટ ડિવિઝનમાં રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા જીલ્લાના

### એક વર્ષ દરમિયાન ૩૪૩ યાત્રિકોને સામાન પરત મળ્યો

| માસ-૨૦૨૪ | યાત્રિકોની સંખ્યા | સામાનની કિંમત |
|---|---|---|
| જાન્યુઆરી | ૨૩ | ૪૨૭૬૬૬ |
| ફેબ્રુઆરી | ૪૧ | ૬૮૩૩૨૬ |
| માર્ચ | ૧૮ | ૪૨૩૦૬૦ |
| એપ્રિલ | ૩૭ | ૪૩૦૪૬૯ |
| મે | ૩૨ | ૮૨૧૫૨૦ |
| જુન | ૨૫ | ૪૨૮૧૭૦ |
| જુલાઈ | ૨૪ | ૨૧૦૦૪૦ |
| ઓગષ્ટ | ૨૪ | ૫૫૬૯૭૦ |
| સપ્ટેમ્બર | ૨૯ | ૨૭૫૯૭૬ |
| ઓકટોબર | ૩૩ | ૪૭૩૨૮૯ |
| નવેમ્બર | ૩૪ | ૫૯૬૩૭૫ |
| ડિસેમ્બર | ૨૩ | ૩૨૨૮૦૧ |
| વર્ષ-૨૦૨૪ | | કુલ ૩૪૩ |
| કુલ રૂા.૫૬૪૯૬૬૨ | | |

વિવિધ રેલ્વે સ્ટેશનો પર એક વર્ષ દરમિયાન યાત્રિકો પોતાનો કિંમતી સરસામાન રેલ્વે સ્ટેશન, પ્લેટફોર્મ, ટ્રેનમાં ભુલી જતા જે તે રેલ્વે સ્ટેશનના આરપીએફ જમા લઈ યાત્રિકોની દાદ-ફરિયાદ, અરજી અંગે તપાસ કરી મુળ માલીકને શોધી સામાન પરત કરવામાં આવે છે.

પશ્ચિમ રેલવે સુરક્ષા દળના સૂત્રોના જણાવ્યા મુજબ રાજકોટ ડિવિઝનમાં વિવિધ સ્ટેશનો પરથી મળી આવતા કિંમતી સામાન હસ્તગત કરી સીસીટીવી ફૂટેજ, સામાન રહેલી કોઈ ઓળખ ડોકયુમેન્ટ આધારે તપાસ કરી સામાન મુળ માલીકને રૂબરૂ બોલાવી પરત કરવામાં આવે છે. ઘણી વખત યાત્રિકો દ્વારા રેલ મદદ એપમાં પોતાની અરજી-ફરીયાદ કરતા તેની તપાસમાં તેમનો સરસામાન ચીજવસ્તુ શોધી કરાઈ કર્યા બાદ પરત કરવામાં આવે છે. રાજકોટ ડિવિઝનમાં ગત વર્ષ ૨૦૨૪માં ૩૪૩ મુસાફરોને પોતાનો કિંમતી સામાન પરત મળતા રેલ સુરક્ષા દળની સરાહના થઈ રહી છે.

# સોશ્યલ મિડીયામાં ટાસ્ક, રેટિંગના નામ ફ્રોડઃ રૂા.૪.૨૦ લાખ પરત કરાવતી પોલીસ

## ગુમ થયેલ ૫ મોબાઈલ અને એક લેપટોપ પણ પરત કરાવ્યા : ગાંધીગ્રામ પોલીસની કાર્યવાહીઃ તમે ફ્રોડનો ભોગ બન્યાં છો તો પોલીસ પાસે આવો



રાજકોટ. તા.૨૯

સોશિયલ મિડીયામાં ટાસ્ક, રેટિંગના નામ ફ્રોડ થતાં ગાંધીગ્રામ પોલીસે રૂ.૪.૨૦ લાખ તેમજ ગુમ થયેલ ૫ મોબાઈલ અને એક લેપટોપ પણ પરત કરાવ્યા હતા.

હાલના સમયમાં લોકો લોભ, લાલચ કે ડરના કારણે અથવા તો ટેકનોલોજીની જાણકારીના અભાવે સાયબર ક્રાઈમનો ભોગ બની રહ્યા છે ત્યારે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન વિસ્તારના લોકોને જયારે સાયબર ક્રાઇમના બનાવ બાબતે કોઇ મદદ જોઇતી હોય અથવા તો સાયબર ક્રાઈમનો ભોગ બને ત્યારે તેઓની અરજી ફરીયાદમાં ત્વરીત કાર્યવાહી કરી સાયબર ફ્રોડમાં ગયેલ નાણા પરત અપાવવા શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગરીયા, ડીસીપી જગદીશ બાંગરવા અને એસીપી રાધીકા ભારાઇ દ્વારા આપેલ સૂચનાથી પીઆઈ એસ.આર. મેઘાણીના માર્ગદર્શન હેઠળ સાયબર ફ્રોડના ભોગ બનેલા લોકોના નાણા સાયબર સ્કોડ દ્વારા રૂ. ૪,૨૦,૧૮૦ પરત અપાવેલ છે.

જેમાં ભોગ-બનનારાઓ સાથે બનેલ બનાવમાં ખોટા ક્રેડિટ ટ્રાન્જેક્શનના મેસેજ મોકલી, ટેલિગ્રામમાં અલગ-અલગ ટાસ્ક દ્વારા, ફેસબુક/ઇન્સ્ટાગ્રામ પર શેર બજારની ટીપ્સ આપવાના નામે ઇન્વેસ્ટ કરવા માટે ફેક એપ્સ ડાઉનલોડ કરાવી, ગુગલ સર્ચ એન્જિન પર નંબર સર્ચ કરાવી, ફેસબુક પર લોનની કરાવી આપવાની જાહેરાતના નામે ફ્રોડ થયા હતાં. તેમજ ગાંધીગ્રામ વિસ્તારમાંથી ગુમ થયેલ પાંચ મોબાઈલ અને એક લેપટોપ પણ પોલીસે શોધી કાઢી અરજદારને પરત કરાવ્યા હતાં.

### સાયબર ફ્રોડના ભોગ ન બનો તે માટે તકેદારીના પગલા

રાજકોટ. તા.૨૯ : ટાસ્ક/રીવ્યુના નામે ઘરબેઠા કમાવાની સ્કીમથી દૂર રહો, વિશ્વાસપાત્ર એપ સિવાય ઓનલાઈન લોન લેવી નહી, ક્રિપ્ટો/ઓનલાઇન ઇન્વેસ્ટમેન્ટ રૂબરૂ મુલાકાત અને કાયદેસરની કાગળ પરની પ્રક્રિયા સિવાય કરવુ નહીં, અજાણી લીંક પર કયારેય કલીક કરવું નહીં કે ડાઉનલોડ કરવી નહીં, ગુગલ પરથી કસ્ટમર કેર નંબર શોધવા કરતા જે તે ઓથેન્ટીંકિશન એપ પરથી જ મેળવાનો આગ્રહ રાખવો, આધાર કાર્ડ ને બાયોમેટ્રીક લોક રાખવા સોશીયલ મિડીયા પ્લેટફોર્મ પર અજાણી વ્યકિતની ફ્રેન્ડ રિકવેસ્ટ સ્વીકારવી નહીં, સોશીયલ મિડીયા પ્લેટફોર્મ પર હંમેશા ટુ ફેક્ટર ઓથેન્ટીકિશનચાલુ રાખો, સોશીયલ મિડીયા પ્લેટફોર્મ પરથી વસ્તુ ખરીદવાનુ ટાળવું.

# દૂધસાગર રોડ પર દુકાન ભાડે ન આપતા યુવાન પર ૩ શખ્સોનો ફરસી વડે હુમલો

## કોઠારીયા કોલોનીમાં મહેશભાઈ ખેરને તેના જ કૌટુંબિક સગા રાહુલ અને બળવંતએ ધોકાથી માર માર્યો, પારેવડી ચોક પાસે ખોડીયારપરામાં બાબુએ તેના જ ભાઈ અરવિંદને હાથમાં છરી ઝીંકી

રાજકોટ, તા.૨૯

શહેરમાં જુદી જુદી ૩ જગ્યાએ મારામારીના ત્રણ બનાવો બન્યા હતા જેમાં ત્રણ લોકો ઘવાતા તેને સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધી હતી.

ગંજીવાડામાં શેરી નંબર ૪૬ માં રહેતા સાગર રમેશ વચકાણી (ઉંમર વર્ષ ૨૬)ને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. તેણે હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફને નિવેદન આપતા જણાવ્યું હતું કે, તે ગઈકાલે બપોરે ત્રણ વાગે દૂધસાગર રોડ પર જીઇબીની ઓફિસ સામે હતો. ત્યારે સંજય, શનિ ધામેચા અને કાળુંએ ફરસી વડે હુમલો કરી માર માર્યો હતો. સાગરને ઇજા થઈ હોય તેને સર્જરી વોર્ડ નંબર ૧ માં ખસેડવામાં આવ્યો હતો. પૂછપરછમાં જાણવા મળેલ કે, સાગરના ભાઈ રોહિતને દૂધસાગર રોડ પર જીઇબી ઓફિસ સામે દુકાન આવેલી છે. જે ભાડે આપવાની હતી. પહેલા આ દુકાન સંજય ભાડે રાખે તેવી વાત થઈ હતી, પરંતુ બાદમાં સંજયને દુકાન ભાડે ન આપતા તે વાતનો ખાર રાખી હુમલો કર્યો હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળેલ છે. થોરાળા પોલીસે આ બાબતે નિવેદન નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અન્ય એક બનાવમાં સોરઠીયાવાડી સર્કલ પાસે કોઠારીયા કોલોનીમાં રહેતા મહેશભાઈ માવજીભાઈ ખેર (ઉં. વ.૪૬) તેના ઘરે હતા ત્યારે તેના કૌટુંબિક ભત્રીજા રાહુલ દિનેશભાઈ અને બળવંતે આવી ઝઘડો કરી ધોકા વડે માર માર્યો હતો. જેથી મહેશભાઈને ઇજાગ્રસ્ત હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલના વોર્ડ સર્જરી -૧ માં દાખલ કરવામાં આવ્યા હતા. ભક્તિનગર પોલીસે મહેશભાઈનું નિવેદન લઈ કાયદેસર કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરી હતી. બીજા એક બનાવમાં પારેવડી ચોકમાં આવેલ ખોડીયારપરા શેરી નંબર ૯માં રહેતા અરવિંદ ભીખાભાઈ મકવાણા (ઉંમર વર્ષ ૫ ગઈકાલે બપોરે ૧:૩૦ વાગે પોતાના ઘરે હતા. ત્યારે તેના ભાઈ બાબુએ છરી વડે હુમલો કરતા વચ્ચે હાથ નાખી દેતા હથેળીમાં છરીનો છરકો પડ્યો હતો. તેથી તેને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ. બી ડિવિઝન પોલીસે અરવિંદનું નિવેદન નોંધ્યું છે અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## પાકે સાયબર એટેકની કોશીશ કરીઃ IOK નામથી હેકીંગનો પ્રયાસ

ભારતના આક્રમક વલણથી ગભરાયેલા પાકિસ્તાને હવે ભારતમાં એક આર્મી સ્કુલની વેબસાઈટ હેક કરવા કોશીશ કરી હતી. ઈંધણું નામે હેકર્સ આ અંગે કરેલા પ્રયાસને નિષ્ફળ બનાવાયો છે.

## ચંડોળા તળાવ ડિમોલીશન મુખ્યમંત્રી સી.પી. ઓફિસે પહોંચ્યા

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનું મોનેટરીંગઃ મુખ્યમંત્રી પોલીસ કમિશ્નર ઓફીસે પહોંચીને આ ડીમોલીશન અંગે પોલીસ વડા પાસેથી માહિતી મેળવી છે.

## બાંગ્લાદેશી/પાકિસ્તાનીઓને રક્ષણ આપવાનો કોંગ્રેસનો એજન્ડા નિષ્ફળઃ હર્ષ સંઘવી

ગુજરાત હાઈકોર્ટે અડોળા તળાવમાં ડિમોલીશન રોકવાની માંગણી કરતી અરજી ફગાવી તેના પર ટવીટ કરતા ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ લખ્યું કે હાઈકોર્ટનો નિર્ણય આવકાર્ય છે. પાકિસ્તાન-બાંગ્લાદેશીઓને ગેરકાનુની કામોમાં મદદ કરવાની કોંગ્રેસની નીતિ નિષ્ફળ નિવડી છે.

# નવાગામ નદીના કાંઠે આવેલા મકાનમાંથી દારૂની ૨૫૬ બોટલ સાથે ચાર શખ્સો ઝડપાયા

## એલસીબી ઝોન-૧ નો દરોડોઃ મુખ્ય સૂત્રધાર સાગરે જસદણના પાતરાથી દારૂ મંગાવ્યો હોવાનું ખુલ્યુંઃ રૂ.૧.૦૬ લાખનો મુદામાલ જપ્ત

રાજકોટ. તા.૨૯

નવાગામ નદીના કાંઠે આવેલા મકાનમાંથી દારૂની ૨૫૬ બોટલ સાથે ચાર શખ્સોને એલસીબી ઝોન-૧ ની ટીમે પકડી પાડી રૂ.૧.૦૬ લાખનો મુદામાલ જપ્ત કર્યો હતો. મુખ્ય સૂત્રધાર સાગરે જસદણના પાતરાથી દારૂ મંગાવ્યો હોવાનું ખુલ્યું હતું.

દારૂના દરોડાની જાણવા મળતી વિગતો મુજબ, એલસીબી ઝોન-૧ ના પી.એસ.આઇ બી.વી.ચુડાસમાની રાહબરી હેઠળ હેડ કોન્સ્ટેબલ એચ.આર.પરમાર, કોન્સ્ટેબલ સત્યજીતસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ જાડેજા અને રવિરાજભાઈ પટગીર સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન મળેલી બાતમીના આધારે નવાગામ નદીના કાંઠે મધુવન પાર્ક બ્લોક નંબર-૧૨ માં આવેલા મકાનમાં દરોડો પાડ્યો હતો. અહીં મકાનમાંથી દારૂની ૪૮ બોટલ તથા ૨૦૮ ચપલા સહિત કુલ રૂપિયા ૧.૦૬ લાખનો દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે દારૂના આ જથ્થા સાથે અજય કરમશીભાઈ સાકરીયા (ઉ.વ ૨૦ રહે. મધુવન પાર્ક બ્લોક નંબર ૧૨), સાગર સામાભાઈ જોગરાજીયા (ઉ.વ ૨૪), સુરેશ કડવાભાઈ જોગરાજીયા (ઉ.વ ૨૨ રહે. બંને છાસીયા તા. વીંછિયા) અને વિશાલ મનસુખ મેર (ઉ.વ ૨૦ રહે. નવાગામ રંગીલા સોસાયટી પાણીના ટાંકા પાસે) ને ઝડપી લીધા હતા.

આરોપીઓની પૂછતાછ કરતા સાગર મુખ્ય સૂત્રધાર હોવાનું માલુમ પડ્યું હતું.દારૂનો આ જથ્થો જસદણના પાતરા ગામમાંથી વેચવા માટે અહીં લાવ્યા હોવાની કબુલાત આપી હતી.

પોલીસે દારૂનો આ જથ્થો અને મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા ૧,૧૧, ૨૭૨ નો મુદ્દામાલ કબજે કરી ત્યારે આરોપીઓ સામે પ્રોહિબિશન એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# ગુજરાત-મહારાષ્ટ્ર-રાજસ્થાન-મધ્યપ્રદેશ સિવાયના રાજયોમાં આવતીકાલથી હવામાન પલ્ટો

## વરસાદ-આંધીની સ્થિતિ સર્જાશે; ગરમીમાંથી રાહત મળશે

નવી દિલ્હી તા.૨૯

દેશના અનેક ભાગોમાં સૂર્યકોપની સ્થિતિ પ્રવર્તી રહી છે. આવતીકાલથી ખાસ કરીને ઉતર ભારતના રાજયોમાં નવા વેસ્ટર્ન ડીસ્ટર્બન્સની અસરે હવામાનપલ્ટો થશે. વરસાદ-આંધીની સ્થિતિથી ગરમીમાં રાહત થશે. જો કે, ગુજરાત-મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ તથા રાજસ્થાન જેવા રાજયોના હવામાનમાં કોઈ બદલાવ નહી થાય.

એપ્રિલ

હવામાન વિભાગની આગાહી મુજબ, ઉત્તર ભારતમાં હવામાનનો મિજાજ બદલવાનો છે. હાલ એનસીઆર સહિત પશ્ચિમ ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણા, રાજસ્થાન તેમજ મધ્યપ્રદેશના લોકો ભીષણ ગરમીનો સામનો કરી રહ્યા છે, જોકે આગામી એક-બે દિવસમાં તેઓની રાહત મળવાની શક્યતા વ્યક્ત કરાઈ છે.

હવામાન વિભાગ જણાવ્યા મુજબ, હીટવેવથી પરેશાન મેદાની વિસ્તારોમાં ૩૦ એપ્રિલ બાદ રાહત મળવાની શરૂ થઈ જશે. બે મેથી એક નવા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની શરૂઆત થશે, જેના કારણે લગભગ એક સપ્તાહ સુધી ઉત્તર ભારતના તાપમાનમાં વધારો થશે નહીં,

આઈએમડીનું માનવું છે કે, દક્ષિણી રાજસ્થાન, ગુજરાત, દક્ષિમ-પશ્ચિમ મધ્ય પ્રદેશ અને ઉત્તર મહારાષ્ટ્ર સિવાય દેશભરનું હવામાન બદલાવાનું છે. બુધવારથી એટલે કે ૩૦ એપ્રિલથી મોસમની સ્થિતિ બદલવા લાગશે, જેમાં કેટલાક ભાગોમાં વરસાદ અને વાદળીયું વાતાવરણ જોવા મળશે. આ દરમિયાન રાજસ્થાનમાં ભેજવાળી હવાનો અહેસાસ થશે. પશ્ચિમ તરફથી આવનારી ગરમ અને પશ્ચિમ બંગાળની ખાડીથી આવી રહેલી ભેજવાળી હવાના કારણે પૂર્વોત્તર અને પૂર્વ ભાગોમાં કાલ વૈશાખીની સ્થિતિ ઊભી થઈ છે.

જેના કારણે બિહાર, ઉત્તરાખંડ તેમજ બંગાળના ગાજવીજ અને કરા સાથે વરસાદ પડી રહ્યો છે.

દિલ્હી, પંજાબ અને હરિયાણામાં બેથી ત્રણ મે સુધી ધૂળના તોફાન સાથે વરસાદ પડવાનો અંદાજ છે. જમ્મુ-કાશ્મીરથી લઈને ઉત્તર પ્રદેશ તેમજ ઉત્તરાખંડમાં વાવાઝોડું અને વરસાદની સ્થિતિ ઉભી થવાની શક્યતા છે, જે ચાર મે સુધી રહેશે. ઉત્તર પ્રદેશના ઉત્તર અને પૂર્વ ભાગમાં વરસાદ પડી શકે છે અને બુધવારથી તે અન્ય ભાગો તરફ આગળ વધશે. મધ્યપ્રદેશમાં પણ આવી સ્થિતિ જોવા મળશે. જ્યારે ઓડિશાવાસીઓને હિટવેવમાંથી મુક્તિ મળી શકે છે.

# શેરબજારમાં ઉછાળે વેચવાલી : પ્રારંભિક તેજી ન ટકી : સેન્સેકસ મજબુત-નિફટી ડાઉન

રાજકોટ, તા. ૨૯

મુંબઇ શેરબજારમાં આજે ઉછાળે નફારૂપી વેચવાલીને પગલે પ્રારંભિક તેજીનો માહોલ ટકી શકયો ન હતો અને હવામાન મિશ્ર પ્રકારનુ રહ્યું હતું.

શેરબજારમાં આજે શરૂઆત પોઝીટીવ ટોને થઇ હતી પરંતુ ઉછાળે વેચવાલીથી તેજી ટકી શકી ન હતી. વિદેશી સંસ્થાઓની લેવાલી જેવા સારા કારણો મૌજુદ હોવા છતાં ભારત-પાકિસ્તાન વચ્ચે વકરતા ટેન્શન તથા યુધ્ધના માહોલથી સાવચેતી હતી.

શેરબજારમાં આજે અદાણી પોર્ટ, બજાજ ફાઇનાન્સ, એચસીએલ ટેકનો, ઇન્ડુસઇન્ડ બેંક, ઇન્ફોસીસ, રીલાયન્સ, ટીસીએસ વગેરે ઉંચકાયા હતા. એકસીસ બેંક, એચડીએફસી બેંક, કોટક બેંક, મહિન્દ્ર, નેસલે, એનસીટીસી, પાવર ગ્રીડ, સ્ટેટ બેંક, ટાટા મોટર્સ, અલ્ટાટ્રેક સિમેન્ટ, ઓએનજીસીમાં ઘટાડો હતો.

મુંબઇ શેરબજારનો સેન્સેકસ ૨૦ પોઇન્ટ વધીને ૮૦૨૩૯ હતો ઉંચામાં ૮૦૬૬૧ તથા નીચામાં ૯૦૧૧૨ હતો નેશનલ સ્ટોક એકસચેંજનો નિફ્ટી ૧૫ પોઇન્ટના ઘટાડાથી ૨૪૩૧૩ હતો.

# માતાની ઉત્તરક્રિયાના બીજા જ દિવસે પુત્રએ બીમારીથી દમ તોડી દીધો

## સંત કબીર રોડ પર આવેલ મેહુલનગરનો બનાવ, પ્રવીણભાઈ માલીને કેન્સરની બીમારી હતી

રાજકોટ, તા.૨૯

શહેરમાં એક કરુણ બનાવ સામે આવ્યો છે. જેમાં માતાની ઉત્તરક્રિયાના બીજા જ દિવસે પુત્રએ બીમારીથી દમ તોડી દીધો હતો. સંત કબીર રોડ પર આવેલ મેહુલનગરનો આ બનાવ છે. પ્રવીણભાઈ માલીને કેન્સરની બીમારી હતી.


આ અંગે જાણવા મળ્યા મુજબ, પ્રવીણભાઈ વેરશીભાઈ માલી (ઉંમર વર્ષ ૪૩ રહે ભોલેનાથ એપાર્ટમેન્ટ મેહુલ નગર બે સંત કબીર રોડ) આજે સવારે ૫:૦૦ વાગ્યે પોતાના ઘરે હતા ત્યારે અચાનક બેભાન થઈ ગયા હતા તેમને તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અત્રે ઇમરજન્સી વિભાગના ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે બી ડિવિઝન પોલીસને જાણ કરાતા પોલીસે મૃતદેહ પીએમ માટે ખસેડ્યો હતો. પ્રવીણભાઈના પરિવારજનોએ જણાવ્યું હતું કે, પ્રવીણભાઈને મોઢાના કેન્સરની બીમારી હતી. અગાઉ તેઓ જમીન મકાનનું કામકાજ કરતા હતા પરંતુ કેન્સર ડિટેકશન થયા બાદ તેની સારવાર ચાલુ હતી. દરમિયાન થોડા દિવસ પહેલા જ પ્રવીણભાઈના માતા મણીબેનનું અવસાન થયું હતું. અવસાન બાદ ગઈકાલે પાણી ઢોર ઉત્તરક્રિયાની વિધિ હતી. જે બાદ આજે સવારે પરિવારજનો સુતા હતા ત્યારે અચાનક પ્રવીણભાઈ ની તબિયત લથડી હતી અને તેને સારવારમાં ખસેડતા દમ તોડી દીધો હતો.

પ્રવીણભાઈ પહેલા જમીન મકાન લે વેચનું કામ કરતા હતા. તે બે ભાઈ અને ચાર બહેનમાં ત્રીજા નંબરના હતા. તેને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં શોક છવાયો છે.

વિવાદઃ આતંકી હુમલા પર રાજકિય યુદ્ધ શરૂ

વડાપ્રધાનની સર્વપક્ષીય બેઠકમાં ગેરહાજરીનો વિવાદ ચગાવવા જતા કોંગ્રેસ ફસાઈ

# વડાપ્રધાનને ટાર્ગેટ કરતી કોંગ્રેસની 'ગાયબ' પોસ્ટથી ભાજપ ભડકયુ, લશ્કર-એ-પાકિસ્તાન કોંગ્રેસ નામ અપાયું




## સર તન સે જુદા– સંદર્ભવાળી પોષ્ટમાં જવાબદારીના સમયે જ ગાયબ... લખ્યુંઃ પાકના પુર્વ મંત્રીએ કોંગ્રેસની પોસ્ટ રી–ટ્વિટ કરતા વિવાદ વધ્યો

નવી દિલ્હીઃ પહેલગામ હુમલા બાદ દેશમાં સર્જાયેલા પાકિસ્તાન સામેના આક્રોશમાં અત્યાર સુધી સંયમમાં રહેલા બે મુખ્ય રાજકીય પક્ષ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે હવે જબરુ રાજકીય આક્ષેપબાજી શરુ થઈ છે. કોંગ્રેસ પક્ષના સતાવાર એકમ હેન્ડલપર એક પોષ્ટરમાં જયાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તસ્વીરનું પોષ્ટર જેમાં માથુ ગાયબ હતું એવા ત્રાસવાદી 'તન-સે સર-જુદા' સ્ટાઈલ દર્શાવવામાં આવી હતી. તે અપલોડ કરતા જ અને 'ગાયબ' શબ્દ સાથે ઉપર 'જીમ્મેદારી કે સમય ગાયબ' તેવું કેપ્શન આપતા જબરો વિવાદ સર્જાયો છે. કોંગ્રેસ પક્ષે પહેલગામ હુમલા બાદ યોજાયેલી સર્વપક્ષીય બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગેરહાજરીને ટાર્ગેટ બનાવી હતી. આ બેઠક સંરક્ષણમંત્રી શ્રી રાજનાથ સિંહે લીધી હતી. હજું બે દિવસ પુર્વે લંડનમાં પહેલગામ હુમલાના વિરોધમાં ભારતીયોના દેખાવો સમયે પાક દૂતાવાસના એક અધિકારીએ આ રીતે દેખાવકારો બદલ 'સર-તન-સે-જુદા' તેવી ચેષ્ટા હાથથી કરી હતી તેની વ્યાપક ટીકા થઈ હતી.

તે સમયે કોંગ્રેસ પક્ષે અપલોડ કરેલી

**લશ્કરે પાકિસ્તાન કોંગ્રેસઃ ભાજપે કહ્યુ મીર જાફરના વંશજો ભારતમાં મૌજૂદ છે તે સંદેશ કોંગ્રેસ પક્ષે પાકિસ્તાન મોકલ્યો છે**

પોષ્ટને પાકના પુર્વ મંત્રી ફાવદ અહેમદ હુસેન ચૌધરીએ રીપોષ્ટ કરીને લખ્યુ કે અત્યાર સુધી ગધેડાનુ માથુ ગુમ થતા જોયું હતુ પણ અહી મોદી જ ગુમ થયેલા જોવા મળે છે. જો કે કોંગ્રેસ પક્ષે વડાપ્રધાનનું નામ લખ્યુ નથી પણ જવાબદારીના સમયે જ ગ્રુપ એ સીધુ નીશાન વડાપ્રધાન મોદી તરફ જ છે. ભાજપના પ્રવકતા ગૌરવ ભાટીયાએ એક પત્રકાર પરિષદમાં આ પોષ્ટ અને તેના કેપ્શન પર પ્રહાર કરતા કહ્યુ કે કોંગ્રેસ પક્ષ પાકિસ્તાનની ભાષા બોલે છે અને તે પાકના ટેકેદાર છે. તેઓએ કોંગ્રેસ પક્ષને લશ્કરે પાકિસ્તાન કોંગ્રેસ તરીકે ઓળખાવી હતી અને તે રીતે કોંગ્રેસ હવે પાકિસ્તાનને સંદેશ આપવા માંગે છે કે મીર જાફરના ટેકેદારો અહી મોજૂદ છે. સર-તન-સે-જુદા એ લશ્કરે પાકિસ્તાન કોંગ્રેસ બની છે.

આ પ્રકારના પોષ્ટ એ રાહુલ ગાંધીની સૂચનાથી મુકાઈ હોવાનો આક્ષેપ ભાજપના પ્રવકતાએ કર્યો હતો. એક તરફ દેશ સંવેદનશીલ સમયમાંથી પસાર થઈ રહ્યો છે તે સમયે લશ્કરે એ પાકિસ્તાન કોંગ્રેસના આ પ્રયાસ ભારતને નબળુ પાડવાનો છે. ભાજપે આ કૃત્ય મુસ્લીમ વોટબેન્કને પુરા કરવાનો પ્રયાસ ગણાવ્યો હતો.

જો કે કોંગ્રેસ પક્ષ આ પોષ્ટ પર સીધો પ્રત્યાઘાત ટાળતા આક્ષેપ કર્યો કે સર્વપક્ષીય બેઠકમાં વડાપ્રધાન મોજૂદ ન હતા અને અમો સંસદના ખાસ સત્રની માંગણી કરીએ છીએ જેમાં વડાપ્રધાને સંસદને સમગ્ર બાબતોથી માહિતગાર કરવી જોઈએ.

# રાજકોટ જિલ્લામાં રૂા.૬૭૪.૬૯ લાખના ખર્ચે ૩૯૮ કામો દ્વારા જળસંગ્રહની કામગીરી કરાશે

### કલેકટર કચેરી ખાતે સુજલામ સુફલામ અભિયાન અમલીકરણ સમિતીની બેઠક મળી

રાજકોટ,તા.૨૯

રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ખાતે સુજલામ સુફલામ જળ અભિયાન કેચ ધ રેઇન ૨.૦ની જિલ્લા અમલીકરણ સમિતિની બેઠક યોજાઈ હતી.

આ અભિયાન અંતર્ગત રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૨૫ દરમિયાન રૂ ।.૬૭૪.૬૯ લાખના ખર્ચે ૩૯૮ કામો દ્વારા જળસંગ્રહની કામગીરી હાથ ધરાશે.

રાજકોટ શહેર તેમજ જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાનની કામગીરી સુચારુ રીતે થાય તે માટે જિલ્લા કલેકટરશ્રી પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ વિવિધ કામો હાથ ધરાશે. જેમાં મુખ્યત્વે જળસંગ્રહનાં હાથ ધરવાના કામોનું આયોજન કરવામાં આવ્યું છે. જેવા કે તળાવો ઉંડા કરવા, ચેકડેમોનુ ડીસીલ્ટીંગ તથા રીપેરીંગ, જળાશયોનું ડીસીલ્ટીંગ, તળાવોના પાળા અને વેસ્ટ વિયરનું મજબૂતીકરણ, નહેરોની સાફસફાઇ, મરામત તથા જાળવણી, નદી, વોંકળા, ગટરની સાફસફાઇ, નદી પુનઃ જીવિત કરવી, નવા તળાવો, નવા ચેકડેમો બનાવવા,વન તલાવડી,ખેત તલાવડી સહિતના કામો હાથ ધરાશે. જેમા જળસંપત્તિ વિભાગ, પાણી પુરવઠા વિભાગ, ગ્રામ વિકાસ વિભાગ, શહેરી વિકાસ વિભાગ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તથા જિલ્લા જળસ્ત્રાવ વિકાસ એકમ દ્વારા કામગીરી કરવામાં આવશે.

રાજકોટ જિલ્લામાં વિવિધ કચેરીઓ દ્વારા થનાર કામ પૈકી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ૨૪૮ કામો, કાર્યપાલક ઇજનેર, સિંચાઈ પંચાયત દ્વારા ૫૫ કામો, પાણી પુરવઠા વિભાગ દ્વારા ૧૨ કામ, કાર્યપાલક ઇજનેર, સિંચાઈ વિભાગના ૮ કામો, જિલ્લા જળસ્ત્રાવ વિકાસ એકમના ૬ કામો તથા મહાનગરપાલિકા વોટર મેનેજમેન્ટ યુનિટ દ્વારા ૨૦ કામ હાથ ધરાશે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા મહાત્મા ગાંધી નરેગા યોજના હેઠળ તળાવો, જળાશયોનું ડીસીલ્ટીંગ, પાળાના મજબુતીકરણની કામગીરી, વ્યકિતગત બંધપાળા અને વ્યકિતગત ખેતતલાવડીના કામોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કામગીરી થવાથી તળાવો/ જળાશયોની સંગ્રહશક્તિમાં વધારો થશે તથા રોજગારી ઉત્પન્ન થશે. કલેક્ટરશ્રીએ સંબંધિત વિભાગોના અધિકારીશ્રીઓને સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા સૂચન આપ્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી એ.કે. વસ્તાણી, સિંચાઇ પંચાયત વિભાગના કાર્યપાલક ઇજનેર વિવેક ગોહિલ, સિંચાઈ યોજના વિભાગના એક્ઝિક્યુટિવ એન્જિનિયર શ્રી બી.પી. ભીમજીયાણી, સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

પહેલગામ હમલાના પગલે સર્જાયેલા ભારત–પાક તનાવ વચ્ચે સૈન્યના નેતૃત્વમાં મહત્વના ફેરફાર

# એરમાર્શલ નર્મદેશ્વર હવાઈદળના નાયબ વડા બન્યાઃ નોર્ધન કમાન્ડની જવાબદારી લેફ.જનરલ પ્રતિક શર્માને

નવી દિલ્હી તા.૨૯

આગામી સમયમાં યુદ્ધની શકયતાઓ વધી રહી છે તે સમયે અને ખાસ કરીને પહેલગામ હુમલા બાદ ભારતીય હવાઈદળમાં મહત્વના ફેરફાર કરવામાં આવ્યા છે અને એરફોર્સના વાઈસ ચીફ ઓફ ઈન્ડીયન એરફોર્સના પદ પર એરમાર્શલ નર્મદેશ્વર તિવારીને નિયુક્ત કરાયા છે. તેઓ ૧ મે થી પોતાનો હોદો સંભાળી લેશે. હાલના હવાઈદળના નાયબ વડા એરમાર્શલ સુરજીત પુષ્પકર ધનકર તા.૩૦ એપ્રિલના રોજ નિવૃત થઈ રહ્યા છે. આ જ રીતે લેફ. જનરલ પ્રતિક શર્માને નોર્ધન આર્મી કમાન્ડર તરીકે નિયુક્ત કરાયા છે. તેઓ લેફ. જનરલ એમ.વી.સુચીન્દ્રાકુમારના સ્થાને આવશે. ખાસ કરીને જમ્મુ–કાશ્મીર અને ચાઈના બોર્ડર પર લશ્કરી જવાબદારી નોર્ધન આર્મી કમાન્ડર પર છે. આ ઉપરાંત એરમાર્શલ આશુતોષ દીક્ષિતને હવે ઈન્ટીગ્રેટેડ સ્ટાફ કમીટીના વડા તરીકે નિયુક્ત કરાયા છે. આ કમીટી સૈન્યની ત્રણેય પાંખ


એરમાર્શલ નર્મદેશ્વર તિવારી


લેફ. જનરલ પ્રતિક શર્મા


એરમાર્શલ આશુતોષ દીક્ષિત

### પાક અને ચીન સાથે સંકળાયેલા નોર્ધન કમાન્ડમાં સીનીયર આર્મી અધિકારીને મુકાયાઃ ત્રણેય દળો વચ્ચે સંકલન માટે એરમાર્શલ આશુતોષ દીક્ષિતની પસંદગી

એટલે કે હવાઈદળ, નૌકાદળ અને ભૂમીદળ વચ્ચે સંકલન કરે છે. આ પદ પર અત્યાર સુધી લેફ. જનરલ જે.પી.મેથ્યુ હતા. તેઓ તા.૩૦ના રોજ નિવૃત થઈ રહ્યા છે. હવાઈદળમાં નાયબ વડા તરીકે નિયુક્ત થયેલા એરમાર્શલ નર્મદેશ્વર તિવારી હાલ ઈન્ડીયન એરફોર્સમાં એક સીનીયર અધિકારી છે અને તેઓએ દક્ષિણ તેમજ પશ્ચિમ એરકમાન્ડ બંનેનું નેતૃત્વ કર્યુ છે. નેશનલ ડિફેન્સ એકેડેમી પુનામાં ગ્રેજયુએશન બાદ તેઓએ દિલ્હીમાં નેશનલ ડિફેન્સ કોલેજમાં ગોલ્ડમેડલ મેળવ્યો હતો અને ૧૯૮૬માં તેઓ હવાઈદળ સાથે જોડાયા છે અને લડાયક પાઈલોટનો અનુભવ ધરાવે છે. ૩૬૦૦ કલાક સુધી ફલાઈંગ અનુભવ તેમની પાસે છે. ૩૭ વર્ષની તેમની કેરીયરમાં અનેક પ્રકારના ફાઈટર જેટ ઉડાડવાનો અનુભવ ધરાવે છે. જયારે નોર્ધન કમાન્ડમાં નિયુકત થયેલા લેફ.જનરલ પ્રતિક શર્મા હાલ ભૂમિદળના નાયબ વડા તરીકે ફરજ બજાવી રહ્યા છે અને તેઓએ ૨૫મી ઈન્ફન્ટ્રી ડીવીઝનમાં મેજર જનરલ તરીકે ફરજ બજાવી છે. ઉપરાંત તેઓ ડિરેકટર જનરલ ઓફ મીલીટ્રી ઓપરેશન તરીકે પણ રહી ચૂકયા છે. એરમાર્શલ આશુતોષ દીક્ષિત સેન્ટ્રલ કમાન્ડના વડા તરીકે ફરજ બજાવે છે અને મીરાજ સહિતના ફાઈટર પ્લેન ઉડાડવાનો અનુભવ પણ ધરાવે છે.

# ૨૪ નાયબ મામલતદારોની બદલી કરતા કલેકટર પ્રભવ જોશી

### જિલ્લા ફેર બદલીથી રાજકોટ જિલ્લાના હવાલે કરાયેલા ૧૨ નાયબ મામલતદારોને પોસ્ટીંગઃ પ્રોબેશન પીરીયડ પૂર્ણ થતા અન્ય બે કર્મચારીઓને પણ નિમણુંકના ઓર્ડર

રાજકોટ તા.૨૯

રાજકોટ શહેર જીલ્લાના ૨૪ નાયબ મામલતદારોની વહીવટી સરળતા ખાતર જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા આંતરીક બદલી કરવામાં આવી છે. તેની સાથોસાથ જીલ્લા ફેરબદલીથી રાજકોટ જીલ્લાને હવાલે કરાયેલા ૧૨ નાયબ મામલતદારોને પણ પોસ્ટીંગના ઓર્ડરો ઈસ્યુ કરી દેવામાં આવેલ છે. આ ઉપરાંત અન્ય બે નાયબ મામલતદારો કે જેઓનો પ્રોબેશન પીરીયડ પૂરો થતા તેઓને પણ નિમણુંક આપી દેવામાં આવી છે.

રાજકોટ શહેર જીલ્લાના ૨૪ મામલતદારોની બદલીઓ કરવામાં આવી છે તેમાં પુરવઠા નિરીક્ષક તરીકે ફરજ બજાવતા ધર્મિષ્ઠા થોરીયાને કલેકટર કચેરીની લેન્ડગ્રેબીંગ શાખામાં મુકવામાં આવી છે જયારે લોધીકા મામલતદાર કચેરીમાં સર્કલ ઓફીસર તરીકે ફરજ બજાવતા નિખીલ ગોહેલને લેન્ડગ્રેબીંગ શાખામાં જ નવી મંજુર થયેલી જગ્યા પર પોસ્ટીંગ અપાયું છે. આ ઉપરાંત મામલતદાર કચેરી ગોંડલ ખાતે ફરજ બજાવતા ધર્મેશ વઘાસીયાને રાજકોટ તાલુકા મામલતદાર કચેરીમાં સર્કલ ઓફીસર તરીકે નિમણુંક આપવામાં આવી છે. જયારે કલેકટર કચેરીની રેકર્ડ શાખામાં ફરજ બજાવતા મનુભા જાડેજાને મામલતદાર કચેરી રાજકોટ પૂર્વમાં, બીનખેતી શરતભંગ શાખા કલેકટર કચેરી ખાતે ફરજ બજાવતા મૌલીક ટીંબડીયાને જીલ્લા પુરવઠા કચેરીમાં પૂરવઠા નિરીક્ષક તરીકે મૂકવામાં આવેલ છે. કલેકટર કચેરીની આરઓ શાખામાં ફરજ બજાવતા મુકેશ રાઠોડને ટીંબડીયાની બદલીથી ખાલી પડેલ જગ્યા પર બીનખેતી શરતભંગ શાખાનો હવાલો આપવામાં આવેલ છે.

રાજકોટ પૂર્વ મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા ધીરેન્દ્ર પુરોહિતને આઈઓઆરએ કલેકટર કચેરીમાં નિમણુંક આપવામાં આવી છે. એટીવીટી નાકાઈની કચેરી ગોંડલ ખાતે ફરજ બજાવતા હરદીપસિંહ જાડેજાને રાજકોટ કલેકટર કચેરીની આરઓ શાખામાં પોસ્ટીંગ અપાયું છે તદુપરાંત મામલતદાર કચેરી લોધીકાના મહિપતસિંહ જાડેજાને ઝોનલ ઓફીસર-૧ પૂર્વ જીલ્લા પુરવઠા અધિકારીમાં નિમણુંક અપાયેલ છે. મામલતદાર કચેરી કોટડાસાંગાણીના પવન પટેલને પ્રાંત-૨ કચેરીમાં જોશીની બદલીથી ખાલી પડેલ જગ્યા પર સીરસ્તેદાર તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. તેમજ પ્રાંત-૨ કચેરીના સીરસ્તેદાર હીરેન જોશીની ખાસ જમીન સંપાદન અધિકારીની કચેરી ખાતે ના.મામલતદાર તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. આ સહિતના ૨૪ નાયબ મામલતદારની બદલીના હુકમો કલેકટર પ્રભવ જોશી દ્વારા કરવામાં આવેલ છે જેમાં લાંબા સમયથી એક જ જગ્યા પર રહેલા અમુક ના.મામલતદારો ઝપટે ચડી ગયા છે.

આ ઉપરાંત જીલ્લા ફેરબદલીથી રાજકોટ જીલ્લાના મહેકમમાં સમાવામાં આવેલ ૧૨ ના.મામલતદારોને પણ પોસ્ટીંગના ઓર્ડરો જીલ્લા કલેકટર પ્રતિનિયુકતીથી ગાંધીનગર ફરજ બજાવતા મિનેશકુમાર ભાવસાર અને જોગીદાન ગઢવી ગત તા.૭ એપ્રીલના રાજકોટ જીલ્લામાં હાજર થયેલ હતા. જેનો પ્રોબેશન પીરીયડ પૂરો થતા તેઓને મુળ મહેકમમાં સમાવવામાં આવેલ છે. જેમાં મીનેશકુમાર ભાવસારને આઈઓઆરએ કલેકટર કચેરી અને જોગીદાન ગઢવીને સર્કલ ઓફીસર તરીકે રાજકોટ દક્ષિણ તાલુકા મામલતદાર કચેરીમાં મુકવામાં આવેલ છે.

# મહેસુલી કર્મચારીઓની માસ CL સામે સરકારે બાયો ચડાવીઃ રજા મંજૂર નહીં કરવા આદેશ

### નોકરીમાં બ્રેક સહિત આકરી કાર્યવાહીની ચેતવણી, ખાસ કિસ્સા સિવાય રજા મંજૂર નહીં કરવા રાજકોટ સહિત રાજયભરના કલેકટરોને તાકીદ

રાજકોટ તા.૨૯

રાજકોટ સહિત રાજયભરના મહેસુલી કર્મચારીઓ વિવિધ અણઉકેલ પ્રશ્નો સબબ આંદોલનનું શસ્ત્ર ઉગામી આવતીકાલે તા.૩૦ના માસ સીએલ પર જનાર છે. જે અંગે ગઈકાલે તા.૩૦ના માસ સીએલ પર જનાર છે. જે અંગે ગઈકાલે કર્મચારીઓ દ્વારા રજા રિપોર્ટ મૂકી દેવાયા હતા. જેની સામે સરકારે બાયો ચડાવી મહેસુલી કર્મચારીઓની રજા મંજૂર નહીં કરવા રાજકોટ સહિત રાજયભરના જિલ્લા કલેકટરોને આદેશ આપી દીધા છે.

રાજય સરકારના મહેસુલ વિભાગના સેકશન અધિકારી દિનેશ પરમારે આ અંગે ખાસ પરિપત્ર ઈશ્યુ કરી જણાવેલ છે કે મહેસુલી કર્મચારી મંડળના સુચિત માસ સીએલના આ કાર્યક્રમના ભાગરૂપે સરકારી કામગીરીથી અળગા રહી સરકારી કામગીરી નહીં કરનાર મહેસુલી કર્મચારીઓ સામે સેવાતુટ સહીત અન્ય નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે. અનિવાર્ય સંજોગો સિવાય કોઈપણ કર્મચારીઓની સીએલ મંજુર નહી કરવા તેઓએ જિલ્લા કલેકટરોને તાકીદ કરી છે.



અહીં એ ઉલ્લેખનીય છે કે મહેસુલી કર્મચારીઓના પ્રશ્નો જેવા કે બદલીમાં અન્યાય ખાલી જગ્યાઓ ભરવા, પ્રમોશનમાં વિસંગતતા સહિતના પ્રશ્નો છેલ્લા લાંબા સમયથી અધ્ધરતાલ લટકી રહ્યા હોય જે ઉકેલવાની માંગણી સાથે મહેસુલી કર્મચારી મંડળ દ્વારા અગાઉ આ અંગે રાજય સરકારમાં રજૂઆત કરવામાં આવી હતી.

તેમ છતા હજુ સુધી આ મામલે સરકાર દ્વારા કોઈપણ જાતની કાર્યવાહી નહીં કરાતા મહેસુલી કર્મચારી મંડળ દ્વારા આવતીકાલે તા.૩૦ને બુધવારે કામગીરીથી અળગા રહી માસ સીએલ પર જવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. જે અંતર્ગત રાજકોટ જીલ્લા સહિત રાજયભરના તમામ જીલ્લાઓમાં મહેસુલી કર્મચારીઓ દ્વારા ગઈકાલે રજા રિપોર્ટ મૂકી દેવામાં આવેલ છે. જેની સામે રાજય સરકારના મહેસુલી વિભાગે બાયો ચડાવી મહેસુલ કર્મચારીઓની રજા મંજુર નહી કરવા રાજકોટ સહિત રાજયભરના જીલ્લા કલેકટરોને આદેશ કરેલ છે.

ટ્રમ્પના ટેરિફ વોર અને અમેરિકાનુ ૫૧મું રાજય બનાવવાની ઓફર વચ્ચે મતદાન

# કેનેડામાં P.M. માર્ક કાર્નીના નેતૃત્વ હેઠળ લીબરલ ફરી સતામાં

### ૩૪૩ બેઠકોની સંસદીય ચુંટણીમાં લીબરલ પાર્ટીએ ૧૬૦થી વધુ બેઠકો જીતીઃ કંજર્વેટીવ બીજા ક્રમેઃ આર્થિક કટોકટી સહિતના સમયે પુર્વ બેન્કર પર કેનેડાની જનતાએ વિશ્વાસ મુકયો

ઓટ્ટાવોઃ

અમેરિકાના ટેરીફ વોરનો તાપ અને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ દેશને અમેરિકાનું ૫૧મું રાજય બનાવવાની આપેલી ધમકી વચ્ચે કેનેડામાં યોજાયેલી સંસદીય ચુંટણીમાં સતાધારી લીબરલ પાર્ટીએ ફરી ચુંટણી જીતી લીધી છે. અગાઉ અનેક વિવાદોમાં ફસાયેલા કેનેડાના તત્કાલીન વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોના રાજીનામાના પગલે દેશનું સુકાન સંભાળનાર બેન્કર ટર્ન પોલીટીશન માર્ક કાર્નીના નેતૃત્વમાં લીબરલ પાર્ટીએ કેનેડાની સંસદની ૩૪૩ બેઠકોમાં ૧૬૦થી વધુ બેઠકો પર નિર્ણાયક લીડ મેળવી લીધી છે અને કંજર્વેટીવ પાર્ટી અને તેના વડા પીયરે માઈલેમેરને વિપક્ષી નેતાથી જ



સંતોષ માનવું પડશે.

કેનેડા માટે સૌથી પડકારજનક સમયમાં ગત ચૂંટણી કરતા ૨૫% વધુ ૭૩૦ લાખ કેનેડીયને મતદાન કર્યુ છે. સંસદની ૩૪૩ બેઠકોમાં બહુમતી માટે જરૂરી ૧૭૩ બેઠકોના માર્ક સુધી લીબરલ પાર્ટી પહોંચી જશે. કેનેડા આંતરિક રીતે પણ મોટા આર્થિક પડકાર, મોંઘવારી, બેરોજગારી વિ.થી પીડાઈ રહ્યું છે અને ઈમીગ્રેશન મુદે પણ કેનેડામાં અસંતોષ છે તે વધશે. જનતાએ બેન્કર તરીકે સફળ રહેલા માર્ક કાર્નીને પાંચ વર્ષ માટે સતા સોંપી છે. આ ચુંટણીના ગઈકાલના મતદાન પુર્વે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેના સોશ્યલ મીડીયા એકાઉન્ટ ટુથ સોશ્યલ પર કેનેડાના મતદારોને અમેરિકામાં જોડાવા માટે મતદાન કરવા અપીલ કરતા કહ્યું કે જો કેનેડા અમેરિકાનું ૫૧મું રાષ્ટ્ર બનશે તો ઝીરો ટેરીફ અમેરિકી લશ્કરી તાકાતનો લાભ વિ. લાલચ આપી હતી.

લીબરલ પાર્ટીને બહુમતી મળતા હવે નવા વડાપ્રધાન માર્ક કાર્ની જેઓએ હજુ તેમની વિદેશ નીતિ અંગે કોઈ મોટા સંકેત આપ્યા નથી. સમગ્ર ચુંટણી અમેરિકી ટેરીફ સામે કેનેડાની લડાઈ પર જ લડાઈ હતી અને માર્ક કાર્નીએ સતા સંભાળતા જ ડોનાલ્ડ ટ્રમ્પને કેનેડાથી દુર રહેવા તાકીદ કરી હતી તે પછી હવે તેઓ અમેરિકાના ટેરીફ વોરનો મુકાબલો કઈ રીતે કરે છે તે જોવું રસપ્રદ બનશે તો બીજી તરફ ભારત અને કેનેડાના સંબંધોમાં ખાલીસ્તાનીઓ મુદે જે તનાવ છે તેવા પણ વડાપ્રધાન કાર્ની તેમના પુરોગામી જસ્ટીન ટ્રુડોના માર્ગે જ ચાલે છે કે ભારત સાથે સંબંધો સુધારવા પહેલ કરે છે તે જોવું રસપ્રદ બની જશે.

# કેનેડામાં ખાલિસ્તાનીઓનો ખેલ ખલ્લાસઃ ચૂંટણીમાં જગમિતસિંહની કારમી હાર

### કેનેડામાં જસ્ટિન ટ્રુડો અને જગમિતસિંહની પાર્ટીને સામાન્ય ચૂંટણીમાં મોટી પછડાટ



ટોરન્ટો (કેનેડા) તા.૨૯

કેનેડાની સામાન્ય ચૂંટણીમાં ભારત વિરોધી અને ખાલિસ્તાની નેતા જગમીતસિંહનાં પાર્ટી એનડીપીને કરારી હાર મળી છે જેથી કેનેડામાં ખાલીસ્તાનીઓની ગેમ ઓવર થઈ ગઈ છે. ચૂંટણીમાં હારને પગલે જગમિતસિંહને પોતાના પદ પરથી રાજીનામું આપી દેવુ પડયુ છે.

આ ચૂંટણીમાં જગમીતસિંહ પોતાની ત્રીજી જીતની આશા રાખીને બેઠા હતા પણ તેઓ બ્રિટીશ કોલંબીયામાં બર્નજી સેન્ટ્રલ સતા પરથી હારી ગયા હતા. તેમની ટકકર લિબરલ ઉમેદવાર વેડ ચાંગ સાથે હતા. વેડ ચાંગેને ૪૦ ટકા વધુ મત મળ્યા હતા.

ઉલ્લેખનીય છે કે ખાલિસ્તાની નેતાની સાથે સાથે ચૂંટણીમાં કેનેડાના પુર્વ પીએમ જસ્ટીન ટ્રુડોને પણ કરારી હાર મળી હતી.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૨૫૫-૨૩૦૫ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૨૦૫-૨૨૫૫ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૧૮૫-૨૨૩૫ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૨૧૩૫-૨૧૮૫ |
| પામોલીયન તેલ | ૨૦૧૫-૨૦૨૦ |
| મસ્ટર્ડ તેલ | ૨૦૩૦-૨૦૬૦ |
| સનફલાવર તેલ | ૨૧૪૦-૨૧૬૦ |
| મકાઇ તેલ | ૨૦૩૦-૨૦૫૦ |
| વનસ્પતિ ઘી | ૨૨૬૦-૨૨૮૦ |
| કોપરેલ | ૩૯૫૦-૪૦૦૦ |
| દિવેલ | ૨૧૫૦-૨૧૬૦ |



**સોનુ–ચાંદી**

સોનુ (૧૦ ગ્રામ)
૯૯૧૫૦(-૧૧૫૦)

ચાંદી
૧૦૦૨૦૦(+૧૧૦૦)



## રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની પરાબજાર શાખાનું બીએસએનએલ ભવન,જવાહર રોડ ખાતે સ્થળાંતર

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની પરાબજાર શાખા ભવનનું રિનોવેશન કરવાનું હોવાથી જયુબેલી સામે - જવાહર રોડ ઉપર આવેલ બી.એસ.એન.એલ. ખાતે સ્થળાંતર કરાયું છે. આજરોજ સવારે શાખામાં ગાયત્રી યજ્ઞ યોજાયેલ. શાખાના પ્રભારી ડિરેક્ટર હસમુખભાઈ ચંદારાણા સજોડે પૂજા વિધિમાં બેઠેલ. આ અવસરે બેંકના ચેરમેન દિનેશભાઈ પાઠક, વાઈસ ચેરમેન જીવણભાઈ પટેલ, ડિરેક્ટર ચંદ્રેશભાઈ ધોળકિયા, અશોકભાઇ ગાંધી, વિક્રમસિંહ પરમાર, ભૌમિકભાઈ શાહ, બોર્ડ ઓફ મેમ્બર્સમાંથી શૈલેષભાઈ ઠાકર સહિતના ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત સહુને કુમકુમ તિલક કરી, મો મીઠું કરાવેલ. મહાનુભાવો દ્વારા ભારતમાતા અને અરવિંદભાઇ મણીઆરની તસવીરને દીપ પ્રાગટ્ય કરાયેલ. દિનેશભાઇ પાઠક, અશોકભાઇ ગાંધી, ચંદ્રેશભાઈ ધોળકિયા અને વિનોદ કુમાર શર્માએ પ્રાસંગિક વકતવ્યમાં શુભકામના પાઠવી હતી.



## મનપાએ કબ્જે કરેલી નાના ધંધાર્થીઓની હજારો રેકડી-કેબીનો સડી ગઈ : રાજુ જુંજા

### હળવો દંડ વસુલી રેકડી-કેબીનો છોડી દીધી હોત તો કાટમાળ પણ ન થાત અને રોજી-રોટી પણ ન છીનવાતઃ રાજકોટ ચેમ્બર્સ ઓફ કોમર્સના ડિરેકટર

રાજકોટ, તા.૨૯

નબળો ધણી બૈરી પર સુરો કહેવતની જેમ રાજકોટ મ્યુ. કોર્પોરેશનની દબાણ હટાવ શાખા શહેરમાં નાના ધંધાર્થીઓ ઉપર ગમે ત્યારે કીડી ઉપર કટકની જેમ તુટી પડે છે ત્યારે શાક બકાલા અને ફ્રૂટની લારીના ધંધાર્થીઓમાં નાસ-ભાગ મચી જાય છે.

નાના ધંધાર્થીઓની રેકડી-કેબીનો કબ્જે કર્યા પછી દંડ વસુલીને પણ છોડતા નથી જેથી ધંધાર્થીઓ ધકા ખાઈ થાકી જાય છે. આવી જપ્ત કરાયેલી હજારો રેકડી-કેબીનો ભાવનગર રોડ ઉપર અમુલ સર્કલ પાસે RMC ના ગોડાઉનમાં ધુળ ખાઈ છે. જે તે સમયે દંડ વસુલીને જો રેકડી-કેબીનો છોડી દીધી હોત તો આ રેકડી-કેબીનો કાટમાળ ન બની જાત અને નાના ધંધાર્થીઓની રોજી-રોટી પણ ન છીનવાય જાત. પરંતુ મનપાના અધિકારીઓને મોટા અને ખોટા દબાણો હટાવવામાં ક્યાંક ને ક્યાંક લાજ શરમ નડતી હોય નાના લોકોને પરેશાન કરી પોતાની મસમોટી કામગીરી દેખાડવામાં વ્યસ્ત રહે છે તેમ સામાજીક અગ્રણી અને રાજકોટ ચેમ્બર્સ ઓફ કોમર્સના ડીરેકટર રાજુભાઈ જુંજાની એક યાદીમાં જણાવાયું છે.



## લાભુભાઈ ત્રિવેદીની જન્મ શતાબ્દી નિમિત્તે 'સુર સંધ્યા' કાર્યક્રમ યોજાયોઃ સંગીતના સુરથી શ્રોતાઓ થયા મંત્રમુગ્ધ

### ટ્રસ્ટ સંચાલિત શાળા-કોલેજના પીએચ.ડી. ડીગ્રી પ્રાપ્ત કરેલ ૨૪ શિક્ષકો-વ્યાખ્યાતાઓનું મહેમાનો દ્વારા સન્માન

રાજકોટ, તા.૨૯

મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ૨૮ સંસ્થાઓ જેમાં બાલમંદિર, શાળા, એન્જીનિયરીંગ કોલેજ, કોમર્સ કોલેજ, કોમ્પ્યુટર સાયન્સ કોલેજ, આટ્ર્સ કોલેજ તથા બી.એડ્. કોલેજમાં ૧૭૨૩૮થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. સને ૧૯૬૫થી શિક્ષણ ક્ષેત્રે પ્રવર્ત બનેલ મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ સૌરાષ્ટ્ર તેમજ ગુજરાતની અગ્રીમ શિક્ષણ સંસ્થા તરીકે સ્થાન પામી છે.

સૌરાષ્ટ્રના જાહેરજીવનના અગ્રણી, વિવિધ સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના પ્રેરણાદાતા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં પૂર્વ કુલનાયક અને સંસ્થાના આદ્ય સ્થાપક અને શિક્ષણ સેવા જગતના એ 'ગુરૂ' શ્રી લાભુભાઈ ત્રિવેદીની જન્મ શતાબ્દી વર્ષ સંસ્થા ઉજવી રહી છે.

ત્યારે ટ્રસ્ટ સંચાલિત વિવિધ શાળા-કોલેજોમાં કાર્યરત ૨૪ જેટલા શિક્ષકો અને વ્યાખ્યાતાઓ કે જેમણે તાજેતરમાં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરેલ છે; તેમનો સંસ્થા દ્વારા સન્માન સમારંભ કાર્યક્રમ યોજાયો. પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત શિક્ષકો તથા વ્યાખ્યાતાઓનું સન્મામ ઉપસ્થિત મહેમાનો દ્વારા કરવામાં આવેલ. આ પ્રસંગે સંતવાણીના સાધક ભજનસમ્રાટ પદ્મશ્રી હેમંત ચૌહાણ, ગીતા ચૌહાણ તથા મયૂર ચૌહાણ સંગીતના સુરે ઉપસ્થિત સર્વે મહેમાનો તથા સ્ટાફ કર્મચારીઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

આ કાર્યક્રમમાં મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય દર્શિતાબેન શાહ, સિઝન્સ હોટેલના વેજાભાઈ, જીતુભાઈ ભટ્ટ, ટ્રસ્ટ સંચાલિત શાળા-કોલેજના પ્રિન્સીપાલ, કર્મચારીઓ તથા ભૂતપૂર્વ સ્ટાફ સહિતના બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી ડો. અલ્પનાબેન ત્રિવેદીનાં માર્ગદર્શન હેઠળ વિવિધ શાળા-કોલેજનાં આચાર્યએ ભારે જહેમત ઉઠાવેલ.



## વિવેકાનંદ યુથ ક્લબ દ્વારા બળબળતા તાપમાં ઉઘાડાપગે ફરતા જરૂરતમંદ બાંધવોને ૧૩૦૦ જોડી સ્લીપરનુ વિતરણ

વિવેકાનંદ યુથ ક્લબના સેવાભાવી કાર્યકર્તાઓ શહેરના કાલાવડ રોડ, મોટા મવા, જીવરાજ પાર્ક, નવા ૧૫૦ ફુટ રિંગ રોડ, નાના મવા, વાવડી, પરસાણા ચોક, કટારિયા ચોકડી સહિતના અંતરિયાળ વિસ્તારોમા તેમજ મોટી ઈમારતોના બાંધકામમા કામ કરતા મજૂરો બાળકો બહેનો ભાઈઓને ૧૩૦૦ જોડી નવા સ્લીપર ચંપલ વિતરણ કરવામાં આવ્યા હતા. સ્લીપર વિતરણ અભિયાનમાં સુખી અને માનવતાપ્રેમી દાતાઓ જયંતિલાલ એમ. પટેલ, હરિસિંગભાઈ સુચરીયા, અશ્વિનભાઈ વિઠલાણી, સુરભિબેન આચાર્ય, પન્નાબેન પંડયા, લંડન નિવાસી મધુબેન રૂપાણી અને વિમળાબેન કોટેચા, ડો.સ્નેહલબેન કમલેશભાઈ જોશી, વસંતભાઈ વાગડીયા સહિતના સ્વજનોનો આર્થિક સહયોગ મળેલ.



## નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ૯૩ શાળાઓમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ મારફત ' શાળા વ્યવસ્થાપન સમિતિ સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ૯૩ શાળાઓમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ મારફત ' શાળા વ્યવસ્થાપન સમિતિ(SMC/SMDC) સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. આ તકે આજરોજ શિક્ષણ સમિતિની શાળાઓમાં શહેરના પ્રથમ નાગરીક માન. મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવભાઈ દવે, પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયા, ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા હાજર રહ્યા હતા.

## પ્રોજેક્ટ 'લાઈફ'દ્વારા બાળકો માટે સમર કેમ્પનું આયોજન

રાજકોટ,તા.૨૯

લાઈફ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, પ્રોજેક્ટ 'લાઈફ' દ્વારા બાળકો માટે સમર કેમ્પનું ૧ મે થી ૩૧ મે ૨૦૨૫ સુધી આયોજન કરવામાં આવ્યું છે. જેનો સમય સવારે ૯.૩૦ થી ૧૧.૦૦ રાખવામાં આવેલ છે.ઉનાળાની રજાઓમાં બાળકોની ઉર્જાને યોગ્ય દિશામાં માર્ગદર્શન મળે અને તેમના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન મળે તે હેતુથી આ સમર કેમ્પનું આયોજન કરાયું છે. બાળકો માટે આ સમર કેમ્પ એ મજાની સાથે જ્ઞાન અને વિકાસનું એક સુગંધિત મિશ્રણ છે. જેમાં બાળકોને યોગા વર્કશોપ, ડાન્સ, મેમરી ગેમ, પ્રાણાયામ, મ્યુઝીક, આર્ટ, ક્રાફ્ટ, ડ્રોઈંગ, સ્ટેજ પર્ફોમન્સ જેવી મનોરંજક પ્રવૃત્તિઓ અને બીજું ઘણું બધું કરાવવામાં આવશે.આ સમર કેમ્પમાં જોડાવવા માટે અને આ અંગે વધુ વિગત મેળવવા માટે પ્રોજેકટ 'લાઈફ' બિલ્ડીંગ, રેસકોર્સ રીંગ રોડ, રાજકોટ ખાતે સંપર્ક કરવો.

## સોમનાથ ખાતે દંતયજ્ઞ અને બત્રીસીનો કેમ્પ યોજાશે

રાજકોટ,તા.૨૯

સોમનાથ ટ્રસ્ટ અને ડીવાઈન ચેરીટિબલ ટ્રસ્ટ દ્વારા દંત યજ્ઞ અને બત્રીસી (ડેન્ચર)કેમ્પનું તા.૧ના રોજ આયોજન સોમનાથ ખાતે કરવામાં આવેલ છે જેમાં વૃદ્ધ ૫૦ વ્યકિતને બત્રીસી ફ્રી બનાવી અપાશે.ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટના હસુભાઈ મકવાણાની યાદી મુજબ દર મહીને પહેલી તારીખે યોજાતા દંત યજ્ઞ સ્વસ્તિક પ્લાઝા, લીલાવતી ગેસ્ટ હાઉસ સામે,

સોમનાથ (પાટણ) ખાતે છે.દાંતના કેમ્પમાં ડો.જયસુખ મકવાણા ડો.સંજય અગ્રાવત તેમજ મોનિકા ભટ્ટ અને જાગૃતિ ચૌહાણ, હસુભાઈ મકવાણા, રાજુભાઈ વરિયા વિ.સેવા આપશે.દાંતના રોગીની તપાસ કરી જરૂરી હશે તેમના દાંત જાલંધર બંધ વડે ઈન્જેકશન વગર સ્થળ પર જ કાઢી આપશે.પાયોરિયા પેઢાંમાંથી લોહી પડવું દાંત માં દુઃખાવો વિ.રોગીને દવા પણ આપવામાં આવશે.



## ૧૨ મે સુધી નવકાર નિર્મલા ફાઉન્ડેશન દ્વારા પરિવાર દીઠ એક લિટર છાશ વિતરણ કરાશે

નવકાર નિર્મલા ફાઉન્ડેશન દ્વારા આગામી તા.૧૨ મે સુધી જરૂરિયાતમંદ પરિવારોને પરિવાર દીઠ એક લિટર છાશ વિતરણ કરવામાં આવશે. આ છાશ સવારે ૯ વાગ્યાથી ગાંધીગ્રામ શેરી નં.૧, ગંગેશ્વર મંદિર સામે, રાજકોટ ખાતે નિઃશુલ્ક વિતરણ કરાશે.

આ કાર્ય નવકાર નિર્મલા ફાઉન્ડેશન દ્વારા નિર્મલાબેન પરમારના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ. જેમાં પરમાર પરિવારના દરેક સભ્યોનો સહકાર મળેલ. નવકાર નિર્મલા ફાઉન્ડેશન દ્વારા ગત તા.૧૩ એપ્રિલના રોજ પક્ષીઓ માટે પાણીના કુંડા તેમજ પક્ષીના માળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.



## જૈન સોશ્યલ ગ્રુપ રાજકોટ વેસ્ટ દ્વારા સંસ્થાના સભ્યો માટે બોલિવૂડ મ્યુઝિકલ હાઉસીનું આયોજન કરાયું : સંગીત પ્રેમીઓ મંત્રમુગ્ધ

રાજકોટ,તા.૨૯

જૈન સોશ્યલ ગ્રુપ રાજકોટ વેસ્ટ દ્વારા સંસ્થાના સભ્યો તથા પરિવારજનો માટે બોલીવુડ મ્યુઝિકલ હાઊસીનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર એન્કર મેહુલભાઈ રવાણી તથા હષેદ મહેતા દ્વારા સમગ્ર કાર્યક્રમનું રસાળ શૈલીમાં સંચાલન કરવામાં આવ્યું હતું. તદુપરાંત આ સમગ્ર કાર્યક્રમને ઉપસ્થિત સૌ સભ્યદંપત્તિ મિત્રો તથા નવા સભ્યોએ ખોબલે ખોબલે બિરદાવ્યો હતો. અને બહોળો પ્રતિસાદ આપ્યો હતો. આ અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર જૈન સોશ્યલ ગ્રુપ રાજકોટ વેસ્ટ દ્વારા સંસ્થાના સર્વે સભ્યદંપત્તિ મિત્રો તથા નવા સભ્યો માટે બોલીવુડ થીમ સ્ટુડિયોમાં, બોલીવુડ મ્યુઝીકલ હાઉસી ઓડિયો વીડિયો સાથે નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સીનેમાક્ષેત્રે રસ - રુચિ ધરાવતા સભ્યોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમ રાજકોટની ઠાકર હોટેલ ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો તેમાં બોલીવુડ ફિલ્મ ઇનડસ્ટ્રીઝના દરેક એક્ટર ના પોસ્ટર દ્વારા, બોલીવુડના દિગ્ગજ અભિનેતાઓ રાજકપૂર, રાજકુમાર તથા અમિતાભ બચ્ચનના સ્પેશ્યલ સેલ્ફી ઝોન બનાવવામાં આવ્યા હતા અલગ સેલ્ફી ઝોન બનાવવામાં આવ્યા હતા જે જોઈ લોકો ખૂબ આનંદિત થઈ ગયા હતા.

## આરાસુરી અંબાજી મંદિર ખાતે આરતી તથા દર્શનના સમયમાં ફેરફાર કરાયો



અંબાજી, તા. ૨૯

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા એક યાદીમાં જણાવ્યું છે કે, સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયમાં ઋતુ પ્રમાણે ફેરફાર થવાથી અંબાજી માં યાત્રાળુઓની સગવડતા ખાતર 'તા.૩૦/૦૪/૨૦૨૫ વૈશાખ સુદ-૩ (ત્રીજ) થી તા.૨૬/૦૬/૨૦૨૫ ને અષાઢ સુદ-૧ (એકમ)' સુધી માતાજીની આરતી તથા દર્શનના સમયમાં ફેરફાર કરાયો છે.

જેમાં આરતી સવારે ૦૭:૦૦ થી ૦૭:૩૦, દર્શન સવારે ૦૭:૩૦ થી ૧૦:૪૫, રાજભોગ આરતી ૧૨:૩૦ થી ૧:૦૦, દર્શન બપોર ૦૧:૦૦ થી ૦૪:૩૦, આરતી સાંજે ૦૭:૦૦ થી ૦૭:૩૦, દર્શન સાંજે ૦૭:૩૦ થી ૦૯:૦૦ વાગ્યા સુધીનો સમય રહેશે. તા.૩૦/૦૪/૨૦૨૫ થી તા.૨૬/૦૬/૨૦૨૫ સુધી માતાજીનો અન્નકુટ થઈ શકશે નહિ. મંદિર ટ્રસ્ટ દ્વારા જાહેર જનતાને નોંધ લેવા વિનંતી કરાઈ છે.



## આતંકી હુમલામાં મૃત્યુ પામેલ લોકોને હિંદુ સંગઠનો દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણઃ આતંકીઓની નનામી કાઢી વિરોધ પ્રદર્શન

ગત તા.૨૨ એપ્રિલના રોજ પહેલગામમાં આંતકી હુમલો થયો હતો. આ હુમલામાં ૨૮ નિર્દોષ લોકોના મૃત્યુ થયા છે. ત્યારે શહેરના જુદા જુદા હિંદુ સંગઠનો દ્વારા મૃત્યુ પામેલ લોકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ સાથે આતંકવાદીઓની ઠાઠડી કાઢી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આતંકવાદીઓની નનામીનો ખાત્મો કરવામાં આવેલ હતો. હોસ્પિટલ ચોકથી શરૂ કરી બહુમાળી ચોક રેસકોર્સ સુધી નનામી કાઢવામાં આવી હતી.આ સાથે માંગ કરવામાં આવી હતી કે, આ આતંકવાદીઓનો ખાત્મો કરવામાં આવે.



## ગુજરાતમા RE NETWORK-2025 સોલાર ઊર્જાનું ભવ્ય પ્રદર્શન અને સંવાદ યોજાશે

### મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ગુજરાત રાજ્યના ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈ ઉપસ્થિત રહેશે

રાજકોટ, તા.૨૯

દેશમા સોલાર ઉત્પાદન ક્ષેત્રથી લઈને ઘરે ઘરે સોલાર રૂફટોપ લગાવવામા ગુજરાત રાજ્ય અગ્રેસર રહ્યું છે અને દેશમાં સૌથી વધુ સોલાર પેનલ અને સોલાર સેલ અને વિન્ડ મીલનું ઉત્પાદન માત્ર ગુજરાત રાજ્યમાં થઇ રહ્યું છે, ગુજરાત રાજ્યના હજારો યુવાનો સોલાર અને વિન્ડ ક્ષેત્રેને પોતાનું કેરિયર બનાવીને રોજગારી મેળવી રહ્યા છે અને પોતાના વ્યવસાયનો વ્યાપ વધારી રહ્યા છે અને સાથે સાથે દેશની અગ્રણીય કંપનીઓ પણ ગુજરાતમા આવેલી છે.

ત્યારે ગુજરાત રાજ્યમાં રિન્યુઅબલ ઊર્જા સાથે જોડાયેલા દરેક ઉદ્યોગકારો માટે એક કોમન પ્લેટફોર્મ બની રહે અને આં ક્ષેત્રમા સરકારની યોજનાઓ, પોલિસી, નવી ટેક્નોલોજી અને નાણાકીય બાબતોની જાણકારી વધુમાં વધુ ઉદ્યોગકારોને મળી રહે એવા હેતુથી અમદાવાદ ખાતે ગુજરાત ફેડરેશન ઓફ સોલાર ઇન્ડસ્ટ્રીઝના પ્રમુખ કિશોરસિંહ ઝાલા, સચિન શાહ, નિલેષ પટેલ, ફાલ્ગુન ભટ્ટ, રાજેશ જોશી વગેરે દ્વારા ગુજરાતમા સોલાર ઊર્જાનું ભવ્ય પ્રદશન અને સંવાદ RE NETOWRK-2025 Expo & Conclave નું આયોજન ૨૨ થી ૨૩ મે મહિનામા ઈહીબ O7 ખાતે કરેલ છે.જેમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારની વિવિધ વિભાગો દ્વારા ઊર્જાને લગતા સેમિનારનું આયોજન કાર માર્ગદર્શન લેવામાં આવશે અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ગુજરાત રાજ્યના ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈને પણ આમંત્રિત કરાશે.

## દરરોજ કેન્સરના દર્દીઓને પ્રોટીન પાઉડરનું વિતરણ

સેવા એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કેન્સરની સારવાર શરૂ હોય તેવા દર્દીઓને ટોકન દરે શક્તિ માટેના પ્રોટીન પાઉડરનું દરરોજ સાંજે ૭ થી ૮ દરમ્યાન ૧ ક્રિશના પાર્ક, રેલનગર, રાજકોટ ખાતે વિતરણ કરવામાં આવશે.

## ગુજરાત પ્રદેશ ભાજપ કારોબારી સભ્ય અને સેન્ટ ગાર્ગી સ્કૂલના ચેરમેન રમાબેન હેરભાનો આજે જન્મદિવસ



રાજકોટ, તા.૨૯

ગુજરાત પ્રદેશ ભાજપ કારોબારી સભ્ય અને શૈક્ષણિક સંસ્થા સેન્ટ ગાર્ગી સ્કૂલના ચેરમેન રમાબેન હેરમાનો આજરોજ જન્મદિવસ છે. તેઓ હાલમાં ચાઈલ્ડ વેલ્ફેર કમિટી (ગુજરાત સરકાર) ના મેમ્બર્સ તેમજ ઓલ ઈન્ડિયા યાદવ સમાજના કાર્યકારીણી સભ્ય તરીકે કાર્યરત છે.

તેઓ સર્જન ફાઉન્ડેશન મહિલા પાંખના પ્રમુખ સહિતની અનેક સામાજિક સંસ્થાઓ સાથે કાર્યરત છે. ભાજપના વોર્ડ નં.૨ ના મહિલા મોરચામાં સક્રિય કાર્યકર્તા તરીકે રહી લોકસભા, ધારાસભા, કોર્પોરેશનની વિવિધ ચૂંટણીમાં સક્રિય ભૂમિકા મા રહી ભાજપને લીડ અપાવવામાં સિંહ ફાળો રહ્યો છે. તેમના જન્મદિવસ નિમિતે શહેરના શ્રેષ્ઠીઓ, શિક્ષણવિદો, શહેર ભાજપ પ્રમુખ, મહામંત્રી, સાંસદ સભ્યશ્રીઓ, ધારાસભ્યો, કોર્પોરેટરો તેમજ મહિલા કાર્યકર્તાઓએ મો.નં.૯૮૨૫૫૯૦૨૧૩ પર શુભેચ્છા વર્ષા આપી રહ્યા છે.

## પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી જશવંતસિંહ ભટ્ટીનો આવતીકાલે જન્મદિવસ...



ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી જશવંતસિંહ ભટ્ટીનો (મોબાઈલ નં.૯૮૨૫૨ ૨૨૦૨૨) કાલે જન્મદિવસ છે.વ્યવસાયે એડવોકેટ અને ચુસ્ત કોંગ્રેસી વિચારધારાને સમર્પિત જશવંતસિંહ ભટ્ટી ભુતકાળમાં ધર્મેન્દ્રસિંહજી કોલેજનાં જી.એસ.થી શરૂઆત કરીને સેનેટ સભ્ય,રાજકોટ શહેર યુથ કોંગ્રેસ પ્રમુખ,પ્રદેશ યુવક કોંગ્રેસ પ્રભારી,ગિર-સોમનાથ પ્રભારી,સૌરાષ્ટ્ર કચ્છ પ્રોટોકોલ ઇન્ચાર્જ તથા રાજકોટ શહેર કોંગ્રેસનાં સતત દશ વર્ષ પ્રમુખ તરીકે ફરજો બજાવેલ છે. હાલમાં સતત ત્રીજી વખત પ્રદેશ કોંગ્રેસ સમિતિમાં મહામંત્રી તરીકે તેમજ જામનગર શહેર/જિલ્લામાં અને જૂનાગઢ શહેરનાં ઇન્ચાર્જ તરીકે કોંગ્રેસનાં આદર્શોને આત્મસાત કરીને સેવાઓ આપી રહેલ છે.હંમેશા પ્રજાહિતને જ હંમેશા સર્વોપરી સમજેલ છે તેવા સેવાભાવી અને વત્સલ જશવંતસિંહ ભટ્ટીને આવતીકાલે તા.૩૦ એપ્રિલનાં રોજ ૬૬માં જન્મદિવસ નિમિતે શુભેચ્છા મળી રહી છે.

## બુધવારે નિઃશુલ્ક આરોગ્ય કેમ્પનું આયોજન

રાજકોટ,તા.૨૯

અરવિંદભાઇ મણીઆર જનકલ્યાણ ટ્રસ્ટના માધ્યમથી તા.૧ મે ને ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧ દરમ્યાન હોટલ પેટ્રીયા સ્યુટસ, એરપોર્ટ રોડ, રાજકોટ ખાતે નિઃશુલ્ક આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ નિઃશુલ્ક કેમ્પને સફળ બનાવવા ટ્રસ્ટના ટ્રસ્ટી મંડળ સાથે ટ્રસ્ટના કાર્યકર્તાઓ જહેમત ઉઠાવી રહ્યા છે.



## ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ (કેવીઆઈસી)એ નવો રેકોર્ડ બનાવ્યો

### ભારતના ઈતિહાસમાં પહેલી વાર ખાદી અને ગ્રામોદ્યોગનું ટર્નઓવર ૧લાખ ૭૦હજાર કરોડ રૂપિયાને વટાવી ગયું

રાજકોટ, તા.૨૯

દેશમાં આત્મનિર્ભરતાની ભાવનાને સશક્ત બનાવતું ખાદી અને ગ્રામોદ્યોગ ક્ષેત્ર, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ગતિશીલ નેતૃત્વ અને સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME) મંત્રાલયના માર્ગદર્શન હેઠળ છેલ્લા ૧૧ વર્ષમાં ઝડપથી વિકાસ પામ્યું છે.સોમવારે નવી દિલ્હીના રાજઘાટ ખાતે સ્થિત કાર્યાલયમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે ખાદી અને ગ્રામોદ્યોગનો કામચલાઉ ડેટા જાહેર કરતી વખતે કેવીઆઈસીના અધ્યક્ષ મનોજ કુમારે આ વાત કહી હતી. તેમણે કહ્યું કે કેવીઆઈસીએ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ઉત્પાદન, વેચાણ અને નવા રોજગાર સર્જનનો નવો રેકોર્ડ બનાવ્યો છે. છેલ્લા ૧૧ વર્ષમાં વેચાણમાં ૪૪૭ ટકા, ઉત્પાદનમાં ૩૪૭ ટકા અને રોજગાર સર્જનમાં ૪૯.૨૩ ટકાનો વધારો થયો છે. તમને જણાવી દઈએ કે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં, વર્ષ ૨૦૧૩-૧૪ ની સરખામણીમાં વેચાણમાં ૩૯૯.૬૯ % અને ઉત્પાદનમાં ૩૧૪.૭૯ % નો વધારો થયો હતો. ચેરમેન મનોજ કુમારે જણાવ્યું હતું કે કેવીઆઈસીના આ ઉત્કૃષ્ટ પ્રદર્શને ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત' ના સંકલ્પને સાકાર કરવામાં અને ભારતને વિશ્વની ત્રીજી અર્થવ્યવસ્થા બનાવવામાં મોટો ફાળો આપ્યો છે. કેવીઆઈસીના ચેરમેને માહિતી આપી હતી કે નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં ખાદી અને ગ્રામોદ્યોગ ઉત્પાદનોનું ઉત્પાદન રૂા. ૨૬૧૦૯.૦૭ કરોડ હતું, પરંતુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં તે લગભગ ચાર ગણું વધીને ૩૪૭ ટકાના ઉછાળા સાથે રૂા.૧૧૬૫૯૯.૭૫ કરોડ પર પહોંચી ગયું. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં રૂા.૧૭૦૫૫૧.૩૭ કરોડ પર પહોંચી ગયું, જે અત્યાર સુધીનું સૌથી વધુ વેચાણ છે.

# ક્રિકેટનો મહાકુંભઃ કાલ શ્રી ખોડલધામ યુવા સમિતિ આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ

## શ્રી ખોડલધામ યુવા પ્રિમિયર લીગ (KYPL)માં ગુજરાતભરમાંથી ૩૨ ટીમો વચ્ચે થશે ટક્કર

## ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલના હસ્તે ઉદ્‌ઘાટન




રાજકોટ : તા ૨૯

શ્રી ખોડલધામ યુવા સમિતિ દ્વારા કાલ થી ૮ મે સુધી રાજકોટ નજીક આવેલા પાળ ગામના એસજી ક્રિકેટ કલબ ગ્રાઉન્ડ ખાતે ક્રિકેટ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. શ્રી ખોડલધામ યુવા સમિતિ આયોજિત સૌપ્રથમ શ્રી ખોડલધામ યુવા પ્રિમિયર લીગ (KYPL)માં ગુજરાતભરમાંથી ૩૨ ટીમો સહભાગી થશે અને આ તમામ ટીમો વચ્ચે ૯ દિવસ સુધી ક્રિકેટનો જંગ જામશે.

સમાજના યુવાનોનું સંગઠન મજબૂત બને, ભાઈચારો વધે અને યુવાનોના કૌશલ્યને વેગ આપવાના શુભ ઉદ્દેશથી ૩૦ એપ્રિલ થી ૮ મે સુધી શ્રી ખોડલધામ યુવા પ્રિમિયર લીગ (KYPL)નું આયોજન કરાયું છે. અખાત્રીજના દિવસે એટલે કે આવતીકાલે સાંજે ૬ કલાકે પાળ ગામે આવેલા એસજી ક્રિકેટ કલબ ગ્રાઉન્ડ ખાતે આ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ થશે. જેમાં ઉદઘાટક તરીકે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત સમારંભના

## ૩૦ એપ્રિલથી ૮ મે સુધી રાજકોટ નજીક પાળ ગામે ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાશે

અધ્યક્ષ તરીકે કેન્દ્રના કેબિનેટ મંત્રી મનસુખભાઈ માંડવીયા, રાજ્યના કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલ અને રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિતના રાજકીય-સામાજિક આગેવાનો અને અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

શ્રી ખોડલધામ યુવા પ્રિમિયર લીગ (KYPL)માં રાજકોટ જિલ્લો, જેતપુર, જામનગર અને સુરેન્દ્રનગરની કુલ ૩૨ ટીમો ભાગ લઈ રહી છે. દરરોજ ૪ મેચનું આયોજન કરવામાં આવશે. જેમાં નોક આઉટ મેચ ૧૦ ઓવરની, સેમીફાઈનલ મેચ ૧૨ ઓવરની અને ફાઈનલ મેચ ૧૪ ઓવરની રમાશે. ફાઈનલમાં વિજેતા ટીમને ૫૧ હજાર રોકડ પુરસ્કાર અને ટ્રોફી આપવામાં આવશે. જ્યારે રનર્સ અપ ટીમને ૨૧ હજાર રોકડ પુરસ્કાર અને ટ્રોફી આપવામાં આવશે.

સાથે જ ટુર્નામેન્ટ દરમિયાન મેન ઓફ ધ સિરીઝ, બેસ્ટ બેટ્સમેન, બેસ્ટ બોલરને આકર્ષિત પુરસ્કાર આપવામાં આવશે. શ્રી ખોડલધામ યુવા પ્રિમિયર લીગ (KYPL)ની દરેક મેચનું લાઈવ પ્રસારણ શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ અને શ્રી ખોડલધામ યુવા સમિતિના ઓફિશિયલ ફેસબુક પેજ અને યુટ્યુબ ચેનલ પર કરવામાં આવશે.સમગ્ર ટુર્નામેન્ટમાં સ્પોન્સરશિપ અને મેચ ફીમાંથી જે રકમ વધશે તે આખા વર્ષ દરમિયાન થતા સમાજ સેવાના કાર્યોમાં ઉપયોગમાં લેવામાં આવશે.







# બ્રહ્માકુમારી અને સબઝોન જયોતિદર્શન સેવાકેન્દ્ર દ્વારા પવિત્ર જીવન યાત્રા મહોત્સવની ભવ્ય ઉજવણી

## પવિત્ર જીવન ધારણ કરનારા રાજનગર સેવા કેન્દ્રના કમલ પુષ્પ યુગલોનુ સન્માન કરાયું

રાજકોટ,તા.૨૯

બ્રહ્માકુમારીઝ રાજનગર અને સબ ઝોન મુખ્યાલય જ્યોતિદર્શન પંચશીલ સેવા કેન્દ્ર દ્વારા પવિત્ર જીવન યાત્રા મહોત્સવ ગઈકાલે રવિવારે અમૃત સાગર પાર્ટી પ્લોટ ખાતે શાનદાર તરીકાથી ઉજવાયો હતો. જેમાં પવિત્ર જીવન ધારણ કરનારા રાજનગર સેવા કેન્દ્રના કમલ પુષ્પ યુગલોનું ભવ્ય સન્માન કરાયું હતું. આ કાર્યક્રમ બ્રહ્મા કુમારીઝ ગુજરાતના ડાયરેક્ટર વરિષ્ઠ બ્રહ્મા કુમારીઝ ભારતી દીદીજીના વિશેષ સાનિધ્યમાં યોજાયો હતો.

આ પ્રસંગે માઉન્ટ આબુથી બ્રહ્માકુમારી ડો. સવિતાબેન, ઇસ્કોનના સ્વામી અનિકેતદાસજી, ઠાકુરાની સાહેબા કદમબરીદેવી મુખ્ય મહેમાન રૂપે ઉપસ્થિત રહ્યા હતા.

બ્રહ્માકુમારી ડો. સવિતાબેને જણાવ્યું હતું કે, સ્નેહ,સન્માન, વિશ્વાસ, સદભાવના, સહયોગ જેવા મૂલ્યોથી સજેલું આપનું જીવન વિશ્વ માટે પ્રેરણા રૂપ છે અને વિશ્વને એકતા તરફ દોરી જવામાં ખૂબ મોટો સહયોગ આપે છે.

આપ સહુ બ્રહ્મમુહૂર્તમાં ઉઠો છો સાત્વિક ભોજન કરો છો, બ્રહ્મચર્યને ઘર સંસારમાં રહેતા પણ અપનાવ્યું છે. આ બધું ઈશ્વરીય શક્તિ સાથે જોડાવાથી જ શક્ય બન્યું છે. આધ્યાત્મિક દ્રષ્ટિ, આધ્યાત્મિક જ્ઞાનથી પવિત્રતા સહજ બની ગઈ.

ઠાકુરાની સાહેબા કદમબરીદેવીએ કહ્યું કે, જેવું અન્ન તેવું મન અને તેવું જ તન. આપ સહુએ આ પવિત્ર વિચારધારાને જીવન માં અપનાવી છે એ જ આપ સહુની મહાનતા છે.

આશરે ૧૨૦૦ લોકો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

૨૦૨૫-૨૬ને મેડિટેશન ફોર વર્લ્ડ યુનિટી એન્ડ ટ્રસ્ટ તરીકે ઉજવાશે બ્રહ્માકુમારીઝ દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ને મેડિટેશન ફોર વર્લ્ડ યુનિટી એન્ડ ટ્રસ્ટ તરીકે ઉજવાય રહ્યું છે. કાર્યક્રમની શરૂઆતમાં તેની ઘોષણા કરાઈ હતી. તેનું ઉદઘાટન કરાયું હતું.

આ થીમના ઉદ્દેશ વિશે વિષદ છણાવટ કરતા બ્રહ્માકુમારી અંજુબેને જણાવ્યું હતું કે - આજથી જ આપણા દિલમાં વિશ્વ બંધુત્વ વિશ્વ એકતાની જ્યોત જલાવો. આજના સમયની માંગ છે કે વ્યસ્ત જીવનમાં થી પણ પરિવારના સભ્યોને પૂરતો સમય આપવો, દરકાર લેવી. આજે પરિવર્તનનો પ્રારંભ મતલબ એકતા અને વિશ્વાસનો પ્રારંભ ખુદ થી જ કરે અને આપસમાં હળી મળી ને એકતા સદભાવનાથી રહીએ.

# ન પંચાંગ ન પંડિત... આ અક્ષય તૃતિયા છે

અક્ષય તૃતિયા સામાન્ય રીતે લોકો ખરીદી અને લગ્ન માટે ઓળખે છે. પણ, તેનો મહિમા આના કરતાં ઘણો મોટો છે. તે શ્રદ્ધા, સદગુણ અને સૌભાગ્યનો ઉત્સવ છે. આ દિવસે શ્રદ્ધા અને સત્કર્મ સાથે વાવેલા બીજ જીવનમાં શાશ્વત ફળ આપે છે. આ દિવસના દાન, તપ અને શુભ કાર્યોના ફળનો ક્યારેય નાશ થતો નથી.

અક્ષય તૃતીયા વૈશાખ મહિનાના શુકલ પક્ષની તૃતિયા તિથિના રોજ ઉજવવામાં આવે છે, જે આ વખતે ૩૦ એપ્રિલે છે. 'અક્ષય' એટલે કે જેનો ક્યારેય ક્ષય થતો નથી, તેથી આ દિવસે કરવામાં આવેલ પુણ્ય, દાન, તપ અને શુભ કાર્ય શાશ્વત ફળ આપે છે. અક્ષય તૃતિયા પર અબુજ મુહૂર્ત આવે છે. મતલબ કે આ દિવસે કોઈ પણ પ્રકારનું શુભ કાર્ય કોઈપણ શુભ સમય વગર કરી શકાય છે. આનો અર્થ એ છે કે અક્ષય તૃતિયા સ્વયં સ્પષ્ટ શુભ સમય છે. એટલે કે આ દિવસે કરવાના શુભ કાર્યો માટે ન તો પંચાંગની સલાહ લેવાની જરૂર છે કે ન તો કોઈ પંડિત વગેરે પાસેથી શુભ સમય મેળવવાની. જ્યોતિષશાસ્ત્ર અનુસાર અક્ષય તૃતીયા એવી તિથિ છે, જ્યારે સૂર્ય અને ચંદ્ર બંને ઉચ્ચ સ્થાનમાં હોય છે, જેના કારણે આ દિવસે કોઈ પણ શુભ કાર્ય માટે અલગ મુહૂર્ત રાખવાની જરૂર નથી

**જ્યારે સત્યયુગ શરૂ થયો**

અક્ષય તૃતીયાનો મહિમા સ્કંદ પુરાણ, મહાભારત, વિષ્ણુ પુરાણ અને ભાગવત પુરાણ સહિત અનેક ગ્રંથોમાં વર્ણવવામાં આવ્યો છે. સ્કંદ પુરાણ અનુસાર, આ દિવસે ગંગાનું અવતરણ થયું હતું, જેણે સમગ્ર પૃથ્વીને શુદ્ધ કરી હતી. મહાભારતના વનપર્વમાં ઉલ્લેખ છે કે આ દિવસે ભગવાન શ્રી કૃષ્ણએ પાંડવોને 'અક્ષય પત્ર' આપ્યું હતું, જેના કારણે તેમનું ભોજન ક્યારેય સમાપ્ત થયું ન હતું. વિષ્ણુ પુરાણ જણાવે છે કે આ તિથિએ ભગવાન વિષ્ણુએ પરશુરામના રૂપમાં અવતાર લીધો હતો, જેના કારણે આ દિવસે પરશુરામ જયંતિ પણ ઉજવવામાં આવે છે. ભાગવત પુરાણમાં કહેવાયું છે કે ત્રેતાયુગની શરૂઆત અક્ષય તૃતીયાથી થઈ હતી. આ તિથિથી સત્યયુગની શરૂઆત પણ માનવામાં આવે છે.




માત્ર અક્ષય તૃતિયા પર જ વૃંદાવનમાં શ્રી બાંકેબિહારી મંદિરમાં ચરણ દર્શન થાય છે. સમગ્ર વર્ષ બિહારીજીના ચરણ ઢાકેલા રહે છે. પુરી જગન્નાથ રથયાત્રા માટેના રથના નિર્માણનું કાર્ય અક્ષય તૃતિયાના દિવસથી શરૂ થાય છે.

### શું બે દિવસ મનાવાશે અક્ષય તૃતિયા ?

અક્ષય તૃતિયા તિથિ બે દિવસ છે. પરંતુ તા. ૨૯ના રાત્રે ૮.૦૯ વાગ્યાથી શરૂ થઈને તા.૩૦ના સાંજે ૫.૫૫ વાગ્યા સુધી રહેશે આમ ઉદય તિથિને અનુસાર તા. ૩૦ એપ્રિલ જ અક્ષય તૃતિયા છે. આ દિવસે વિશેષ રૂપથી દાનનું મહત્વ છે. આ દિવસે માતા ગૌરી, કુબેર, તુલસી, ગણેશજીની સાથે લક્ષ્મી નારાયણની પુજા કરવી જોઇએ.

### વિશેષ શુભ યોગ

આ વખતે અક્ષય તૃતિયા તા. ૩૦ એપ્રિલ અર્થાત આવતીકાલે છે. અનેક શુભ યોગો છે જેથી આ દિવસનું મહત્વ સવિશેષ વધી જાય છે. આ ત્રણ યોગ છે. રવિ, શોભન તથા સર્વાર્થ સિધ્ધિ યોગ છે. રવિ યોગમાં કરવામાં આવતુ દરેક કાર્ય સિધ્ધ થાય છે. કારણ કે સુર્યના વિશેષ પ્રભાવથી શુભતા વધે છે. શોભન યોગમાં કરવામાં આવતુ રોકાણ, વિવાહ અથવા નવું કાર્ય બેહદ સફળ થાય છે ત્યારે સર્વાર્થ સિધ્ધિ યોગ દરેક ઇચ્છાને પૂર્ણ કરનારૂ માનવામાં આવે છે.

### પાંડવોના અક્ષયપાત્રવાળી આ કથા સાંભળી છે ?

મહાભારત કાળમાં જયારે પાંડવો વનવાસમાં હતા ત્યારે દ્રૌપદીને એ ચિંતા થઇ કે વનમાં અતિથિઓનો સત્કાર કઇ રીતે કરવો ? તેમની ચિંતા જોઇને ભગવાન શ્રીકૃષ્ણે દ્રૌપદીને 'અક્ષય પાત્ર' આપ્યું. જયાં સુધી દ્રૌપદી ભોજન કરતી નહી ત્યાં સુધી પાત્રનું અન્ન સમાપ્ત થતું નહોતું, એથી પાંડવોએ મુશ્કેલીના દિવસોમાં પણ અસંખ્ય અતિથિઓની સેવા કરી એ પણ કહેવામાં આવે છે. અક્ષય તૃતિયાના દિવસે કુબેરને ધનાધ્યક્ષનું પદ મળ્યું હતું. બદ્રીનાથના કપાટ પણ આ દિવસે જ ખુલે છે.

### શું કરવું જોઈએ

- જો કોઇ નવો વેપાર, રોકાણ કે જીવનથી જોડાયેલ કોઇ મોટો નિર્ણય લેવાનો હોય તો અક્ષય તૃતિયાનો દિવસ અત્યંત શુભ માનવામાં આવે છે.
- અક્ષય તૃતિયા પર સોનુ-ચાંદીની ખરીદી કરવી અત્યંત શુભ માનવામાં આવે છે આ ધનવૈભવમાં વૃધ્ધિનો સંકેત આપે છે.
- આ દિવસે ગાય માતાને લીલુ ઘાસ ખવડાવવું પુણ્યદાયી માનવામાં આવે છે તેથી પિતૃઓની કૃપા પ્રાપ્ત થાય છે.
- જરૂરતમંદોને શીતલ જળનું દાન કરવું તેથી જીવનમાં શાંતિ અને સૌભાગ્ય વધે છે.
- તુલસીમાં જળ નાંખવાથી તથા દીપક પ્રગટાવવાથી ઘરમાં સકારાત્મક ઉર્જાનો વાસ થાય છે.
- ભગવાન વિષ્ણુ અને માતા લક્ષ્મીની પુજા કરી, તેમને ખીર અને તાજા ફુલ અર્પિત કરવા તેથી ઘરમાં સ્થાયી સમૃધ્ધિ આવે છે.
- અનાજ, વસ્ત્ર અને જરૂરતની ચીજોનું દાન કરવાથી અક્ષય પુણ્ય ફળ મળે છે.

આગામી તા.૩૦મીના બુધવારે વૈશાખ સુદ ત્રીજ

# અક્ષય તૃતિયાના દિને બધુ અક્ષયમાં પરિણમે છે

અક્ષર તૃતિયાના ભગવાન વિષ્ણુએ પરશુરામનો અવતાર ધારણ કર્યો હતો. વૈશાખ સુદ ત્રીજનું સર્વ સિધ્ધ મુહૂર્તના રૂપમાં પણ વિશેષ મહત્વ છે. તેને અખાત્રીજના રૂપે જાણવામાં આવે છે.

એવું માનવામાં આવે છે કે આ દિવસે આપવામાં આવેલું દાન-પુણ્ય અક્ષય ફળ આપે છે. ધ્યાન ખેંચનારી વાત એ છે કે આ દિવસે કરવામાં આવતા ખોટા કે અનૈતિક કાર્યો પણ અક્ષય થાય છે. જેનું ફળ અનુપાતમાં અનંતકાળ સુધી મળે છે.

આ દિવસે પિતૃઓને કરવામાં આવતું તર્પણ, પિંડદાન તથા ગંગાસ્નાન કરવું તે અક્ષય ફળ પ્રદાન કરે છે. અક્ષર તૃતિયાના દિવસે જળથી ભરેલો ઘડો, છત્રી, ખાદ્ય સામગ્રી તથા ઋતુના ફળનું દાન કરવું પુણ્યકારી માનવામાં આવે છે.



**વૈશાખ સુદ ત્રીજના અવતાર લેનારા પરશુરામ ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર છે : આ તિથિ અર્થાત અક્ષર તૃતિયાની માન્યતા સર્વ સિધ્ધ મુહૂર્તના રૂપમાં છે**

સતયુગ અને ત્રેતાયુગનો આરંભ આ તિથિએ થયો હતો. ભગવાન વિષ્ણુનું નર-નારાયણ અને હયગ્રીવ અવતાર પણ આ તિથિએ થયો હતો. બ્રહ્માના પુત્ર અક્ષયકુમારનો જન્મ પણ આ દિવસે જ થયો હતો. ચારધામનું પ્રસિધ્ધ તીર્થ સ્થળ શ્રી યમુનોત્રી અને ગંગોત્રીના કપાટ પણ આ દિવસે ખુલે છે.

વૃંદાવન સ્થિત શ્રી બાંકે બિહારી મંદિરમાં પણ માત્ર આ દિવસે જ શ્રી વિગ્રહના ચરણ દર્શન થાય છે.

નારદ પુરાણ અનુસાર ગંગાનું અવતરણ પણ આ દિવસે થયું હતું ધનના દેવતા કુબેરને આ દિવસે જ કોષાધ્યક્ષ બનાવાયા હતા. શ્રી કૃષ્ણના બાળપણના મિત્ર સુદામાનું કૃષ્ણ સાથેનું મિલન પણ આ દિવસે થયું હતું. ભગવાન શ્રી કૃષ્ણએ આ દિવસે જ ચીરહરણના સમયે દ્રૌપદીનો પોકાર સાંભળીને તેની રક્ષા કરી હતી.

આ દિવસે પાંડવોને વનવાસ દરમ્યાન સુર્ય ભગવાને યુધિષ્ઠિરને અક્ષય પાત્ર આપેલ હતું.

અક્ષર તૃતિયાના દિવસે જ મહર્ષિ વેદવ્યાસે ગણેશજીને મહાભારત લખાવવાનું શરૂ કરેલ હતું.

એક માન્યતા અનુસાર આદિ શંકરાચાર્યજીએ આ દિવસે કનકધારા સ્તોત્રની રચના કરી હતી.

ભગવાન જગન્નાથના રથોના નિર્માણની કામગીરી આજના દિવસથી શરૂ થાય છે.

આ દિવસે જૈન ધર્મના વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકર ભગવંત શ્રી ઋષભદેવ ભગવાને એક વર્ષની તપસ્યા પૂર્ણ કયા બાદ ઇક્ષુ(શેરડીનો રસ) રસથી પારણુ કર્યુ હતું. આ કારણે જૈન ધર્મમાં આ દિવસને ઇક્ષુ તૃતિયાના નામથી મનાવવામાં આવે છે વર્તમાનમાં જૈન સમાજમાં જે કોઇએ વર્ષીતપની આરાધના કરી હોય તેઓના તપની પુર્ણાહુતિ થાય છે અને પારણા કરે છે.

# અક્ષય તૃતિયાના દિવસે સર્જાતો ગજકેસરી રાજયોગ : પાંચ રાશિના જાતકો માટે લાભદાયી



આ વખતે અક્ષય તૃતિયા પર ગજકેસરી રાજયોગનો અદભુત સંયોગ બની રહ્યો છે. તા. ૩૦ના અક્ષય તૃતિયાના દિવસે વૃષભ રાશિમાં ગુરૂ અને ચંદ્રના સંયોગથી ગજકેસરી રાજયોગ રચાઇ રહ્યો છે આ તહેવાર ઉદ્યોગપતિઓ માટે વધુ અનુકુળ રહેશે.

ગજકેસરી રાજયોગને જયોતિષમાં ખુબ જ પ્રભાવશાળી માનવામાં આવે છે સોના ચાંદીના વેપારીઓને અણધાર્યો નફો મળી શકે નહીં પાંચ રાશિના જાતકો માટે અક્ષય તૃતિયા લાભદાયી બને તેવી સંભાવના છે.

## વૃષભ, મિથુન, સિંહ, તુલા તથા મીન રાશિના જાતકો માટે નોકરી, વ્યવસાય, મકાન, પ્લોટ તથા ખરીદીના ઉજળા સંયોગો

**વૃષભ રાશિ**

વૃષભ રાશિના જાતકો માટે અક્ષય નૃતિયાનો તહેવાર ખુબ જ શુભ રહેશે. દેવી લક્ષ્મી તથા કુબેરની કૃપા રહે અનેક ક્ષેત્રોમાં સફળતા મળે, અટકેલા કાર્યો પૂર્ણ થઇ શકે છે. નોકરીમાં તમારા કામની પ્રશંસા થાય, વાહન અથવા મિલ્કત ખરીદવાના યોગ છે. રોકાણ કરવા માટે ઉતમ સમય છે. નવો ધંધો કરવો ફાયદાકારક રહેશે.

**મિથુન રાશિ**

મિથુન રાશિના જાતકો માટે અક્ષય તૃતિયા લાભદાયક રહેશે. વેપારમાં ઘણો ફાયદો થઇ શકે છે. નોકરીયાતો માટે લાભદાયક બેરોજગારોને નવી નોકરીની ઓફર મળી શકે છે. સ્વાસ્થ્ય સારૂ રહે.

**સિંહ રાશિ**

સિંહ રાશિના જાતકો માટે અક્ષય તૃતિયા શુભ રહે ઘણા ક્ષેત્રોમાં સફળતા મળે, અધુરા કામ પુરા થાય, માન-સન્માન મળે ઘર કે પ્લોટ ખરીદવાના યોગ પ્રબળ બને.

**તુલા રાશિ**

તુલા રાશિના જાતકોને વ્યવસાયમાં અનેકગણો ફાયદો થશે. નોકરીમાં લાભ થાય, નવું મકાન કે કાર ખરીદવાનું સપનુ પૂર્ણ થઇ શકે છે. અટવાયેલી રકમ પરત મળી શકે છે. કારકીર્દીમાં વધુ સારી તકો મળવાની સંભાવના છે. ધનના યોગ છે.

**મીન રાશિ**

મીન રાશિના જાતકો માટે અક્ષય તૃતિયાના યોગો લાભદાયી નિવડે, નોકરીમાં ઘણો ફાયદો થાય, નવું ઘર તથા કાર રીદવાના યોગ સર્જાય, અટકેલા નાણા પરત મળે, નવી નોકરી મળી શકે છે. દેવી લક્ષ્મીની કૃપા વરસવાના યોગ છે.

# કાલે અક્ષય તૃતીયા નિમિત્તે દ્વારકાધીશ મંદિરમાં દર્શનના સમયમાં ફેરફાર



(કુંજન રાડીયા)

જામ ખંભાળિયા, તા. ૨૯

પવિત્ર અક્ષય તૃતીયા (અખાત્રીજ) નિમિત્તે બુધવાર તા. ૩૦ એપ્રિલના રોજ દ્વારકાના જગત મંદિરમાં દર્શનનો સમય ફેરફાર કરવામાં આવ્યો છે. આ અંગે દ્વારકાધીશ મંદિરના વહીવટદારની યાદીમાં જણાવાયા મુજબ અક્ષય તૃતીયા નિમિત્તે બુધવારે મંગળા આરતીના દર્શન સવારે ૬:૩૦ થી ૮ વાગ્યા સુધી, ૮ થી ૯ શ્રીજી સ્નાન (દર્શન બંધ), સવારે ૯ થી ૧૦ શૃંગાર દર્શન, ૧૦ થી ૧૨ દર્શન બંધ, ૧૨ વાગ્યે ઉત્સવ આરતી, ૧૨ થી ૦૧:૩૦ ઉત્સવ દર્શન અને ૦૧:૩૦ સાંજે ૫ વાગ્યા સુધી અનોસર (દર્શન બંધ) રહેશે. જ્યારે સાંજનો ક્રમ રાબેતા મુજબ રહેશે.

# ગાંધીગ્રામના શ્રી રાધાકૃષ્ણ મંદિરની કાલે વર્ષગાંઠ : મહાપ્રસાદનું આયોજન



રાજકોટ, તા. ૨૯

શહેરના ગાંધીગ્રામ ૮૦ ફુટના રોડ પર શ્રી સોરઠીયા પ્રજાપતિની વાડી પાછળ આશાપુરા મંદિર પાસે આવેલા શ્રી રાધાકૃષ્ણ મંદિરની ૨૫મી વર્ષગાંઠ ઉજવવાનું આયોજન કરાયું છે.

આહિર સમાજના ઇષ્ટદેવ શ્રી રાધાકૃષ્ણ ભગવાનની કૃપાથી મંદિરની વર્ષગાંઠ તા.૩૦ એપ્રિલના બુધવારે નિર્ધારિવામાં આવેલ છે. મંદિરના ભકત પૂર્વ કોર્પોરેટર બાબુભાઇ આહિરે જણાવ્યું હતું કે આ પ્રસંગે કાલે બુધવારે જમણવાર (મહાપ્રસાદ)નું આયોજન કરવામાં આવ્યું છે. સાંજે ૭.૩૦ થી ૯.૩૦ મંદિર ખાતે આ આયોજન છે જેમાં ભકતોને પધારવા મહંત શ્રી ગીરીબાપુએ નિમંત્રણ આપ્યું છે.

# શિક્ષણ, સાહિત્ય અને સંગીતક્ષેત્રે નામના ધરાવતા પિયુષ હિન્ડોચાનો આજે જન્મદિવસ



રાજકોટ, તા.૨૯

શિક્ષણ, સાહિત્ય અને સંગીતક્ષેત્રે નામના ધરાવતા પિયુષ હિન્ડોચાનો આજે જન્મદિવસ છે. તેઓ શિક્ષણ ક્ષેત્રમાં વિવિધ સંસ્થાઓમાં તાલીમ, પ્રેરણાત્મક વ્યાખ્યાન, મતદાર વિષયક કાર્યક્રમો, ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમો, લશ્કરી ભરતી માર્ગદર્શન વગેરે કાર્યો નિ:શુલ્ક અને નિ:સ્વાર્થ ભાવે કરી રહ્યા છે.

સામાજિક સંસ્થાઓમાં યોજાતા કાર્યક્રમોમાં સંચાલન નિર્ણાયક અને કુરિવાજો દૂર કરવા પ્રવચનો આપે છે. તેઓ રાષ્ટ્રીય અને રાજ્યકક્ષાના શાળા અભ્યાસ ક્ષેત્રે સુધારણા અને તાલીમ તજજ્ઞ તરીકે સેવા આપી રહ્યા છે. નિવૃત થયા બાદ શિક્ષકો, યુવાનો, મહિલા, સામાજિક સંસ્થાઓ અને સંગીતના કાર્યક્રમો યોજવાનું આયોજન કરેલ છે. તેમના જન્મદિવસ નિમિત્તે તમામ સંસ્થાઓ અને તેના અગ્રણીઓ, મિત્ર વર્તુળ દ્વારા મો.નં.૯૪૨૮૪ ૬૫૯૮૭ પર શુભેચ્છાઓ આપી રહ્યા છે.




# ન્યૂજર્સી ખાતે નાગર-જ્ઞાતિ દ્વારા હાટકેશ્વર પાટોત્સવ ઉજવાયો

## હાટકેશ દાદાની શોભાયાત્રા, શિવસ્તુતિ, મહિમ્ન સ્તોત્ર, શાસ્ત્રીય નૃત્ય, ભજન પ્રસ્તુતિ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા

## રાજકોટનું સાયબર સિકયોરિટી ક્ષેત્રે વિશ્વમાં નામ રોશન કરનાર સર્વાંગ પાઠકનું સન્માન

રાજકોટ, તા.૨૯

ન્યૂજર્સી - અમેરિકા ખાતે ૨૬ એપ્રિલ - શનિવારે નાગર જ્ઞાતિના ઈષ્ટદેવશ્રી હાટકેશ્વર દાદાના પાટોત્સવનું આયોજન નાગર્સ ઓફ નોર્થ અમેરિકા સંસ્થા દ્વારા વડતાલધામ - સમરસેટ - ન્યૂજર્સી મંદિર ખાતે કરવામાં આવ્યું.

કાર્યક્રમનો પ્રારંભ શ્રી હાટકેશ્વર મહાદેવની પૂજા અર્ચનાથી કરવામાં આવેલ. ત્યાર બાદ સુંદર શણગારેલ પાલખીમાં ખૂબ જ ધાર્મિક ઉત્સાહ-ઉમંગ સાથે વડતાલધામનાં પરિસરમાં ઢોલના નાદ અને હાટકેશના જય જયકાર સાથે શોભાયાત્રા કાઢવામાં આવી હતી.શોભાયાત્રા બાદ, રાજકોટના સર્વાંગ દેવર્ષિ પાઠક જેઓએ ગુજરાત - ભારતનું નામ સાયબર સિક્યોરિટી ક્ષેત્રે બહુ યુવા-વયે રોશન કરેલ છે. તેમનું સંસ્થા વતી મિનલ નાણાવટી દ્વારા વિશેષ સન્માન કરવામાં આવેલ.

પાટોતસવનાં ધાર્મિક પ્રસંગે વિવિધ પ્રસ્તુતિમાં શ્રી હાટકેશ્વરાષ્ટકમ દર્શનભાઈ અને લીનાબેન મહેતા, નિયાન ધોળકીયા - ગીતા શ્લોક પઠન, શિવપંચાક્ષર સ્તોત્ર હૃદવી વ્યાસ અને ધવેન વસાવડા - પ્રાર્થના, ખનક વોરા - નૃત્ય, શ્લોક પઠન - મેધાશ વોરા, ગણેશ વંદના, શિવ ભજન પ્રણાલી દેસાઈ, ડો. પ્રીતિ વ્યાસ અને ક્રિતીકા ત્રિવેદી, શિવપાર્વતી મંગલાષ્ટકમ, વાદ્ય સંગીત અથર્વ દેસાઈ, ઉમિલભાઈ પારઘી એ પ્રસ્તુત કર્યું હતું. પાટોત્સવની ઉજવણીનાં અંતમાં શ્રી હાટકેશ્વર દાદાને થાળ ધરાવી, ઉપસ્થિત અંદાજે ૨૦૦ થી વધુ - ન્યૂર્યોક, ન્યૂજર્સી, કનેકટીકટ, ભારતથી આવેલા જ્ઞાતિજનોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

## હુમલામાં અમારી ભૂમિકા નથી તેવા પાક.ના દાવાના ચિથરા ઉડયા

# પહેલગામ હુમલામાં સામેલ મૂસા પાક. સેનાનો પુર્વ કમાન્ડો

### પાક સૈન્યના સ્પેશ્યલ સ્પેશ સર્વિસ ગ્રુપમાં કામ કરી ચૂકયો છેઃ હવે લશ્કરે તોયબા સાથે જોડાવવાનું તે ફકત 'કવર' હોઈ શકેઃ ચોકકસ મિશન સાથે જ ભારતમાં ઘુસ્યો હતો

નવી દિલ્હીઃ પહેલગામમાં થયેલા ત્રાસવાદી હુમલામાં ફકત પાકિસ્તાનમાં તાલીમ લીધેલા ત્રાસવાદીઓ જ નહી ખુદ પાકિસ્તાની સેનાના ખાસ કમાન્ડો પણ આ હુમલામાં સામેલ હોવાનો ઘટસ્ફોટ થયો છે અને આ સાથે હુમલામાં અમારો કોઈ હાથ નથી અને હુમલાખોરોને 'સ્વતંત્રતા સેનાની' ગણાવવાના પાકના દાવાનો પણ પર્દાફાશ થયો છે. અગાઉ ૧૯૯૯ના કારગીલ હુમલા સમયે પણ પાક સેનાની ભૂમિકા નકારાઈ હતી બાદમાં એ જ હુમલાખોરોને સલામત પરત જવા દેવાની વિનંતી સાથે પાકે કબુલ કર્યુ હતું કે અમારી સેનાના જવાનોએ જ કારગીલમાં ઘુસણખોરી કરી હતી. આ પ્રકારની સ્થિતિ હવે પહેલગામમાં બની છે. આ હત્યાકાંડમાં સામેલ એક પાકિસ્તાની આતંકીની ઓળખ હાશીમ મૂસા તરીકે થઈ છે અને તે લશ્કરે તોયબા સાથે સંકળાયેલો હોવાનો દાવો થાય છે પણ મુસાનું વધુ એક કનેકશન પણ નિશ્ચિત થયુ છે તે પાક સેનાના ખાસ સ્પેશ-સર્વિસ-ગ્રુપ (એસ.એસ.જી.)નો ખાસ તાલીમબદ્ધનો કમાન્ડો છે.

તે સ્પેશ્યલ ફોર્સમાં આ હુમલાનો



માસ્ટરમાઈન્ડ કે લીડર હતો જેના નેતૃત્વમાં આ હુમલાના તમામ ત્રાસવાદી

### સમગ્ર હુમલામાં પાક. સેનાની ભૂમિકા ખુલ્લીઃ અન્ય એક હુમલાખોર પણ પાક આતંકી હોવાની ઓળખ

સામેલ હતા તથા હિન્દુઓનું નામ પુછીને હત્યા કરવા તેની ભૂમિકા હોઈ શકે છે. આમ આ હુમલામાં પાક સેનાની ભૂમિકા નિશ્ચિત થઈ છે અને તેથી પાક માટે પણ બચાવ કરવું મુશ્કેલ બની જશે.

ટાઈમ્સ ઓફ ઈન્ડીયાના રિપોર્ટ મુજબ મુસા જે સોશ્યલ ફોર્સના કમાન્ડો છે તેને લશ્કરે તોયબા સાથે જોડવામાં આવ્યા છે. આ પ્રકારના હુમલા સામાન્ય તાલીમ સાથે ત્રાસવાદી કરી શકે નહી પણ ખૂબજ ટાઈમલાઈન સાથે અને નિશ્ચિત ટાર્ગેટ એ કમાન્ડો જ કરી શકે તથા સલામત રીતે પરત ચાલ્યા જવું. આ એક ખાસ ઓપરેશન હતું. ઘટયું હોત તો તેઓ વધુ હત્યા કરી શકયા હોત પણ તેમ કરાયુ નથી. આમ પપાક સેનાના પુર્વ કમાન્ડોને હવે ત્રાસવાદી સાથે જોડવામાં આવ્યા છે.

ભારતીય સુરક્ષાદળો જે આ હુમલાખોર આતંકીઓની નજીક પહોંચી ગયા છે. તેઓ ગમે તે સમયે તેમને ઝડપી લેશે અથવા તેને ઠાર મારશે અને પાક સેનાની ચિંતા આ પર્દાફાસથી વધી ગઈ છે.

## કાશ્મીરમાં ૪૮ પર્યટન સ્થળો હાલ સહેલાણીઓ માટે પ્રતિબંધીત

### સુરક્ષાના હેતુથી નિર્ણય લેવાયોઃ સ્થળો 'સીલ' કરાશે

શ્રીનગરઃ પહેલગામ હુમલાના પગલે જમ્મુ-કાશમીરમાં વધારાયેલી સુરક્ષા છે. હવે રાજય સરકારે 'જોખમી' તથા દુર દુરના સ્થળના ૫૦થી વધુ ટુરીસ્ટ સ્પોટ હાલ બંધ કરી દીધા છે. રાજય સરકારે હાલ આતંકવાદ વિરુદ્ધ જે જબરુ ઓપરેશન હાથ ધરાયુ છે. તેના કારણે આ વિસ્તારમાં સહેલાણીઓનું આવાગમન જોખમી બની શકે છે તે જોતા હાલ આ પર્યટન સ્થળો પર કોઈને આવાગમન નહી કરવા ખાસ સૂચના અપાઈ છે. આ સ્થળોએ ગુરેઝ વેલી, જે બાંદીપોરામાં આવેલી છે. તે ઉપરાંત વુલ્લર વેન્ટેજ પાર્ક અવંતીપુરા ટેમ્પલ પાર્ક પીર કી ગલી બાંગુસ વેલી એપલવેલી વિ.નો સમાવેશ થાય છે તથા



આ તમામ સ્થળો પર પણ સુરક્ષા બંદોબસ્ત વધારી દેવાયો છે.

## હું દેશ અને દુનિયા ચલાવુ છુંઃ ટ્રમ્પ

### હું જે કરૂ છું તેની મજા લઉ છું છતા પુરો ગંભીર છુંઃ અખબારી મુલાકાત

વોશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ જયાં તા.૩૦ના રોજ સતાના ૧૦૦ દિવસો પુરા કરી રહ્યા



છે. તેઓએ એક મુલાકાતમાં તેઓ દેશ (અમેરિકા) અને દુનિયા ચલાવી રહ્યા હોવાનો દાવો કર્યો છે.

એટલાન્ટીક મેગેઝીનને આપેલી એક મુલાકાતમાં તેઓએ કહ્યું કે પ્રથમ વખત હું બે બાબતો કરી રહ્યો છું. દેશ ચલાવી તેનું અસ્તીત્વ અમારુ છે, આ બધા ઠગોને મે બહાર કાઢયા છે અને બીજું હું દેશ અને દુનિયાને ચલાવી રહ્યો છું. તેઓ કહે છે કે હું જે કરૂ છું. તેનો આનંદ લઉ છું પણ વાસ્તવમાં હું ખૂબ જ ગંભીર કામ કરી રહ્યો છું. તેઓએ એ ઈન્કાર કર્યો કે ત્રીજી ટર્મ માટે તેઓએ ન્યાયીક વિભાગનો અભિપ્રાય માંગ્યા છે છતા વધુ એક વખત વ્હાઈટ હાઉસ માટે મે દરવાજા ખુલ્લા રાખ્યા છે ત્યારે હું ઘણું કરવાનું બાકી છે.

## જિલ્લા ગાર્ડન પાસે થયેલી હત્યાના બે આરોપીની ધરપકડ કરાઈ

રાજકોટ,તા.૨૯

ગઈકાલ તા.૨૮/૪ના રોજ બાપુનગર મેઈન રોડ, જિલ્લા ગાર્ડન સ્લમ કવાર્ટર, એકતા સોસાયટીમાં ઈશાન કાસમાણી નામના યુવાનની છરીના ઘા ઝીંકી હત્યા કરાઈ હતી.જેમાં ભકિતનગર પોલીસે ત્રણ આરોપી સામે ગુનો દાખલ કર્યો હતો. જે પૈકી બે આરોપી અફઝાલ સિકંદર જુણેજા અને સાહિલ હુશેન પતાણીને રાત્રે જ દબોચી લેવાયા હતા જયારે મુખ્ય આરોપી અમન મેહબુબ



ચૌહાણ ફરાર થઈ જતા તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

## પૂર્વ આઈપીએસ સંજીવ ભટ્ટને સુપ્રીમ કોર્ટનો ઝટકો : કસ્ટોડિયલ ડેથ કેસમાં રાહત નહીં

### આજીવન કેદની સજાને સ્થગિત કરી જામીન પર મુક્તિની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી

નવી દિલ્હી, તા.૨૯

સુપ્રીમ કોર્ટે મંગળવારે ભૂતપૂર્વ IPS અધિકારી સંજીવ ભટ્ટની ૧૯૯૦ના કસ્ટોડિયલ ડેથ કેસમાં તેમની આજીવન કેદની સજાને સ્થગિત કરવાની અરજી ફગાવી દીધી હતી. તેમણે આ કેસમાં જામીન પણ માંગ્યા હતા, જેને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધા હતા. ન્યાયાધીશ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચે કહ્યું કે તે સજા સ્થગિત કરવા અને સંજીવ ભટ્ટને જામીન પર મુક્ત કરવાના પક્ષમાં નથી. જોકે, બેન્ચે નિર્દેશ આપ્યો કે ભટ્ટ દ્વારા સર્વોચ્ચ અદાલત સમક્ષ દાખલ કરવામાં આવેલી અપીલની સુનાવણી પ્રાથમિકતાના ધોરણે કરવામાં આવશે.

આ કેસ ૧૯૯૦માં બનેલી એક ઘટના સાથે સંબંધિત છે જ્યારે સંજીવ ભટ્ટ જામનગર જિલ્લામાં અધિક પોલીસ અધિક્ષક તરીકે પોસ્ટ કરવામાં આવ્યા હતા. કોમી રમખાણો ફાટી નીકળ્યા બાદ તેઓએ આતંકવાદી અને વિક્ષેપકારક પ્રવૃત્તિઓ અધિનિયમ (TADA) હેઠળ લગભગ ૧૩૩ લોકોની અટકાયત કરી હતી. તે વર્ષે ૩૦ ઓક્ટોબરના રોજ ભારતીય જનતા પાર્ટી અને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા તત્કાલીન ભાજપ વડા લાલકૃષ્ણ અડવાણીની ધરપકડના વિરોધમાં



ભારત બંધના એલાન બાદ રમખાણો થયા હતા. રામ મંદિર મુદ્દે ગુજરાતના સોમનાથથી અયોધ્યા સુધીની રથયાત્રા કાઢતા અડવાણીની બિહારમાં ધરપકડ કરવામાં આવી હતી.

અટકાયતીઓમાંથી એક, પ્રભુદાસ વૈષ્ણાની, કસ્ટડીમાંથી મુક્ત થયા પછી મૃત્યુ પામ્યા. તેમના પરિવારે આરોપ લગાવ્યો હતો કે સંજીવ ભટ્ટ અને તેમના સાથીઓએ વૈષ્ણવીને કસ્ટડીમાં ત્રાસ આપ્યો હતો, જેના કારણે તેમનું મૃત્યુ થયું હતું. પ્રભુદાસ વૈષ્ણાની ૯ દિવસ પોલીસ કસ્ટડીમાં હતા અને જામીન પર છૂટ્યા બાદ કિડની ફેલ થવાથી તેમનું મૃત્યુ થયું. કસ્ટોડિયલ ટોર્ચરને કારણે વૈષ્ણવીના મૃત્યુ બદલ તેમના પરિવારે સંજીવ ભટ્ટ અને અન્ય અધિકારીઓ વિરૂધ્ધ FIR દાખલ કરી હતી અને ૧૯૯૫માં મેજિસ્ટ્રેટ દ્વારા સંજ્ઞાન લેવામાં આવ્યું હતું.

## વેબસીરીઝ 'ફેમિલીમેન-૩'ના અભિનેતા રોહિત બાસફોટનો મૃતદેહ રહસ્યમય સ્થિતિમાં મળ્યો

### રોહિતની હત્યા થઈ હોવાનો પરિવારનો આરોપઃ જે મિત્રો એકટરનો અકસ્માત થયો હોવાનું કહેતા હતા તે ફરાર



જાણીતી વેબસીરીઝ 'ફેમિલીમેન-૩' ના અભિનેતા રોહિત બાસફોટનું રહસ્યમય સંજોગોમાં મૃત્યુ નિપજયુ છે. પરિવારે હત્યાનો આરોપ લગાવ્યો છે.

આસામનો રહેવાસી અને મુંબઈથી પોતાના ગૃહનગરમાં રોહિત પાછો ફર્યો હતો. રવિવારે બપોરે લગભગ ૧૨.૩૦ વાગ્યે તે પોતાના મિત્રો સાથે જંગલમાં પિકનીક ઉજવવા ગયો હતો. બપોર બાદ તેનો ફોન બંધ થઈ ગયો હતો. થોડીવાર બાદ રોહિતના એક દોસ્તે રોહિતના પરિવારને ફોન કરીને જણાવ્યું હતું કે રોહિતનું એકસીડેન્ટ થઈ ગયું છે તેને હોસ્પિટલે લઈ જતા ડોકટરે તેને મૃત જાહેર કર્યો હતો. આ ખબરથી પરિવાર પર જાણે. આભ તૂટી પડયું હતું.

રોહિતના મૃતદેહના પોસ્ટ મોર્ટમ રિપોર્ટમાં શરીર પર ઈજાના ઘાનો જોવા મળતા પરિવારને શંકા છે કે રોહિતની હત્યા થઈ છે.

પરિવારે જણાવ્યું હતું કે હાલમાં રોહિતનો પાર્કીંગ મુદે કેટલાક લોકો સાથે વિવાદ થયો હતો. જેમાં ત્રણ લોકોએ તેને મારી નાખવાની ધમકી આપી હતી અને આ લોકોએ કથિત રીતે ટુર માટે બોલાવ્યો હતો. ચારેય શખ્સો ઘટના પછી ફરાર છે.

## અમેરિકામાં લાંચ કેસના આરોપોમાંથી અદાણીને કલીનચીટ : ગ્રુપે કરી જાહેરાત

### અદાણી સામે યુએસમાં પાવર પ્રોડકટ માટે અધિકારીઓને લાંચ આપવાનો આરોપ હતો

મુંબઇ, તા. ૨૯

અમેરિકામાં અદાણી ગ્રૂપ સામે ચાલી રહેલા લાંચ કેસમાં મોટું અપડેટ બહાર આવ્યું છે. અદાણી ગ્રૂપે પોતે આ અંગેની માહિતી આપી છે. જૂથે કહ્યું કે યુ.એસ.માં તેની સામેના આરોપોની સ્વતંત્ર સમીક્ષામાં કોઈ અનિયમિતતા જોવા મળી નથી. અદાણી ગ્રુપની કંપની અદાણી ગ્રીને સોમવારે આ અંગે માહિતી આપી હતી.

ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા અને કંપનીના મેનેજિંગ ડિરેક્ટર વિનીત જૈન પર યુએસમાં પાવર પ્રોડક્ટ્સ માટે અધિકારીઓને લાંચ આપવાનો આરોપ હતો. આ જૂથ પર અધિકારીઓને ૨૩૬ મિલિયનની લાંચ આપવાનો આરોપ છે. જેના પર હવે અદાણી ગ્રૂપે કહ્યું છે કે સ્વતંત્ર સમીક્ષામાં કોઈ ખામી જોવા મળી નથી. આરોપોને નકારી કાઢ્યા છે.

નવેમ્બર ૨૦૨૪માં યુએસ સત્તાવાળાઓએ ગૌતમ અદાણી, તેમના ભત્રીજા અને એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સાગર અદાણી અને મેનેજિંગ ડિરેક્ટર વિનીત એસ જૈન પર ભારતીય પાવર કોન્ટ્રાક્ટ મેળવવા માટે લાંચ આપવાનો અને ભંડોળ એકત્ર કરતી વખતે યુએસ રોકાણકારોને ગેરમાર્ગે દોરવાનો આરોપ મૂક્યો હતો. અદાણી ગ્રૂપે આરોપોને નકારી કાઢ્યા છે અને તેમને પાયાવિહોણા ગણાવ્યા હતા.




અદાણી ગ્રૂપે જાન્યુઆરીમાં આ બાબતની સમીક્ષા કરવા માટે સ્વતંત્ર કાયદાકીય પેઢીને હાયર કરી હતી. કંપનીએ તેની ફાઈલિંગમાં કહ્યું હતું કે સમીક્ષાના આધારે, અમે નિર્ણય લીધો છે કે અમે અને અમારી ભાગીદાર કંપનીઓ નિયમો અને નિયમોનું પાલન કરવાનું ચાલુ રાખીશું.

ઉપરાંત, અમે આશા રાખીએ છીએ કે આ આરોપોની કંપની પર વધુ અસર નહીં થાય. આ દરમિયાન, ફેબ્રુઆરી ૨૦૨૫ માં, યુએસ માર્કેટ રેગ્યુલેટરે જૂથ વિરૂધ્ધના આરોપોની તપાસમાં ભારતીય અધિકારીઓ પાસેથી સહયોગ માંગ્યો હતો.

## પાક.ના સંરક્ષણમંત્રી- પત્રકારોના એકસ એકાઉન્ટ પણ બ્લોક કરાયા

### ભારત વિરોધી પ્રોપેગંડા સતત ચલાવતા હતા

પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારતે પાકિસ્તાન વિરૂધ્ધ વધુ એક મોટો નિર્ણય લીધો છે. પહેલગામ હુમલા પછી, પાકિસ્તાનના લોકો દ્વારા ભ્રામક સમાચાર ફેલાવવામાં આવી રહ્યા હતા. એટલા માટે ભારતે સોશિયલ મીડિયા એક્સ પર પણ મોટી કાર્યવાહી કરી છે. ભારતે ખોટા સમાચાર અને ખોટી માહિતી ફેલાવવા બદલ પાકિસ્તાન ISPR અને ISI સાથે સંકળાયેલા ઘણા પાકિસ્તાની પત્રકારોના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર પ્રતિબંધ મૂક્યો છે. આ સાથે ભારત સરકાર દ્વારા પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફના એકાઉન્ટ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.



## સહકારી બેંકો વધુ મજબુત : થાપણ-ધિરાણ-અનામત મૂડીમાં નોંધપાત્ર વૃધ્ધિ

### રિઝર્વ બેંકના રિપોર્ટને ટાંકીને ગુજરાત અર્બન કો-ઓપરેટીવ બેંક ફેડરેશનનો નિર્દેશ

રાજકોટ, તા.૨૯

દેશની બેકિંગ સિસ્ટમમાં તથા શહેરોથી ગ્રામ્યસ્તર સુધી મોટી ભૂમિકા ભજવતી છ સહકારી બેંકો વધુને વધુ સક્ષમ- સ્માર્ટ બની રહ્યાનું રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ૨૦૨૩-૨૪ના રીપોર્ટ પરથી સુચવાય છે.

ગુજરાત અર્બન કો-ઓપરેટીવ બેંક ફેડરેશનની યાદી મુજબ વર્ષ દરમ્યાન અર્બન બેન્કોની કુલ એસેટ અને લાયબીલીટી વધીને રૂા.૭,૦૮,૦૦૦ કરોડ થઇ છે જે આ સેકટરની ઉપયોગીતા, છેવાડા લોકો માટેની બેન્કીંગ અને તેમનો ફાયનાન્સીયલ સિસ્ટમમાં સમાવેશ માટેની અર્બન કો-ઓપ., બેન્કીંગ સેકટરની જરૂરીયાત અને મહતા દર્શાવે છે. બેન્કોના રીઝર્વમાં ૧૩.૪૫%નો ઉછાળો જોવા મળ્યો છે જે અર્બન બેન્કોની પ્રોફીટેબીલીટી અને આંતરીક મુડી વધારવાની ક્ષમતામાં વધારો થઇ રહ્યો છે. તેમજ અર્બન બેન્કોની થાપણમાં ૪.૧૨% વૃધ્ધિ તે રૂા. ૫,૫૫,૪૬૯ કરોડ થઇ છે જે સહકારી બેન્કોમાં લોકોનો વિશ્વાસ વધતો જાય છે તે સ્પષ્ટપણે જોવા મળે છે. સહકારી બેન્કો અન્ય બેન્કોમાંથી જે લોન લે છે તેમાં પણ ૧૩.૮%નો ઘટાડો થયો છે જે દર્શાવે છે કે સહકારી બેન્કો પાસે પુરતી છે. અન્ય બેન્કો ઉપર આધાર રાખવો પડતો નથી. મુડી પ્રર્યાપતા રેશિયો પણ ૨.૭૮%નો વધારો દર્શાવે છે. સહકારી બેન્કોના નાના નાના વેપારીઓ અને MSME ને વધુ પ્રમાણમાં લોન આપી રહ્યા છે જેને કારણે તેના ધિરાણમાં ૪.૦૭% વધારો જોવા મળ્યો છે. સહકારી બેન્કોનો ઇન્વેસ્ટમેન્ટ પોર્ટફોલીયામાં પણ ૧.૬૫%ની વૃધ્ધિ થઇ છે. ભારતમાં કુલ ૪૯ શિડયુલ્ડ અર્બન બેન્કો છે અને ૧૪૨૩ પ્રાયમરી અર્બન કો-ઓપ. બેન્કો છે. જે છેવાડાના લોકો સુધી બેન્કીંગ સુવિધા ઉપલબ્ધ કરાવી લોકોને દેશની ફાઇનાન્સીયલ સિસ્ટમમાં જોડે છે. રાષ્ટ્રની સહકારી બેન્કો વધુને વધુ આત્મનિર્ભર બની રહી છે અને ફાયનાન્સીયલ સિસ્ટમો તેની ઉપયોગીતાને સાર્થક કરી રહી છે. તેમ છતાં ટેકનોલોજીના પડકારો તેના માટે મુખ્ય અગત્યનો વિષય બની રહ્યા છે.

## કેનેડામાં ભારતીય છાત્રાનો રહસ્યમય સંજોગોમાં મૃતદેહ મળી આવ્યો

### મૃતકના પરિવારનો હત્યા થયાનો દાવોઃ ઓટાવામાં છાત્રોએ દેખાવો યોજી ભારતીય છાત્રા માટે ન્યાયની માંગ કરી

ઓટાવા(કેનેડા) તા.૨૯

કેનેડાના ઓટાવામાં ૨૧ વર્ષીય ભારતીય વિદ્યાર્થિની મૃત હાલતમાં મળી આવી હતી. પંજાબના ડેરાબસ્સીથી આમ આદમી પાર્ટીના ધારાસભ્ય કુલજીતસિંહ રંધાવાના સહયોગી દવિંદર સૈનીની પુત્રી વંશિકા સૈની અઢી વર્ષથી ઓટાવામાં રહીને અભ્યાસ કરતી હતી. તેનો મૃતદેહ ઓટાવા બીચ પરથી મળ્યો હતો.



પરિવારજનો દ્વારા હત્યાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. જે બાદ અધિકારી દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. કેનેડામાં ભારતીય હાઈકમિશને જણાવ્યું કે, ભારતીય વિદ્યાર્થિની વંશિકાના મોતની તપાસ કરવામાં આવી રહી છે.

પરિવારજનોના જણાવ્યા મુજબ, વંશિકાએ ધો.૧૨ પાસ કર્યા બાદ બે વર્ષનો ડિપ્લોમા કોર્સ કરવા કેનેડા ગઈ હતી. તેણે ૧૮ એપ્રિલે ફાઈનલ પરીક્ષા આપી હતી અને પાર્ટ ટાઈમ કામ પણ શરૂ કર્યું હતું. ૨૨ એપ્રિલે તે નોકરી પરથી ઘરે પરત આવવા નીકળી હતી પરંતુ પહોંચી ન હોતી. જે બાદ તેના મિત્રો અને પરિવારના લોકોએ સંપર્ક કરવાની કોશિશ કરી હતી પણ ફોન બંધ આવતો હતો. જેથી ચિંતિત મિત્રોએ સ્થાનિક અધિકારીઓને જાણ કરી હતી અને બાદમાં ભારતીય સમુદાયનો સંપર્ક કર્યા બાદ સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું.

તેનો મૃતદેહ ઓટાવા બીચ પરથી મળી આવ્યો હતો. મોતનું કારણ સ્પષ્ટ થયું નથી. વંશિકાના પરિવારજનોએ તેની હત્યા થઈ હોવાનું જણાવ્યું હતું. દવિંદર સૈનીએ કહ્યું, તેમણે તેની પુત્રી સાથે અંતિમ વખત ૨૨ એપ્રિલે વાત કરી હતી. તે સમયે તેણી IELTS પરીક્ષાની તૈયારીમાં વ્યસ્ત હતી. જે બાદ તેનો સંપર્ક થઈ શક્યો નહોતો.

મૃતકના પરિવારજનો દ્વારા કેનેડાના અધિકારીઓને આ કેસની ઊંડાણપૂર્વક તપાસ કરવાની માંગ કરી હતી. ઓટાવામાં અનેક વિદ્યાર્થીઓ દ્વારા પ્રદર્શન કરીને ભારતીય વિદ્યાર્થિની માટે ન્યાયની માંગ કરી હતી.

## નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું ઉદ્ઘાટન ૧ જૂને પીએમ મોદી દ્વારા કરવામાં આવશે; ફલાઈટ ઓપરેશન જુલાઈના અંત અથવા ઓગસ્ટ સુધીમાં શરૂ થશે

### નવી મુંબઈ એરપોર્ટમાં ફ્લાઈટ સેવા શરૂ થયા બાદ ટર્મિનલ વન રિનોવેશન માટે બંધ કરાશે





મુંબઈ ,તા.૨૯

અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડના ૧૭,૦૦૦ કરોડ રૂપિયાના નવી મુંબઈ ઇન્ટરનેશનલ એરપોર્ટ (NMIA)નું ઉદ્ઘાટન ૧ જૂને વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવશે. એરપોર્ટના સૂત્રોએ જણાવ્યું હતું કે ઉદઘાટન પછી પણ ફ્લાઈટ કામગીરી શરૂ થવામાં થોડો સમય લાગશે.

ઓક્ટોબર, ૨૦૨૪માં નવી મુંબઈ એરપોર્ટએ ભારતીય વાયુસેનાના C-295 વિમાનનું પ્રથમ ઉતરાણ જોયું હતું અને ડિસેમ્બરમાં ઇન્ડિગોના A320 વિમાન દ્વારા પ્રથમ વાણિજ્યિક ફ્લાઈટ માન્યતા પરીક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું, જે ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA), એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (AAI), કસ્ટમ્સ, ઇમિગ્રેશન, CISF, CIDCO વગેરેના વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં રનવે ૦૮/૨૬ પર ઉતરાણ કર્યું હતું.

કોમર્શિયલ ફ્લાઈટ વેલિડેશન ટેસ્ટની સફળતા પછી, અદાણી એરપોર્ટ્સ હોલ્ડિંગ લિમિટેડના ગ્રુપ સીઈઓ અરુણ બંસલે દાવો કર્યો હતો કે એરપોર્ટનું ઉદ્ઘાટન ૧૭ એપ્રિલે થશે અને મે મહિનામાં કામગીરી શરૂ થશે. જોકે, અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ માર્ચમાં પાછળથી કહ્યું હતું કે એરપોર્ટનું ઉદ્ઘાટન જૂન ૨૦૨૫માં થશે. જ્યારે અદાણી પાસે ૭૪% હિસ્સો છે, બાકીનો હિસ્સો સિડકો પાસે છે.

NMIA એ પુષ્ટિ આપી છે કે રનવે, ટેક્સીવે અને એપ્રોન સહિત રનવે સંબંધિત એરસાઇડ કાર્ય પૂર્ણ થઈ ગયું છે, જ્યારે DGCA તરફથી એરોડ્રોમ લાઇસન્સ મેળવવાની પ્રક્રિયા અને બ્યુરો ઓફ સિવિલ એવિએશન સિક્યુરિટી (BCAS) તરફથી સુરક્ષા મંજૂરી મેળવવાની પ્રક્રિયા ચાલુ છે. વધુમાં, વાસ્તવિક જીવનના દશ્યો હેઠળ સિસ્ટમો અને પ્રક્રિયાઓની કાર્યક્ષમતા ચકાસવા માટે ઓપરેશનલ રેડીનેસ અને એરપોર્ટ ટ્રાન્સફર (ORAT) ટ્રાયલ પણ શરૂ થઈ ગયા છે.


ગ્રીનફિલ્ડ એરપોર્ટ, NMIA ના પ્રથમ તબક્કામાં એક પેસેન્જર ટર્મિનલ, ડબલ સમાંતર ટેક્સીવે સાથે કોડ-F અનુરૂપ રનવેનો સમાવેશ થશે અને તે વાર્ષિક ૨૦ મિલિયન મુસાફરો અને ૦.૮ મિલિયન ટન કાર્ગોનું સંચાલન કરશે તેવી અપેક્ષા છે. બધા તબક્કાઓનું કામ પૂર્ણ થયા પછી, એરપોર્ટ વાર્ષિક ૯૦ મિલિયન મુસાફરો અને ૩.૨ મિલિયન ટન કાર્ગોનું સંચાલન કરવાની ક્ષમતા ધરાવશે તેવું કહેવાય છે.

### પાક. ક્રિકેટર દાનિશ કનેરિયાના ખુલાસાથી વિવાદ

## ઋત્વિક રોશનના શોમાં ખાલિસ્તાની મૌજુદ હતાઃ "બીફ પાર્ટી" થઈ હતી, હિન્દુ દેવી-દેવતાના અપમાન થયા હતા

ન્યુ દિલ્હી ,તા.૨૯

ભૂતપૂર્વ પાકિસ્તાની ક્રિકેટર દાનિશ કનેરિયાએ બોલિવૂડ અભિનેતા ઋત્વિક રોશનના તાજેતરના યુએસએમાં પ્રદર્શનની જાહેરમાં ટીકા કર્યા બાદ વિવાદ ઉભો કર્યો છે. સોશિયલ મીડિયા પર કનેરિયાએ આરોપ લગાવ્યો કે ઋત્વિકે એક કાર્યક્રમમાં પર્ફોર્મ કર્યું હતું જેમાં ઉગ્રવાદી અને ખાલિસ્તાની જૂથો સાથે જોડાયેલા વ્યક્તિઓ હાજરી આપતા હતા, જેમને ભારત સરકાર દ્વારા બ્લેકલિસ્ટ કરવામાં આવ્યા હોવાના અહેવાલ છે.





કનેરિયાએ વધુમાં દાવો કર્યો હતો કે આ કાર્યક્રમ દરમિયાન "બીફ પાર્ટી" યોજાઈ હતી અને હિન્દુ દેવતાઓનું "સ્પષ્ટપણે અપમાન" કરવામાં આવ્યું હતું, જેનાથી સમુદાયના વર્ગમાં રોષ ફેલાયો હતો. તેમણે પ્રખ્યાત ભારતીય ગાયક શાન વિશે પણ ચિંતા વ્યક્ત કરી હતી, જે આવતા મહિને આ જ જૂથ સાથે પર્ફોર્મ કરવાના છે. કનેરિયાના દાવા અંગે હતિક, શાન કે તેમના પ્રતિનિધિઓ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આવી નથી. કનેરિયા, જે એક હિન્દુ અને વંશીય ગુજરાતી છે, તે સાંસ્કૃતિક અવરોધોને તોડીને આંતરરાષ્ટ્રીય સ્તરે પાકિસ્તાનનું પ્રતિનિધિત્વ કરનાર બીજા હિન્દુ અને સાતમા બિન-મુસ્લિમ છે.

આ મહિનાની શરૂઆતમાં, ઘણા લોકોએ ઋત્વિકના યુએસ પ્રવાસના આયોજકો પર ખરાબ મેનેજમેન્ટનો આરોપ લગાવ્યો હતો. કેટલાક લોકોએ દાવો કર્યો હતો કે અભિનેતા સાથે મુલાકાત અને શુભેચ્છા માટે રૂા.૧.૨ લાખ (આશરે ૧,૫૦૦ પ્રતિ વ્યક્તિ, તેમજ સામાન્ય પ્રવેશ) ચૂકવવા છતાં, તેઓ તેમની સાથે ફોટા પડાવી શક્યા નહીં.

સ્થળ પર બીફ અને દારૂ વેચાતા હોવાના દ્રશ્યો વાયરલ થયા બાદ અભિનેતાને નેટીઝન્સનો ગુસ્સો પણ સહન કરવો પડ્યો હતો. રંગોત્સવ નામનો આ કાર્યક્રમ રામ નવમી નિમિત્તે હ્યુસ્ટનમાં યોજાયો હતો અને તેમાં અભિનેતાએ હાજરી આપી હતી.

૧૦ એપ્રિલના રોજ, કટારલેખક વિવેક બંસલે તેમના એક્સ હેન્ડલ પર કાર્યક્રમ સ્થળના ફોટા અને વિડીયો શેર કર્યા, અને તેમાંથી એકમાં, કાર્યક્રમના ભોજન મેનૂમાં બીફ સમોસાનો સમાવેશ થતો જોઈ શકાય છે. એક વિડીયોમાં, કાર્યક્રમમાં હાજર ચાહકો દારૂ ખરીદતા અને પીતા જોઈ શકાય છે. આ બધા સમયે, પૃષ્ઠભૂમિમાં ભગવાન રામ માટે ગીતો અને ભજનો વાગી રહ્યા હતા.

# વોર્ડ નં.૧૩ના અડધો ડઝન વિસ્તારમાં દુષિત પાણીથી આરોગ્ય જોખમમાં : મનપા તંત્ર સામે રોષ

## આંબેડકરનગર, ગોકુલનગર, ખોડીયારપરા, ખોડીયારનગર, ગીતાનગરના ભાગોમાં ફોલ્ટ શોધવા ફરી તંત્રના નિષ્ફળ પ્રયાસ : કાલે કમિશ્નર કચેરીમાં પાણી ઠલવવા કોંગ્રેસની ચેતવણી

રાજકોટ, તા. ૨૯

શહેરના ગોંડલ રોડ ટચ માલવીયા કોલેજ પાછળના વોર્ડ નં.૧૩ના આંબેડકરનગર સહિતના વિસ્તારોમાં દુષિત પાણીનો પ્રશ્ન હલ થતો ન હોય લોકોના આરોગ્ય પર જોખમ સર્જાયુ છે. ગઇકાલે મહિલાઓએ વોર્ડ ઓફિસે દુષિત પાણીની બોટલો સાથે વિરોધ નોંધાવ્યા બાદ ફરી મનપાની વોટર વર્કસ શાખાની ટીમો દોડી છે. પરંતુ આજે રજાના દિવસે ખાડા ખોદીને તપાસ કરવા છતાં આ દુષિત પાણીનું મુળ મળતું નથી જેથી આ વિસ્તારના ૧૫ હજાર જેટલા લોકોના આરોગ્ય પર ખતરો સર્જાયો છે.



શહેરના વોર્ડ નં.૧૩માં આવેલા આંબેડકરનગર વિસ્તારમાં દુષિત પાણીનું મુળ શોધવા આજે રજાના દિવસે પણ મનપાના અધિકારીઓએ ટીમ દોડાવી હતી પરંતુ દુષિત પાણી ભળી જવાનું કોઇ કારણ તંત્રને મળતું નથી. (તસ્વીર : પંકજ શીશાંગીયા)

વોર્ડ નં.૧૩નો આ વિસ્તાર આમ તો લાંબા સમયથી દુષિત પાણીની ફરીયાદથી ત્રસ્ત છે. ત્રણ અઠવાડિયા પહેલા વિસ્તારમાં મહિલાઓએ થાળી વગાડીને વિરોધ કર્યો હતો. આ બાદ ગઇકાલે વોર્ડ ઓફિસે રોષ વ્યકત કર્યો હતો. આ વિસ્તારના લોકોના જણાવ્યા મુજબ આંબેડકરનગર, ગોકુલનગર, ખોડીયારપરા, ખોડીયારનગર, ગીતાનગર સહિતના વિસ્તારોમાં આ પ્રશ્ન છે. આમ તો અવારનવાર દુષિત પાણી આવતું હોવાની ફરિયાદ વર્ષો જુની છે. જેનો ઉકેલ આવતો નથી. કઇ જગ્યાએ પાણીની લાઇનમાં ગટરના પાણી ભળી જાય છે તેનું મુળ પકડાતુ નથી. આજે રજામાં પણ રહેણાક વિસ્તારમાં પાણીની લાઇન ખોદીને તપાસ કરવામાં આવી હતી પરંતુ બપોર સુધી કોઇ ફોલ્ટ પકડાતો ન હતો. આથી લોકોમાં રોષ ફેલાયો છે.

આ વિસ્તારમાં થોડા સમય અગાઉ થાળી વગાડી અને માટલા ફોડીને વિરોધ કરવામાં આવ્યો હતો. ટેકનીકલ કારણોથી પાણી કાપ આવવા ઉપરાંત દુષિત પાણીનો પ્રશ્ન ઉકેલવામાં તંત્ર નિષ્ફળ હોવાનો આક્ષેપ વિપક્ષ કરે છે. ખોડીયારપરામાં તો અવારનવાર એકાંતરા પાણી આવતું હોવાનું સ્થિતિ છે. અમુક જગ્યાએ વધુ પડતા કલોરીનના કારણે પાણી કડવું થઇ જતું હોવાની ફરિયાદો પણ આવતી હતી.

સેન્ટ્રલ ઝોનના વોર્ડ નં.૧૩ના આંબેડકરનગર વિસ્તારમાં દુષિત પાણીનો પ્રશ્ન વર્ષો જુનો છે. ગઇકાલે ફરી બહેનો દુષિત પાણીની બોટલો લઇને વોર્ડ ઓફિસે પહોંચ્યા હતા અને પ્રશ્ન હલ ન થાય તો આવતીકાલ બુધવારે કમિશ્નર ચેમ્બરમાં દુષિત પાણી ઢોળવા ચીમકી આપી છે. વોર્ડ નં. ૧૩માં અવારનવાર લેખિત વિગતો સાથે રજૂઆત કરવામાં આવે છે પરંતુ નકકર પરિણામ આવતું નથી. છેલ્લા વીસ દિવસથી આંબેડકરનગરમાં દૂષિત પાણી આવતું હોય લત્તાના રહેવાસીઓ વોર્ડ ઓફિસે દોડી ગયા હતા. કોર્પોરેશન દ્વારા વિતરણ કરાતા દુષિત પાણીની બોટલો લઈને બહેનો સાથે પૂર્વ કોર્પોરેટર જાગૃતિબેન ડાંગરે રજુઆત કરી હતી. સાથે જ હવે ડેપ્યુટી એન્જિનિયરને કાલ સુધીમાં પ્રશ્નનો હલ નહીં આવે તો કાલે કમિશનરની ચેમ્બરમાં આ પાણી રેડવામાં આવશે તેવી ચીમકી આપી છે.

વોર્ડ નં.૧૩માં મવડીને લાગુ રસ્તે ઔદ્યોગિક વિસ્તાર પણ આવેલો છે. ભુતકાળમાં ત્યાંનું દુષિત પાણી પણ ડ્રેનેજમાં ઠલવાતું હોવાની ફરિયાદો આવતી હતી. હવે રહેણાંક વિસ્તારનો આ પ્રશ્ન વ્હેલીતકે હલ ન થાય તો ઉનાળામાં રોગચાળો ફેલાવા પણ ચિંતા છે.

### આદિવાસીઓના અધિકારોના સંરક્ષણ અને અમલ માટે

# નર્મદા જિલ્લા ખાતે નાલ્સા સંવાદ યોજના અંતર્ગત કાનૂની જાગૃતિ અને સશકિતકરણ શિબિર યોજાઈ




**સુપ્રીમ કોર્ટનાં જસ્ટિસ બી. આર. ગવઈના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો, હાઇકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ, જસ્ટિસ બીરેન વૈષ્ણવ સહિતના ન્યાયમૂર્તિઓની ઉપસ્થિતિ**

રાજકોટ, તા.૨૯

ગુજરાત રાજ્ય કાનૂની સેવા પ્રાધિકરણ અને નર્મદા જિલ્લા કાનૂની સેવા પ્રાધિકરણ દ્વારા નાલ્સા (આદિવાસી અધિકારોના સંરક્ષણ અને અમલ) યોજના, ૨૦૧૫, જે હવે પછીથી સંવાદ યોજના ૨૦૨૫ તરીકે ઓળખાય છે, તેના વિષય પર વિશાળ કાનૂની જાગૃતિ અને સશકિતકરણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરના અધ્યક્ષ સ્થાને સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ અને નાલ્સાના કાર્યકારી અધ્યક્ષ બી.આર. ગવઈ ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે ન્યાયમૂર્તિ સુર્યકાંત, ન્યાયમૂર્તિ વિક્રમ નાથ (સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિઓ), ન્યાયમૂર્તિ સુનિતા અગ્રવાલ (મુખ્ય ન્યાયમૂર્તિ, ગુજરાત હાઈકોર્ટ), ન્યાયમૂર્તિ બિરેન એ. વૈષ્ણવ, ન્યાયમૂર્તિ એ.એસ. સુપેહિયા અને ન્યાયમૂર્તિ નિરલ મહેતા (ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિઓ) પણ ઉપસ્થિત રહ્યા હતા. પશ્ચિમ ઝોનના વિવિધ હાઈકોર્ટના ન્યાયમૂર્તિઓ, નાલ્સાના સભ્યો, ગુજરાત રાજ્ય કાનૂની સેવા પ્રાધિકરણ ના સભ્ય સચિવ રાહુલ એ. ત્રિવેદી, નર્મદા જિલ્લા ન્યાયાધીશ આર.ટી. પંચાલ, ડીએલએસ સચિવ એસ. આર. બટેરીવાલા, જિલ્લા કલેકટર સંજય મોદી અને અન્ય અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ અવસરે સ્થાનિક યુવાનો દ્વારા નર્મદા જિલ્લાના વૈભવશાળી મેવાસી આદિવાસી નૃત્યની ભાવસભર પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ગુજરાત રાજ્ય કાનૂની સેવા પ્રાધિકરણ દ્વારા આદિવાસી મેવાસી વિકાસ મંડળને રૂ. ૫૧,૦૦૦નું સન્માન રૂપે ભેટ આપવામાં આવી. મુખ્ય ન્યાયમૂર્તિ સુનિતા અગ્રવાલે નાલ્સા ના થીમ સોંગ અને સૌ માટે ઍક્સેસ ટુ જસ્ટિસ ફોર ઓલ મંત્ર પર ભાર મૂક્યો હતો તથા આદિવાસી લોકોના હકો, ન્યાયવ્યવસ્થામાં લોકોના વિશ્વાસ અને જસ્ટિસ એટ ડોર સ્ટેપ અંગે નોંધપાત્ર ઉલ્લેખ કર્યો હતો.

સુપ્રીમ કોર્ટનાં ન્યાયમૂર્તિ બી.આર. ગવાઈએ પોતાના ઉદ્દબોધનમાં આ આદિવાસી બાહુલ્ય ધરાવતા જિલ્લામાં વિશાળ કાનૂની શિબિરનું આયોજન કરવા બદલ ગુજરાત રાજ્ય કાનૂની સેવા પ્રાધિકરણના અમૂલ્ય પ્રયત્નોની પ્રશંસા કરી. તેમજ મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલના આઝાદીની લડાઈમાં રહેલ યોગદાનનું સ્મરણ કર્યું અને ભારતની વિવિધતામાં એકતા વિશે વાત કરી. તેમણે નાલ્સા ના મંત્ર અને બંધારણીય હકોની ગેરંટીનું મહત્વ સમજાવ્યું તથા લોકોમાં પોતાના હકો વિશે જાગૃતિનું મહત્વ સ્પષ્ટ કર્યું. તેમણે ડો. બીઆર. આંબેડકરના સમાજિક અને આર્થિક સમાનતાના વિઝનનું પણ સ્મરણ કરાવ્યું. કાર્યક્રમના અંતે ન્યાયમૂર્તિ બી.આર. ગવાઈના પાવન હસ્તે વિવિધ શાસકીય અને ખાનગી એજન્સીઓના સ્ટોલનું ઉદઘાટન કરવામાં આવ્યું, જે જનતાના લાભાર્થે ખુલ્લા મુકવામાં આવ્યા. તેમજ જસ્ટિસ બિરેન વૈષ્ણવ તથા જસ્ટિસ એ. એસ. સુપૈયા દ્વારા પ્રાસંગિક પ્રવચન કર્યું. આ વિશાળ કાનૂની જાગૃતિ અને સશકિતકરણ શિબિરે ગુજરાતના આદિવાસી સમુદાયમાં કાનૂની હકો અંગે જાગૃતિ લાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભર્યું છે.



# રાજકોટ BAPS સ્વામિનારાયણ મંદિર દ્વારા યોજાયું મહિલા સંમેલન

**યુવતીઓ દ્વારા શાસ્ત્રીય સંગીત અને નૃત્યની અદ્દ્ભુત પ્રસ્તુતિ:પ.પૂ.મહંત સ્વામી મહારાજના હસ્તે લખાયેલ પ્રસાદી ભૂતસત્સંગદિક્ષા ગ્રંથની ભવ્ય પાલખી યાત્રા નીકળી**

રાજકોટ, તા.૨૯

રાજકોટ BAPS સ્વામિનારાયણ મંદિર દ્વારા તા. ૨૬ એપ્રિલ, શનિવારના રોજ બપોરે ૩ થી ૬ દરમ્યાન મહીલાદિનનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલા દિનની શુભ શરૂઆત બાલિકાઓ અને યુવતીઓ દ્વારા ધૂન પ્રાર્થનાની રજૂઆત કરવામાં આવી હતી. મંગલાચરણમાં યુવતીઓ દ્વારા શાસ્ત્રીય સંગીત અને નૃત્યની અદભુત પ્રસ્તુતિ કરવામાં આવી હતી. બાલિકાઓ દ્વારા પ.પૂ.મહંત સ્વામી મહારાજના હસ્તે લખાયેલ પ્રસાદી ભૂતસત્સંગદિક્ષા ગ્રંથની ભવ્ય પાલખી યાત્રા યોજવામાં આવી હતી.

પ.પૂ.મહંતસ્વામીમહારાજના સંકલ્પ મુજબ સંસ્થાના નાના મોટા અનેક ભક્તો સત્સંગદિક્ષાગ્રંથના સંસ્કૃત શ્લોકના મુખપાઠમાં જોડાયા છે. આજના કાર્યક્રમમાં કુલ ૫૬૫ જેટલી બાલિકાઓએ વેદપાઠી બ્રાહ્મણોની જેમા સત્સંગ દિક્ષાગ્રંથના સંસ્કૃત શ્લોકોનો મુખપાઠ શુદ્ધ ઉચ્ચારણ અને સુમધુર કંઠે રજૂ કર્યો હતો.

આ પ્રસંગે બીએપીએસ મહિલા પ્રવૃત્તિને વિશેષ પ્રોત્સાહિત કરવા માટે રાજકોટ શહેરના મહિલા અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. જેમના દ્વારા આ મહિલાદિનના કાર્યક્રમને મંગલમય બનાવવા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.જેમાં રાજકોટના પ્રથમ નાગરિક નયનાબેન પેઠડીયા, રાજકોટ ભાજપ ઉપાધ્યક્ષ શહેર સંગઠન કાશ્મીરાબેન નથવાણી, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, સરદારધામ ટ્રસ્ટી અને મહામંત્રી વુમન્સ વિંગ પ્રેસિડેન્ટ જ્યોતિબેન ટીલવા, આઈપીએસ ઓફિસર પૂજાબેન યાદવ, મહાત્મા ગાંધી એજ્યુકેશન ટ્રસ્ટ તરફથી અલ્પાબેન ત્રિવેદી, ગોપાલ નમકીનના દક્ષાબેન હદવાણી અને શિવાંગી હદવાણી, સોશિયલ એક્ટીવીસ્ટ અને એડવોકેટ લીનાબેન શુકલા મહેમાનો હાજર રહ્યા હતા.

મહિલાઓ દ્વારા 'પ્રાપ્તિ'વિષયક પ્રવચનો રજૂ થયા હતા. જેમાં કાર્યક્રમના મધ્યવર્તી વિચાર 'પ્રગતિનો પથ પ્રાપ્તિ' વિષયક પ્રેરણાત્મક પ્રવચન,સંવાદની રજૂઆત થઈ હતી.





# સૌરાષ્ટ્રભરમાં પરશુરામ જયંતિની ઉજવણીનો જય પરશુરામના નારા સાથે પ્રારંભ

**ભારત વિશ્વ મહાસત્તા બને અને ભારતનો જય- વિજય થાય અને દેશ વિરોધી તાકાત સામે લડવાની નરેન્દ્રભાઇ મોદીને શક્તિ આપેઃ જીતુ મહેતા, હરેશ જોષી**



રાજકોટ, તા.૨૯

ભગવાન વિષ્ણુના છઠા અવતાર જગતના આરાધ્યદેવ ના ઇષ્ટદેવ એવા અજરા અમર ચિરંજીવી ભગવાન પરશુરામજીની આજે જન્મજયંતિ છે. ત્યારે આજે સૌરાષ્ટ્ર ભરમાં ભૂદેવો દ્વારા પરશુરામ જન્મજયંતિની ઉજવણીનો સાદગીપૂર્ણ પ્રારંભ થઇ રહી છે.

આજે વહેલી સવારથી સૌરાષ્ટ્રના ગામે ગામ, નગરે નગરે અને મહાનગરોમાં અને તાલુકા કક્ષાએ યજ્ઞ બ્રહ્મભોજન, પરશુરામજીનું પૂજન તેમજ પહેલગામમાં આતંકી હુમલામાં વીરગતિ પામેલાઓની આત્માની શાંતિ અર્થે જપ જેવા કાર્યક્રમો યોજાયા રહ્યા છે. આ અંતર્ગત વધુ માહિતી આપતા જીતુ મહેતા તથા હરેશ જોષીએ જણાવ્યું હતું કે, વર્ષોથી પરશુરામ જયંતિની ઉજવણી કોઈ કાર્યક્રમના માધ્યમથી કરવામાં આવતી હોય છે તેમજ શોભાયાત્રાના પણ આયોજનો કરવામાં આવતા હોય છે. ત્યારે આ વર્ષે સાદગીપૂર્ણ ઉજવણી થાય તેવી અપીલો પણ કરવામાં આવી હતી, ત્યારે વર્ષોથી સૌરાષ્ટ્ર-કચ્છ બ્રહ્મસમાજના અગ્રણી એવા જીતુભાઈ મહેતાના ઘરે શહેરના ભૂદેવોની બહોળી સંખ્યામાં પરશુરામનું પૂજન અને બ્રહ્મભોજનના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું હોય છે. ત્યારે આ વર્ષે સાદગીપૂર્ણ ભગવાન પરશુરામનું પૂજન કરી પ્રાર્થના કરી હતી અને જણાવ્યું હતું કે, આ દેશ ઋષિ, કૃષિ, ગીતા, ગાય, ગાયત્રી અને સંસ્કૃતિને માનનારો દેશ છે, ત્યારે આ દેશ પર આતંકી હુમલા થાય તેને કોઈ પણ સંજોગોમાં સાંખી લેવાશે નહીં અને વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં દેશ આવનારા સમયમાં વિશ્વ મહાસત્તા બને અને દેશ જય વિજય બને અને આતંકવાદ સામે નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ વાળી કેન્દ્રની ભાજપા સરકારને ભગવાન પરશુરામ શક્તિ આપે એજ પ્રાર્થના કરીએ છીએ.

# મનપાની ડાયરીમાં ભ્રષ્ટ અધિકારીઓને સ્થાન કેમ? પગલા લેવા કોંગ્રેસની માંગ

## જવાબદારોના પગારમાંથી ખર્ચ વસુલ કરો : અતુલ રાજાણી

રાજકોટ, તા. ૨૯

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ની જે ૫,૭૦૦ ડાયરી રૂા.૨૮ લાખના ખર્ચે બનાવેલ છે તેમાં હાલ જેલમાં રહેલા સસ્પેન્ડ અધિકારી એમ.ડી સાગઠીયા, ફાયર ઓફિસર આઈ.વી ખેર અને ડે.ફાયર ઓફિસર ઠેબાને ડાયરીમાં સ્થાન મળતા આશ્ચર્ય થયું છે કારણ કે હાલ આ ત્રણેય ભ્રષ્ટાચારીઓ જેલવાસ ભોગવી રહ્યા છે. જેને હજુ સુધી કોર્ટે જામીન પણ મંજૂર કરવામાં આવ્યા નથી. તેમ છતાં તેઓના ડાયરીમાં નામ હોય ત્યારે શાસકો સાથેની મિલીભગત ખુલ્લી પડી છે તેમ કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ જણાવ્યું છે.કોંગ્રેસે નિવેદનમાં જણાવ્યું છે કે જીએડી શાખાના મેનેજર જવાબદારી ફિક્સ થાય છે અને તેઓએ દરેક શાખાધિકારી પાસેથી કર્મચારી અધિકારીઓની માહિતી લઈ અને સંકલન કરી નામો આપવાના થતા હોય છે. ફાયર અને ટી.પી શાખા દ્વારા જે ઉપરોક્ત ભ્રષ્ટાચારીઓના નામો મોકલ્યા છે તેની ચકાસણી કર્યા વગર ડાયરીમાં સ્થાન આપવામાં આવ્યું છે. તંત્ર પ્રજાના પૈસાનું આંધણ કરીને કરકસર યુક્ત વહીવટ કરવાના બદલે આ પ્રકારના કરતુતો કરે છે. જે બદલ જવાબદાર અધિકારીની જવાબદારી ફિક્સ કરી સજા પણ આપવી જોઈએ. તેઓના પગારમાંથી ખર્ચ વસુલ કરવા પણ પ્રમુખે માંગ કરી છે.

# કાલે અખાત્રીજના દિવસે ઉજવાશે ગણેશચોથઃ મહાત્મ્ય અને પૂજન

રાજકોટ,તા.૨૯

વૈશાખ સુદ ત્રીજ ને બુધવારે તા ૩૦ એપ્રિલ ના દિવસે ગણેશ ચોથ છે. આ વર્ષે બુધવારે બપોર ના ૨.૧૪ સુધી ત્રીજ તિથિ છે ત્યારબાદ ચોથ તિથિ છે. જ્યારે ગુરુવારે સવાર ના ૧૧.૨૫ કલાક સુધી જ ચોથ તીથી હોતા આથી દરેક પંચાંગ પ્રમાણે જ્યોતિષના નિયમ પ્રમાણે ગણેશ ચોથ બુધવારે મનાવવામાં આવશે



વૈશાખ મહિનામાં આવતી ગણેશ ચોથ સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં ગણેશ ચોથ તરીકે ઉજવાય છે એક માન્યતા પ્રમાણે આ દિવસે ગણપતિદાદા ના લગ્ન થયેલા દરેક શુભકાર્યોમાં ગણપતિ દાદાની પ્રથમ પૂજા કરવામાં આવે છે. ગણપતિ દાદા વિઘ્નોના હર્તા છે. ગણપતિદાદાનો પ્રિયવાર મંગળવાર છે. લાલ વસ્ત્ર લાલફુલ સોપારી ગણપતિદાદાને પ્રિય છે. લગ્ન જેવા શુભ પ્રસંગોમાં દિવાલમાં કરવામાં આવતા કંકુના ચાંદલા એટલે કે દેરડીની પૂજા કરીએ છીએ તે ગણપતિદાદાનો પરિવાર છે જેને માતૃકા કહેવામાં આવે છે. ગણપતિદાદારિધ્ધિ સિધ્ધિ સાથે પૂજામાં સપરિવાર પધારે છે.

ગણેશ ચોથના દિવસે સવારે નિત્યક્રમ કરી ત્યારબાદ બાજોઠ કે પાટલા પર લાલવસ્ત્ર પાથરી તેના પર ઘઉંની ઢગલી કરી ગણપતિદાદાને બીરાજમાન કરવા તેની બન્ને બાજુ સોપારીમાં રિધ્ધિ સિધ્ધિ રાખવા દાદાને સિંદુર લગાડી અને ચાંદલો ચોખા કરવા લાલ ફુલ અર્પણ કરવું. વસ્ત્ર જનોઈ અર્પણ કરવા અબીલ ગુલાલ દુર્વા અર્પણ કરવા ધ્રુપ દીપ અર્પણ કરવા નૈવેદ્યમાં ગોળથી બનાવેલા મોદક એટલે કે લાડવા ધરાવા આરતી કરી ત્યાર બાદ પ્રાર્થના કરવી અમારા જીવનમાં કોઈ વિઘ્નોનો આવે ક્ષમા યાચના માગવી. ત્યારબાદ પ્રસાદ ખાવો.

:-ગણપતિદાદાની ચોખા ચડાવી અંગ પુજા કરી શકાય.

ઓમ કપર્દિગણનાથાય નમઃ પગની પૂજા કરવી.

ઓમ ગણેશાય નમઃ ગોઠણની પુજા કરવી.

ઓમ ગણનાથાય નમઃ સાથળની પુજા કરવી.

ઓમ રણકીડાય નમઃ કટિની પૂજા કરવી.

ઓમ વક્રતુંડાય નમઃ હૃદયની પૂજા કરવી. ઓમ લંબોદરાય નમઃ કંઠની પૂજા કરવી.

ઓમ હેરંબાય નમઃ હાથની પૂજા કરવી.

ઓમ વિકટાય નમઃ મુખની પૂજા કરવી. ઓમ વિઘ્નરાજાય નમઃ નેત્રની પૂજા કરવી.

ઓમ ધુમવર્ણય નમઃ મસ્તકની પૂજા કરવી.

ઓમ કપર્દિનેમ નમઃ બોલી દાદાના આખા શરીર પર ચોખા ચડાવા

ગણપતિ દાદાની પૂજા કરવાથી અને ગણેશ ચોથના બુધવાર ના દિવસે વ્રત રહેવા થી ઘરમાં રિધ્ધિ સિધ્ધિની પ્રાપ્તિ થાય છે. જે લોકોને જીવનમાં વારંવાર વિઘ્નો આવતાં હોય તથા જે લોકોને પોતાનું મકાન નો હોય તેવા લોકોએ ગણપતિદાદાની પૂજા કરવાથી જીવનના વિઘ્નો દૂર થાય છે અને પોતાના રહેવાના મકાનની પ્રાપ્તિ થાય છે.

(શાસ્ત્રી રાજદીપ જોશી (વેદાંત રત્ન)

# રાજકોટ એડવર્ટાઇઝિંગ સર્કલ આયોજીત ડિજીટલ માર્કેટીંગ વર્કશોપ-સર્ટીફીકેટ વિતરણ સમારોહ સંપન્ન

રાજકોટ,તા.૨૯

રાજકોટની અગ્રીમ એડ એજન્સીનો સમૂહ - રાજકોટ એડવર્ટાઇઝિંગ સર્કલ દ્વારા તેમના સભ્યો માટે એપ્રિલ માસમાં ડીજીટલ માર્કેટીંગ અને સોશિયલ મિડીયા પર ૧૦ લેકચરની સીરીઝનો એક વર્કશોપ યોજવામાં આવેલ. આ વર્કશોપમાં ડીજીટલ મિડીયાના ટ્રેન્ડ્સ, ડાયનામીકસ, ક્રિએટીવીટી વિગેરે પર અનેક વિવિધ ઉદાહરણો સાથે વિષય વસ્તુની ઉંડી સમજણ આપી હતી. આ કાર્યક્રમમાં અનિશભાઈ પરિખ (ટ્રીનીટી યુનિસેપ્ટસ) અને ધર્મેશભાઈ શાહ (કેમ્પેઈન એડ)નો વિશેષ આભાર પ્રદર્શીત કરી સન્માનિત કરાયા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે રાજકોટ એડવર્ટાઈઝીંગ સર્કલની કોર સમિતિમાં ગિરિશભાઈ ત્રિવેદી (દ્રષ્ટિ કોમ્યુ.), જયેશભાઈ સોના (એડેલ એડ), નિલેશભાઈ ત્રિવેદી (મનીષ એડ), જીતુભાઈ કોઠારી અને મેહુલભાઈ દામાણી (રિઝલ્ટ એડ), કમલભાઈ પારેખ (સર્જન એડ), જલાધીભાઇ ઝવેરી (એપેલ એડ) અને નયનેશભાઈ પારેખ (એસેન્ટ એડ) જહેમત ઉઠાવી હતી.

# VYO શ્રીનાથધામ હવેલી ખાતે વૈષ્ણવાચાર્ય પૂ.શ્રી વ્રજરાજકુમારજી મ.ની.શુક્ર-શનિ મંગલ પધરામણી

## શુક્રવારે સવારે-રાત્રે હરિનામ સંકિર્તન : શનિવારે હવેલીમાં બ્રહ્મસંબંધ દીક્ષા અપાશે



રાજકોટ,તા.૨૯

રાજકોટના આંગણે VYO શ્રીનાથ ધામ હવેલી ખાતે વૈષ્ણવાચાર્ય પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી મહોદય શ્રી ની તારીખ :- ૨ અને ૩ મે ના રોજ મંગલ પધરામણી.

VYO શ્રીનાથ હવેલી ખાતે વૈષ્ણવાચાર્ય પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી મહોદય શ્રી ના સ્વમુખે તારીખ:- ૨ મે (શુક્રવાર)ના રોજ સવારે ૭:૩૦ કલાકે તેમજ રાત્રીના ૯:૩૦ કલાકે હરિનામ સંકીર્તન નો લાભ સર્વને પ્રાપ્ત થશે. તેમજ પૂજ્ય શ્રી ની મુલાકાત,એવમ આશીર્વાદ મેળવવા અને શ્રી કૃષ્ણ સ્વરૂપ ધ્યાન ૨ મે (શુક્રવાર)ના રોજ બપોરે રાજભોગ દર્શનમાં ૧૧:૩૦ થી ૧૨:૩૦ કલાકે અને સંધ્યા દર્શનમાં ૫:૩૦ થી ૭:૦૦ કલાકનો રહેશે.

પૂજ્યશ્રી દ્વારા શ્રી ઠાકોરજી સન્મુખ તારીખ ૩ મે (શનિવાર) ના રોજ સવારે ૭:૦૦ કલાકે શ્રીનાથ ધામ હવેલીમાં બ્રહ્મસંબંધ દીક્ષા આપવામાં આવશે ઈચ્છુક વૈષ્ણવોએ હવેલી કાર્યાલયમાં નામ નોંધાવાના રહેશે. વધુ વિગત માટે ૯૩૧૬૨ ૫૩૪૨૩ નંબર પર સંપર્ક કરવો.

# વિંછીયાના ખારચીયા ગામે ૨૫ વર્ષીય પરિણીતા કાજલ ગોહિલનો ગળાફાંસો ખાઈ આપઘાત



## માવતર પક્ષે દીકરીની હત્યા કરાઈ હોવાનો આક્ષેપ કરતા મૃતદેહ ફોરેન્સિક પીએમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો

### કાજલને પતિ – સાસરિયા ત્રાસ આપતા હોવાનો આરોપ, અગાઉ પણ રિસામણે આવી ત્યારે ત્રાસ અંગે પિયરમાં જાણ કરેલી, ગયા સપ્તાહે વિંછીયા દવા લેવા આવીને ગઈ ત્યારે પણ મને તેડી જજો તેમ કહેલું

રાજકોટ, તા.૨૯

વિંછીયાના ખારચીયા ગામે ૨૫ વર્ષીય પરિણીતા કાજલ રમેશ ગોહિલએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી. આ તરફ માવતર પક્ષે દીકરીની હત્યા કરાઈ હોવાનો આક્ષેપ કરતા મૃતદેહ ફોરેન્સિક પીએમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. કાજલને પતિ - સાસરિયા ત્રાસ આપતા હોવાનો આરોપ લગાવ્યો છે. અગાઉ પણ રિસામણે આવી ત્યારે ત્રાસ અંગે પિયરમાં જાણ કરેલી હતી. ગયા સપ્તાહે વિંછીયા દવા લેવા આવીને ગઈ ત્યારે પણ મને તેડી જજો તેમ માવતરને કહ્યું હતું. આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

મૃતકના કાકા વેરૂભાઈ લીંબાભાઇ રોજાસરાએ જણાવ્યું કે, કાજલનું માવતર વિંછીયા છે. તેના પિતાનું નામ મોહનભાઇ લીંબાભાઈ રોજસર છે. કાજલના લગ્ન બે વર્ષ પહેલા વિંછીયાના ખારચીયા ગામના રમેશ વજાભાઈ ગોહિલ સાથે જ્ઞાતિના રીત રિવાજ મુજબ થયા હતા. લગ્ન જીવન દરમિયાન કાજલને સાસરીયા તરફથી અને પતિ તરફથી ત્રાસ અપાતા અગાઉ એક બે વખત તે રિસામણે આવી હતી. બાદમાં સમાધાન થતા પરત સાસરિયામાં ગઈ હતી. કાજલ માવતર આવતી ત્યારે સાસરીયા તરફથી તેને અપાતા ત્રાસ અંગે વાત કરતી. ગયા સપ્તાહે કાજલ વિંછીયા ખાતે દવા લેવા આવી હતી. ત્યારે પણ તેને માવતર પક્ષના સભ્યોને તેણીને તેડી જવા માટે કહ્યું હતું અને અસહ્ય ત્રાસ અપાતો હોવાનું કહ્યું હતું. ગઈકાલે બપોરે ૧ વાગ્યા આસપાસ કાજલના મામાજીનો ફોન કાજલના કાકા વેરૂભાઈને આવ્યો હતો. અને કાજલ એ પોતાના ઘરે ગળાફાંસો ખાય આપઘાત કર્યો હોવાની જાણ કરી હતી. વેરુભાઈએ કહ્યું કે, અમારી દીકરીને મારી નાખવામાં આવી છે. પોલીસ સમક્ષ આક્ષેપો થતા વિંછીયા પોલીસ દ્વારા મૃતદેહને ફોરેન્સિક પીએમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. મૃતકના કાકાએ જણાવ્યા મુજબ કાજલ બે ભાઈ બે બહેનમાં મોટી હતી. બનાવથી પરિવારમાં શોક છવાયો હતો.

# સોમનાથ મંદિર ફરતે દિવાલ પાંચ-છ ફૂટની જ રાખોઃ લાંબી દલીલો બાદ સુપ્રિમ કોર્ટનું માર્ગદર્શન

## અતિક્રમણ રોકવા ૧૨ ફૂટની દિવાલની જરૂર નથીઃ સરકારે અતિક્રમણનું કારણ આપ્યું

નવી દિલ્હી, તા.૨૯

ગુજરાતના ગિર સ્થિત સોમનાથ મંદિર પાસેનું અતિક્રમણ રોકવા માટે રાજ્ય સરકાર દ્વારા કમ્પાઉન્ડની ફરતે દીવાલ બનાવવામાં આવી રહી છે. જે એક વ્યક્તિએ કોર્ટે કેસ દાખલ કર્યો હતો. તેણે અરજી કરતા કહ્યું કે, આ દીવાલ માત્ર એટલા માટે બનાવવામાં આવી રહી છે, જેથી કોઈ અંદર પ્રવેશ ન કરી શકે. આ કેસમાં સુપ્રીમ કોર્ટે સરકારને કહ્યું કે, જો તમારે દીવાલ બનાવવી હોય તો બાર ફૂટની નહીં, પણ પાંચથી છ ફૂટની જ બનાવો. આ કેસમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કર્યું હતું.

સરકાર પક્ષના વકીલ દ્વારા દલીલ કરવામાં આવી હતી કે અમે કોઈ કિલ્લો કે દીવાલ માત્ર અતિક્રમણને રોકવા માટે બનાવી રહ્યાં છીએ. તો કોર્ટે કહ્યું કે, તમે અતિક્રમણને રોકવા માટે ૧૨ ફૂટની દિવાલ



શા માટે બનાવો છો? તેના માટે માત્ર પાંચથી છ ફૂટની દીવાલ બનાવવાનું પર્યાપ્ત છે. આ કેસમાં સુપ્રીમ કોર્ટે જિલ્લા કલેક્ટરને નિર્દેશ આપ્યો હતો. બન્ને પક્ષના વકીલ વચ્ચે દલીલો બાદ સુપ્રિમ કોર્ટે માત્ર પથી૬ ફૂટની દીવાલ બનાવવાની મંજૂરી આપી હતી. આ જગ્યા અંગે લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો છે. ગીર સોમનાથમાં પાલિકા દ્વારા અનેક પ્રકારના દબાણો દૂર કરવામાં આવ્યાં હતાં, પરંતુ સોમનાથ મંદિરની બાજુમાં અતિક્રમણને રોકવા માટે કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી જે માટે એક વ્યક્તિ દ્વારા સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી અને તેમાં કોર્ટ દ્વારા ચુકાદો આપવામાં આવ્યો હતો. આ પહેલા પણ ગુજરાત સરકાર સામે ૨૮ સપ્ટેમ્બરે તિરસ્કારની અરજી દાખલ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટની પૂર્વ પરવાનગી વિના જિલ્લામાં રહેણાંક અને ધાર્મિક બાંધકામોને તોડી પાડવામાં આવ્યાં હતાં. આ કેસમાં ગુજરાત સરકારે તેની ડિમોલિશનની કાર્યવાહીને યોગ્ય ઠેરવતા કહ્યું હતું કે તે જાહેર જમીન પરના અતિક્રમણને દૂર કરવા માટેનું અભિયાન છે. ગયા વર્ષે સર્વોચ્ચ અદાલતે કેટલાક રાજ્યો દ્વારા તોડી પાડવા સંબંધિત અન્ય એક કેસમાં તેની પરવાનગી વિના, ગુનાના આરોપી વ્યક્તિઓ સહિતની મિલકતોને તોડી પાડવા પર રોક લગાવી દીધી હતી. જો કે, સર્વોચ્ચ અદાલતે એ પણ સ્પષ્ટતા કરી હતી કે આ આદેશ જાહેર રસ્તાઓ, ફૂટપાથ, રેલવે લાઇન અથવા જળાશયો જેવા જાહેર સ્થળો પરના અનધિકૃત બાંધકામોને લાગુ પડતો નથી.

# વાંકાનેર પાસેથી રાજકોટ તરફ આવતો ૬૭ લાખનો દારૂ પકડાયો

## મગફળીના ભુંસા નીચે માલ ભર્યો હતોઃ પંજાબથી માલ લાવતા રાજસ્થાનીની ધરપકડઃ ૧ કરોડનો મુદ્દામાલ કબ્જે

(જીજ્ઞેશ ભટ્ટ)

મોરબી, તા.૨૯

મોરબી જીલ્લામાં અગાઉ દવા, ભંગાર, અનાજ વિગેરેની આડમાં દારૂની હેરફેરી કરવામાં આવતી હોવાનું સામે આવ્યું છે તેવામાં હવે ભુંસાની બોરીઓની આડમાં દારૂની હેરફેરીનો પર્દાફાશ એલસીબીની ટીમે કર્યો છે વાંકાનેર બાઉન્ડ્રી પાસેથી પંજાબના ભટીંડાથી ગુજરાત રાજ્યમાં આવી રહેલ ટ્રક ટ્રેલરમાંથી પોલીસે મગફળીની ભુંસાની બોરીઓની આડમાં છુપાવેલ દારૂની ૧૪૦૪૦ બોટલો કબ્જે કરેલ છે અને દારૂ તેમજ વાહન સહિતનો મુદ્દામાલ મળીને ૧.૦૨ કરોડથી વધુનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે.

રાજકોટના રેન્જ આઇજી અશોકકુમાર તેમજ મોરબીના એસપી રાહુલ ત્રિપાઠીની સૂચના મુજબ એલસીબીના એમ.પી.પંડયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ બી.ડી.ભટ્ટ તથા એલ.સી.બી અને પેરોલ ફર્લો સ્ટાફના માણસો કામ કરી રહ્યા છે તેવામાં એલસીબીના સુરેશભાઇ હુંબલ, વિક્રમભાઇ કુગશીયા તથા આશીફભાઇ ચાણકીયાને ખાનગી રહે હકિકત મળેલ હતી કે, અમદાવાદ તરફથી ટ્રક ટ્રેઇલર નંબર આઇજે ૧૪ જીજી ૫૨૦૫ વાળુ રાજકોટ તરફ જનાર છે. જે ટ્રેઇલરમાં ભારતીય બનાવટનો ઇંગ્લિશ દારૂનો જથ્થો ભરેલ છે.

બાતમી આધારે એલસીબીની ટિમ વાંકાનેર બાઉન્ડ્રી પાસે આવેલ ટોલપ્લાઝા નજીક વોચમાં હતી ત્યારે પોલીસ ચોકી સામે રોડ ઉપર વાહન ચેકિંગ દરમ્યાન આ ટ્રેઇલર નીકળતા તેને ચેક કરવામાં આવતા તેમાંથી ઇંગ્લીશ દારૂનો જથ્થો મળી આવ્યો હતો જેથી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે જુદીજુદી બ્રાન્ડની દારૂની કુલ મળીને ૧૪૦૪૦ બોટલો મળી આવી હતી જેથી કરીને ૬૭,૬૯,૯૨૦ ની કિંમતનો દારૂ તેમજ ૩૦ લાખની કિંમતનું વાહન, બે મોબાઈલ ફોન, મગફળીના ભુસાની ભરેલી ૧૫૦ બોરીઓ, બિલ્ટી, ઇ-વે બીલ તથા ઇનવોઇસ બીલ, રોકડા રૂપીયા ૨૫૦૦ આમ કુલ મળીને ૧,૦૨,૭૭,૯૨૦ નો મુદ્દામાલ કબ્જે કરેલ છે અને આરોપી ટ્રક ડ્રાઇવર સતારામ ફૂશારામ ખોથ રહે. જાયડુ ગામ જીલ્લો બાડમેર રાજસ્થાન વાળાને પકડવામાં આવેલ છે.

તેની પ્રાથમિક પૂછપરછમાં માલ મોકલનાર તરીકે કિશોર સારણ રહે. ખડીર ગામ બાડમેર રાજસ્થાન વાળાનું નામ સામે આવ્યું છે જેથી હાલમાં પકડાયેલ આરોપી તેમજ માલ મોકલાવનાર અને મંગાવનાર સહિતનાઓ સામે વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધીને પોલીસે આગળની કાર્યવાહી કરેલ છે.

ઉલેખનીય છે કે, હાલમાં સમગ્ર રાજયની બોર્ડર ઉપર પોલીસ દ્વારા ગેરકાયદે ચીજવસ્તુઓની હેરાફેરી ઉપર વોચ રાખી સઘન વાહન ચેકિંગ અંગેની પ્રવૃત્તિ ચાલુ કરવામાં આવેલ છે જેથી પકડાયેલ ટ્રક ટ્રેઇલરના ડ્રાઇવરે પંજાબ રાજયના ભટીંડાથી ઉપરોકત દારૂનો જથ્થો



ભરી પોતાને પોલીસ પકડે નહિ તે માટે પંજાબથી હરીયાણા, રાજસ્થાન રાજયમાં થઇ ગુજરાતમાં આ દારૂનો જથ્થો ભરેલ ટ્રક ટ્રેઇલરમાં ઉપરના ભાગે મગફળીના ભુસાની બોરીઓની આડમાં દારૂની ફૂડ પ્રોડકટ અંગેની ખોટી બિલ્ટીઓ બનાવી હતી અને રજુ કરીને ઇંગ્લીશ દારૂનો જથ્થો આરોપીઓ દ્વારા ગુજરાતમાં ઘુસાડવામાં આવેલ છે. પોલીસે હવે બાકીના આરોપીઓને પકડવા તજવીજ શરૂ કરી છે.

# જામનગરમાં મહિન્દ્રા શોરૂમની ટેસ્ટ ડ્રાઈવ માટેની થાર હાપા નજીક રાત્રે પલ્ટી મારી ગઈ

જામનગર,તા.૨૯

જામનગર- રાજકોટ હાઈવે રોડ પર ગઈકાલે વધુ એક અકસ્માત સર્જાયો હતો. મહિન્દ્રા થાર કાર પલ્ટી જતાં કારમાં સવાર વ્યકિતઓને ઈજા પહોંચી હતી. જેને સારવાર અર્થે ખસેડાયા હતા. મહત્વનું છે કે મહિન્દ્રા શોરૂમની ટેસ્ટ ડ્રાઈવ માટેની હાપા નજીક ગઈ કાલે રાત્રે પલ્ટી મારી ગઈ હતી. આ અંગેની વિગત એવી છે કે જામનગર-રાજકોટ હાઈવે રોડ પર હાપા નજીક ગઈકાલે મહિન્દ્રા શો રૂમની ટેસ્ટ ડ્રાઈવ માટેની એક કારને અકસ્માત નડ્યો હતો. કાર ફૂલ સ્પીડમાં આવ્યા બાદ તેના ચાલકની બેદરકારીના કારણે અકસ્માતે રોડથી નીચે ઉતરીને પલટી મારી ગઈ હતી.

જેને લઈને કારની અંદર બેઠેલા બે વ્યકિત ઈજાગ્રસ્ત બન્યા હતા. આસપાસના વિસ્તારના લોકોએ એકત્ર થઈને ૧૦૮ ની ટુકડીને બોલાવી હતી, અને બંને ઇજાગ્રસ્ત યુવાનોને કાર માંથી બહાર કાઢી લઈ, પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે જામનગરની સરકારી





## બે ઘાયલોને હોસ્પિટલે ખસેડાયાઃ ફલ સ્પીડમાં જતા ચાલકે કાબુ ગુમાવ્યો

જી.જી. હોસ્પિટલમાં પહોંચાડ્યા હતા.

આ બનાવની જાણ થતાં પંચકોશી એ. ડિવિઝનનો પોલીસ સ્ટાફ ઘટના સ્થળે તેમજ જી.જી. હોસ્પિટલમાં દોડી ગયો છે, અને આ અકસ્માતના બનાવની વધુ તપાસ હાથ ધરી છે.

# અમરેલી લોહાણા મહાજનના પ્રમુખપદે જિલ્લા ભાજપ પૂર્વ પ્રમુખ ડો.ભરત કાનાબારની વરણી

## ઉપપ્રમુખ પદે પૂર્વ પ્રમુખ ભાવેશ સોઢા, ભાવેશ વસાણીની નિમણુંક

(મિલાપ રૂપારેલ)

અમરેલી, તા.૨૯

અમરેલી લોહાણા મહાજનના પ્રમુખ તરીકે જિલ્લા ભાજપના પુર્વ અધ્યક્ષ ડો. ભરત કાનાબાર, જ્યારે ઉપપ્રમુખ તરીકે શહેર ભાજપના પુર્વ પ્રમુખ ભાવેશ સોઢા તથા ભાવેશ વસાણી, જ્યારે મંત્રી તરીકે સતિષભાઇ આડતીયા, સહમંત્રી તરીકે ભાસ્કરભાઇ જોબનપુત્રા તથા ખજાનચી તરીકે રમણીકભાઇ ગઢીયાની બિનહરિફ વરણી કરવામાં આવેલ છે.

અમરેલી લોહાણા મહાજનના પંદર ટ્રસ્ટીઓની ચુંટણી ગત તારીખ ૬-૧૦-૨૪ ના રોજ યોજાઇ હતી. જેમાં પંદર ટ્રસ્ટીઓ બિનહરિફ ચુંટાઈ આવેલ હતા. જ્યારે ગઇકાલ તા. ૨૭ ના રોજ ટ્રસ્ટના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી, ખજાનચીની વરણી કરવા માટે માતુશ્રી અંબાબેન નરસીદાસ સોઢા લોહાણા મહાજન વાડી ખાતે ટ્રસ્ટી મંડળની મીટીંગ લોહાણા મહાજન ટ્રસ્ટના પ્રમુખ જીતુભાઇ સોમૈયાના પ્રમુખ સ્થાને મળી હતી.

આ મિટિંગમાં આગામી પાંચ વર્ષ માટે લોહાણા મહાજનના પ્રમુખના નામની ચર્ચાના અંતે પ્રમુખ જીતુભાઇ સોમૈયાએ જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ અને પ્રદેશ ભાજપના અગ્રણી ડો ભરતભાઈ કાનાબારના નામનો પ્રસ્તાવ અમરેલી લોહાણા મહાજનના પ્રમુખ તરીકે રજુ કરતા અમરેલી લોહાણા મહાજનના પૂર્વ મંત્રી અને ટ્રસ્ટી રાજેશ રૂપારેલે ટેકો આપ્યો હતો. ત્યારે ટ્રસ્ટી મંડળમાં ઉપસ્થિત તમામ ટ્રસ્ટીઓએ પણ સમર્થન જાહેર કરતા ડો ભરતભાઈ કાનાબાર સર્વાનુમતે લોહાણા મહાજનના પ્રમુખ તરીકે ચુંટાઈ આવ્યા હતા.



અમરેલી મહાજનના વિદાય લેતા પ્રમુખ જીતુભાઇ સોમૈયાની કામગીરી ત્થા સમાજ માટે આપેલા યોગદાનની સરાહના તમામ ટ્રસ્ટીઓએ કરી હતી. આ ઉપરાંત મહાજનનુ નેતૃત્વ સંભાળનાર ડો ભરતભાઇ કાનાબારની ગણના અમરેલી જિલ્લા ભાજપના કદાવર નેતામાં થઈ રહી છે.

ત્યારે ડો. ભરતભાઈ કાનાબારના નેતૃત્વમાં મહાજન ટ્રસ્ટની નવી ટીમ અમરેલી લોહાણા મહાજન ટ્રસ્ટ સંચાલીત લોહાણા મહાજન વાડીમાં નવા સુધારણા કરવા ત્થા અમરેલીના રઘુવંશી સમાજના સંગઠનમાં નવા પ્રાણ પુરશે તેવો આશાવાદ વ્યક્ત કરવામાં આવેલ છે. ત્યારે અમરેલી લોહાણા મહાજન ટ્રસ્ટના આ નવા હોદેદારોને અમરેલી શહેર ત્થા સમગ્ર અમરેલી જિલ્લામાંથી ભવ્ય આવકાર મળી રહ્યો છે.

# સાવરકુંડલા યાર્ડના ડિરેકટરનો ગળાફાંસો ખાઈ આપઘાત

## પત્ની રિસામણે હોવાથી માનસિક ટેન્શનમાં પગલું ભર્યાનું તારણ

(પ્રદીપ દોશી)

સાવરકુંડલા, તા. ૨૯

સાવરકુંડલા એપીએમસીના ડિરેક્ટર વેપારી અંકુરભાઈ બાવચંદભાઈ રામાણી ઉંમર વર્ષ ૩૨ એ ગળાફાંસો ખાય જીવન ટૂંકાવવાની ઘટના આજે વહેલી સવારે પોતાના ગામ પિયાવા ખાતે પોતાને ઘેરે જ બની હતી જાણવા મળતી વિગત મુજબ વહેલી સવારે પોતાને ઘેરે જ ગળાફાંસો ખાય જીવન ટૂંકાયું હતું અને છેલ્લા થોડાક સમયથી તેમની પત્ની રિસામણે હોય તેનું ટેન્શન



હોવાની સંભાવના હોઈ શકે જોકે પોલીસને સુસાઇડ નોટ મળી આવી છે સાવરકુંડલામાં વેપારી પેઢી ધરાવતા અંકુરભાઈ બાવચંદભાઈ રામાણી ઉમર વર્ષ ૩૨ વેપારી પેનલના ડિરેક્ટર હતા ઘટનાને પગલે વન્ડા પોલીસે તપાસ હાથ ધરી છે અને વંડા સરકારી હોસ્પિટલ ખાતે મૃતદેહને પીએમ માટે લઈ જવામાં આવ્યો છે , બાવચંદભાઈ રામાણીને પરિવારમાં અંકુરભાઈ એકનો એક દીકરો હતો અને ચાર બહેનો છે તેમજ અંકુરભાઈને પોતાને પણ સાત વર્ષનો એક દીકરો છે હાલ તો આ યુવાન વેપારી ના આપઘાતથી નાનકડા એવા ગામમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

# હું બાજુમાં કપડા સિલાઈમાં મુકવા જાઉં છું કહીં ઘરેથી નીકળેલી ૧૩ વર્ષની તરૂણી ભેદી રીતે લાપતા

રાજકોટ. તા.૨૯

મૂળ પડધરીની અને હાલ ગ્રીનલેન્ડ ચોકડી પાસે રહેતી ૧૩ વર્ષની તરૂણી બાજુમાં કપડા સિલાઈમાં મુકવા જાઉં છું કહીં ઘરેથી નીકળ્યા બાદ ગુમ થઈ જતા બી. ડિવિઝન પોલીસ મથકમાં અજાણ્યાં શખ્સ સામે અપહરણનો ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે પડધરીમાં રહેતી ૩૨ વર્ષીય મહિલાએ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેણી પરીવાર સાથે રહે છે અને તેણીના આગલા પતિ આઠેક વર્ષ પહેલા ગુજરી ગયેલ, તેણીને સંતાનમાં ૧૩ વર્ષની એક પુત્રી છે. જે બાદ તેણીએ બીજા લગ્ન કરેલ અને માતા-દિકરી તેની સાથે રહેતા હતા. તેણી પરીવાર સાથે રફાળીયા ગામ પાસે આવેલ સીમમાં આવેલ કચરાનાં મેદાનમાં કચરો વિણવાનું કામ કરતા હતા.

ગઈ તા.૨૦ નાં રાત્રીના તેઓ પતિ-પત્નિ અમારી બંને દિકરીઓને સાથે લઇ કામની શોધમાં ગ્રીનલેન્ડ ચોકડી પાસે લાલપરી સોસાયટીમાં તેણીના માવતરનાં ઘરે આવેલ અને માતાનાં ઘરે બે દિવસ રોકાયેલ અને ત્યારબાદ તા.૨૨ ના બપોરના દંપતી પડધરી તેમનો સામાન લેવા ગયેલ ત્યારે ૧૩ વર્ષીય દિકરી માતાનાં ઘરે રોકાયેલ હતી. જે બાદ ગઇ તા.૨૪ નાં રાત્રીનાં તેઓ પડધરી હતા ત્યારે તેણીના ભાઈનો ફોન આવેલ કે તારી પુત્રી સાંજનાં સમયે હું કપડા સીલાઈમાં મુકવા બાજુમાં જાઉં છું તેમ કહી ઘરેથી ગયેલ હતી, જે હજુ સુધી ઘરે પરત આવેલ નથી. જે બાદ તેણીની તપાસ કરતાં તે ક્યાંય મળી આવી ન હતી. જેથી ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

# SSC બોર્ડની પરીક્ષામાં બોગસ રીસીપ્ટ બનાવી ડમી વિદ્યાર્થી બેસાડવાના ચકચારી કેસમાં આરોપીઓ નિર્દોષ

## વર્ષ ૨૦૧૦માં મવડીની સરદાર પટેલ વિદ્યામંદિરની ઘટના અંગે બે વિદ્યાર્થી સહિત ૩ સામે ગુનો દાખલ થયો હતો

રાજકોટ, તા. ૨૯

રાજકોટમાં એચ.એસ.સી. બોર્ડની પરીક્ષા દરમ્યાન ખોટી પરીક્ષા રીસીપ્ટ બનાવી ડમી વિદ્યાર્થી તરીકે સરદાર પટેલ વિદ્યામંદિર પરીક્ષા કેન્દ્રમાં બેસી પરીક્ષા આપતા પકડાઈ જવાનાં ખુબ જ ચકચારી કેસમાં ટ્રાયલ કોર્ટે તમામ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કર્યો છે.

ગઈ તા.૪/૩/૨૦૧૦ના રોજ, શહેરના માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદી કીશોરભાઈ ગોબરભાઈ ભેસાણીયા (રહે. સરદાર પટેલ વિદ્યામંદિર, મવડી રોડ, રાજકોટ)એ (૧) ધવલ દિલીપ દઢાણીયા રહે.રાજકોટ, (૨) વિજય ભીમજી રાજપરા રહે. રાજકોટ તથા તપાસમાં ખુલે તે તમામની સામે આઈ.પી.સી.કલમ ૪૧૯, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) ની ફરીયાદ નોંધાવેલ હતી. જેમાં જણાવેલ કે, પરીક્ષા દરમ્યાન નીરીક્ષણ ટુકડી સ્કોડના અધીકારી જે.બી. વાણવી તેમજ એમ.એમ.પાણેરી અને એ.યુ.સુમરા સાથે આવેલ અને ૩૨ નંબર બ્લોકમાં ચેકીંગ કરતા ડમી વિદ્યાર્થી પરીક્ષા દેતા પકડેલ. જે વિદ્યાર્થી દઢાણીયા ધવલ પરીક્ષા આપતા હતા તે ખરેખર સીટ નંબરના પરીક્ષાર્થી



એડવોકેટ અંશ ભારદ્વાજ, ધીરજ પીપળીયા

રાજપરા વિજયનો નંબર હતો. પરંતુ પ્રવેશપત્રમાં પોતાનો ફોટો વિજયના બદલે લગાડી ખોટુ પ્રવેશપત્ર બનાવી પરીક્ષા આપતા પકડાયેલ. તપાસમાં પોલીસે બંને આરોપીઓ ઉપરાંત ત્રીજા આરોપી નિલેગીરી ધીરજગીરી ગોસાઈ (રહે. જી.ઈ.બી. સોસાયટી પ્લોટ નં. ૧૭, ઉના)ની પણ ધરપકડ કરેલ હતી.

કોર્ટમાં ચાર્જશીટ રજુ થતા કેસ ચાલતા નાયબ જિલ્લા શિક્ષણ અધિકારી, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, જિલ્લા પંચાયત આોફીસમાં ચીટનીશ તરીકે ફરજ બજાવતા સરકારી કર્મચારી તથા સ્કૂલ સંચાલક, શિક્ષક, પોલીસ અધીકારીઓની જુબાની નોંધવામાં આવેલ હતી. આરોપીઓ તરફે એવી દલીલ કરવામાં આવેલ હતી કે, અસલ દસ્તાવેજો પોલીસને આપવામાં આવેલ નથી. તેવુ ખુદ ફરીયાદી પણ કબુલ રાખે છે. તપાસમાં માત્ર નિવેદન પર આધાર રાખેલ છે. ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે તેઓની તપાસ દરમ્યાન ફરીયાદ સાથે રજુ કરેલા અસલ કાગળો જોયેલ નથી. એફ.એસ.એલ.ની કોઈ તપાસ કરવામાં આવેલ નથી. વિદ્યાર્થીના હસ્તાક્ષરની કોઈ ખરાઈ કરવામાં આવેલ નથી. ખરા વિદ્યાર્થી કે ડમી વિદ્યાર્થીની પણ ઓળખ સાબીત કરવા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. તમામ હકીકતને ધ્યાને લઈને કોર્ટે આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કર્યો હતો. આ કેસમાં આરોપીઓ તરફે અભય ભારદ્વાજ એન્ડ એસોસીએટ્સનાં અંશ ભારદ્વાજ, ધીરજ પીપળીયા, ગૌતમ પરમાર, વિજય પટેલ, જીજ્ઞેશ વિરાણી, જીતેન્દ્ર કાનાબાર, રાકેશ ભટ્ટ, કમલેશ ઉધરેજા, તારક સાવંત, શ્રેયસ શુકલ, ચેતન પુરોહીત, કૃણાલ દવે, દિશા ફળદુ, મિહિર શુકલ વિગેરે રોકાયેલ હતા.

# કુચિયાદળ પાસે ડમ્પરની પાછળ કાર ઘુસી જતાં બે યુવાનના કમકમાટીભર્યા મોત

## બે દિવસ પહેલાંની ઘટના, હાઈવે રક્તરંજીતઃ વાંકાનેર નજીક કારખાનામાં કામ કરતાં મિત્રો મામાદેવના માંડવામા જતાં હતાં ત્યારે કાળ આંબી ગયો

## વાંકાનેરના ૩૫ વર્ષીય અશોક સીતાપરા અને વિંછીયાના પીપરડી ગામના ૨૫ વર્ષીય ધીરજ જાદવના મોતથી અરેરાટીઃ કાળમુખા ડમ્પર ચાલક સામે ગુનો નોંધાયો

રાજકોટ. તા.૨૯

કુચિયાદળ પાસે ડમ્પરની પાછળ કાર ઘુસી જતાં બે યુવાનના કમાટીભર્યા મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. વાંકાનેર નજીક કારખાનામાં કામ કરતાં મિત્રો મામાદેવના મંડવામા જતાં હતાં ત્યારે કાળ આંબી ગયો હતો. બનાવ અંગે કાળમુખા ડમ્પર ચાલક સામે ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે વાંકાનેરના નવા વઘાસીયા ગામમાં રહેતા પ્રવીણભાઇ અમરશીભાઈ સારાવડીયા (ઉવ.૨૪) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતુ કે, તેઓ વાંકાનેર ખાતે આવેલ વાઇટ હાઉસ નામના કારખાનામાં મજુરી કામ કરે છે.

ગઇ તા.૨૬ ના રાત્રીના સાડા દશેક વાગ્યાની આસપાસ તેઓ તેના મીત્રો અશોકભાઇ બટુકભાઈ સિતાપરા, મનીષભાઇ બટુકભાઈ સિતાપરા, ધીરજ ઉર્ફે પ્રદીપ વિરજીભાઈ જાદવ સાથે તેમના શેઠ પ્રફુલભાઇની વર્ના કાર નં. GJ 03 EC 7451 લઈ સાત હનુમાન પાસે આવેલ મામા સાહેબના મંદીરે માંડવામાં આવવા માટે નીકળેલ હતા.

કાર અશોકભાઈ બટુકભાઈ સિતાપરા ચલાવતા હતા, તેની બાજુની સીટમાં ધીરજ ઉર્ફે પ્રદીપ જાદવ બેસેલ અને પાછળની સીટમાં ફરિયાદી તેમજ મનીષભાઈ સિતાપરા બન્ને બેઠેલ હતા. તેઓ સાડા અંગીયારેક વાગ્યાના અરસામાં રાજકોટ અમદાવાદ હાઇવે રોડ ઉપર કુચીયાદડ ગામ પાસે આવેલ બ્રીજ ચડતા હતા ત્યારે તેમની આગળ એક ડમ્પર જતુ હોય, જે ડમ્પરને ઓવર ટેક કરવા જતા ડમ્પર ચાલકે કોઇ પણ પ્રકારની સાઈડ સીગ્નલ બતાવ્યા વગર તેઓ જે ટ્રેક પર ચાલતા હતા, તે ટ્રેકમાં લાવી અચાનક બ્રેક મારતા કાર ડમ્પરના પાછળના ભાગમાં અથડાઇ ગયેલ હતી.



કારનો આગળનો બોનેટ વાળો ભાગ વળી ગયેલ અને કારમાં બેસેલ ચારેય મીત્રોને ગંભીર ઇજા થયેલ હતી. દરમ્યાન ત્યાંથી પસાર થયેલ રાહદારીઓએ બધાને બહાર કાઢેલ અને આ અકસ્માતમાં મીત્રો અશોકભાઇ બટુકભાઈ સિતાપરા, ધીરજ વિરજીભાઈ જાદવ બન્ને આગળની સીટમાં હોય જેઓને બોલાવતા બોલેલ નહીં અને ૧૦૮ આવી જતા તેઓને સારવારમાં પ્રથમ ખાનગી હોસ્પિટલમાં અને બાદમાં અત્રેની સીવીલ હોસ્પિટલમાં ખસેડેલ હતા. હાલ ફરિયાદી અને મનીશભાઈની સારવાર ચાલુ છે. જેમાં તેઓને પગના ભાગે ફેક્ચર થયેલ અને મિત્ર મનીષભાઈને જમણા પગમાં ફેક્ચર અને માથામાં પાછળ ભાગે હેમરેજ થયેલ છે. તેમજ તેમના મિત્રો અશોકભાઈ બટુકભાઈ સિતાપરા (ઉ.વ.૩૫) તથા ધીરજ ઉર્ફે પ્રદીપ વિરજીભાઈ જાદવ (ઉ.વ.૨૫) બન્નેને શરીરે જીવલેણ ગંભીર ઇજાઓ થતા કુવાડવા સરકારી હોસ્પીટલના તબીબોએ તપાસી તેમને મૃત જાહેર કર્યા હતાં.


જેથી ડમ્પર નં. GJ 03 BY 9024 ના ચાલકે પોતાનું ડમ્પર બેફીકરાઈથી ચલાવી કોઇ પણ પ્રકારની સાઈડ સીગ્નલ બતાવ્યા કાર જે ટ્રેક પર ચાલતી હતી, તે ટ્રેકમાં અચાનક પોતાનું ડમ્પર લાવી અચાનક બ્રેક મારતા અકસ્માત સર્જાયો હતો. જે બનાવ અંગેની ફરીયાદ નોંધી પોલીસે તપાસ આદરી હતી.

વધુમાં મળેલ વિગત મુજબ, મૃતક અશોકભાઓ સીતાપરા મૂળ વાંકાનેરના રહેવાસી છે અને તેને સંતાનમાં એક પુત્ર-પુત્રી છે. જ્યારે મૃતક ધીરજ ઉર્ફે પ્રદિપ મૂળ વીંછીયાના પીપરડી ગામનો વતનો અને અપરિણીત હતો. બનાવથી પરીવારમાં આક્રંદ સાથે અરેરાટી વ્યાપી ગઈ હતી.

### ચાર દિવસની સમિટઃ પ્રથમ દિવસે મુકેશ અંબાણીનું મનોરંજન ક્ષેત્રની ક્રાંતિ પર વકતવ્ય

# તા.૧થી મુંબઈમાં મનોરંજન જગતની વર્લ્ડ સમિટઃ રજનીકાંતથી માંડીને અલ્લુ અર્જુન-શાહરૂખ હાજરી આપશે

## આમીરખાન, હેમામાલિની, અક્ષયકુમાર, ચિરંજીવી, ઐશ્વર્યા, કરીના, દીપિકા, કરણ જોહર, આલિયા, વિકી સહિત તમામે તમામ કલાકારો હાજરી આપશે : મનોજકુમારને ખાસ શ્રદ્ધાંજલીનો પણ કાર્યક્રમ



મુંબઈ: વર્લ્ડ ઓડિયોવિઝ્યુઅલ મીડિયા એન્ટરટેઈનમેન્ટ સમિટનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. ૧ થી ૪ મે દરમિયાન મુંબઈમાં યોજાનારી આ ગ્લોબલ સમિટમાં ભારતની કલા અને સંસ્કૃતિની ઝાંખી તો થશે જ, સાથે સાથે વૈચારિક મંચ પર મહત્વપૂર્ણ મુદ્દાઓ પર મંથન અને ચર્ચા પણ કરવામાં આવશે, મીડિયા અને મનોરંજન ક્ષેત્રે દેશ અને દુનિયા આજે ઉભી છે. આ અંતર્ગત સિનેમા, મનોરંજન, એડવર્ટાઈઝિંગ, ઈન્ડસ્ટ્રી અને ગ્લેમર સાથે જોડાયેલી દુનિયાભરની હસ્તીઓ ચાર દિવસ સુધી વિવિધ ક્ષેત્રોમાં ભાગ લેશે.

આ ઈવેન્ટમાં શાહરૂખ ખાન, હેમા માલિની, ઐશ્વર્યા રાય બચ્ચન, કરીના કપૂર ખાન અને દીપિકા પદુકોણ હાજરી આપશે. કરણ જોહર અને અક્ષય કુમાર પણ હશે. આ ચર્ચા અને મનોમંથન વેવ્સ વતી ચાર દિવસ સુધી ત્રણ કેટેગરીમાં યોજાશે. આ કેટેગરીમાં પૂર્ણ સત્રો, બ્રેકઆઉટ સેશન્સ અને માસ્ટર કલાસીસ હશે. આ બધામાં વિવિધ ક્ષેત્રના નિષ્ણાતો આ મુદ્દાઓ પર વાત કરશે. તેમાં માત્ર સિનેમા, ટીવી, ઓટીટી મ્યુઝિક, સ્પોર્ટ્સ અને મીડિયાની જ વાત નહીં હોય પરંતુ ગેમિંગથી લઈને એનિમેશન, કાર્ટૂન, એડવર્ટાઈઝિંગ, એઆઈની વાત કરવામાં આવશે. પહેલા દિવસે લેજન્ડ્સ એન્ડ લેગસીઝમાં મિથુન ચક્રવર્તી, રજનીકાંત, મોહનલાલ, ચિરંજીવી, અક્ષય કુમાર અને હેમા માલિની જેવી સેલિબ્રિટીઝ ચર્ચા કરશે કે કેવી રીતે સ્ટોરીટેલિંગે ભારતની આત્માને મૂર્તિમંત કરી છે. એસ.એસ.રાજામૌલી, અનિલ કપૂર, આલિયા ભટ્ટ, વિકી કૌશલ, કરણ જોહર અને એ.આર.રહેમાન બ્રેકિંગ વોર્ડ્સ, વાઈલ્ડિંગ લિજેન્ડ્સ અને અન્ય બાબતો પર ચર્ચા કરશે.

તાજેતરમાં હિન્દી ફિલ્મોના જાણીતાં અભિનેતા મનોજ કુમારનું નિધન થયું હતું. મુંબઈમાં યોજાનાર આ કાર્યક્રમ ભારત કુમારના નામથી જાણીતાં મનોજ કુમારને શ્રદ્ધાંજલિ આપશે, જેમાં અભિનેત્રી-લોકસભા સાંસદ હેમા માલિની, મનોજ કુમારના પુત્ર અને પૂર્વ અભિનેતા કુણાલ ગોસ્વામી અને ફિલ્મ નિર્માતા મધુર ભંડારકર તેમજ ફિલ્મ લેખક રાજીવ શ્રીવાસ્તવ, ભારતીય પ્રધાન અને મયંક શેખર તેમને શ્રદ્ધાંજલિ આપશે.

લિસા નંદી ભારત અને યુકે વચ્ચે રચનાત્મક અને ડિજિટલ ભાગીદારીની સંભાવના પર બોલશે. શાહરૂખ ખાન અને દીપિકા પાદુકોણ જેવા કલાકારો 'ફ્રોમ આઉટસાઈડ ટુ રૂલર' વિષય પર તેમની ફિલ્મી સફર અંગે ચર્ચા કરશે. અભિનેતા શેખર કપૂર અને એક મીડિયા હાઉસના એમડી સીઈઓ વરુણ દાસ એઆઈના યુગમાં કેવી રીતે આખી વાર્તા કહેવાની શૈલી સીમા પર હોય તેવું લાગે છે તેના પર વાત કરશે. સાઉથના જાણીતા અભિનેતા અલ્લુ અર્જુન અને વરુણ દાસ એ વિશે વાત કરશે કે કેવી રીતે આજે પ્રતિભા સીમાઓ ઓળંગી રહી છે અને પોતાની છાપ બનાવી રહી છે.

પ્રથમ દિવસની એક ખાસ વાત રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીનું સંબોધન હશે, જેમાં તેઓ વિશ્વની મનોરંજન ક્રાંતિની શરૂઆત પર બોલશે. યુટ્યુબના સીઈઓ નીલ મોહન સંસ્કૃતિ અને સંવાદ પર વિડિઓની વૈશ્વિક અસર પર બોલશે. ૨ મેના રોજ આમિર ખાન, નમિત મલ્હોત્રા, અજય વિજલી, નિર્માતા ચાર્લ્સ રોવેન અને રિતેશ સિધવાણી 'પુટિંગ ઇન્ડિયન વર્લ્ડ્સ સ્ટુડિયો મેપ' વિષય પર બોલશે. જિયો સ્ટાર ચેરપર્સન નીતા અનવાની પ્રીતિને ગ્લોબલ સ્ટેજ પર લઈ જવાની તૈયારી વિશે જણાવશે. ઐશ્વર્યા રાય બચ્ચન, કરીના કપૂર અને વિજય દેવેરાકોન્ડા જેવા કલાકારો એ વાત પર પ્રકાશ પાડશે કે કેવી રીતે ભારત વિશ્વના નકશા પર સોફ્ટ પાવર રહ્યું છે.

ઋષભ શર્મા, પ્રસૂન જોશી, સત્ય રાઘવન, સીવીએલ શ્રીનિવાસ જેવી હસ્તીઓ જાહેરાતની દુનિયામાં આવનારી ક્રાંતિ વિશે વાત કરશે. નિખિલ અડવાણી, વિક્રમાદિત્ય મોટવાણે, સુદીપ શર્મા, શુભ શિવદાસાની અને એમેઝોનના વાઈસ પ્રેસિડેન્ટ ગૌરવ ગાંધી જેવા કન્ટેન્ટ સર્જકો આજે ઓટીટી કેવી રીતે સ્ટોરીટેલિંગમાં ક્રાંતિ લાવી રહી છે, ટેકનોલોજીકલ ઇનોવેશન અને દર્શકોના અનુભવમાં ક્રાંતિ લાવી રહી છે તેના પર પ્રકાશ પાડશે. નાગાર્જુન, કાર્થી, ખુશ્બુ સુંદર, અનુપમ ખેર જેવી સેલિબ્રિટીઝ ભારતીય સિનેમાની પૌરાણિક કથા અને મોમેન્ટમ જેવા વિષયો પર વાત કરશે. રવિ શાસ્ત્રી, પ્રશાંત ખન્ના જેવા લોકો ટેકનોલોજી અને મીડિયા સાથે મળીને સ્પોર્ટ્સ કેવી રીતે એક નવાં ઉદ્યોગ તરીકે ઉભરી રહ્યો છે તેની ચર્ચા કરશે. રુચિકા કપૂર શેખ, ગુનીત મોંગા, સિદ્ધાર્થ રોય કપૂર આ વિષય પર વાત કરશે કે ડિજિટલ ડિસ્ટન્સ સ્ટોરીટેલિંગ શૈલી નવી ઊંચાઈઓને સ્પર્શી રહી છે.



# કાળઝાળ અગનવર્ષાથી બજારમાં કુદરતી કર્ફ્યુ જેવો માહોલ : વેપાર-ધંધા પર પણ અસર



રાજકોટમાં ઉનાળાનો જોરદાર તાપ વરસી રહ્યો છે. ગઇકાલે તો ઉષ્ણતામાને દાયકાઓનો રેકોર્ડ તોડતા પારો ૪૬.૨ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. માનવી અને પશુ-પક્ષીઓ ઉપર પણ આ ગરમીની અસર થઇ રહી છે ત્યારે બજારોમાં બપોરથી સાંજ સુધી કુદરતી કર્ફ્યુ જેવો માહોલ દેખાઇ રહ્યો છે. રાજ્યમાં ગરમીનો પારો સતત ઉંચકાઇ રહ્યો છે, એપ્રિલ મહિનાનો છેલ્લો સપ્તાહ પસાર થઈ રહ્યો છે અને ઉનાળો તેનું વિકરાળ સ્વરૂપ બતાવી રહ્યો છે, રાજકોટમાં ગઈકાલે ૪૬.૨ ડિગ્રી તાપમાન થતા ગરમીની અસર બજારોમાં પણ દેખાઈ રહી છે. બપોરે ૧૨થી ૫ બજારો સુમસામ દેખાઈ રહી છે અને ગરમીને કારણે કોઈ ગ્રાહકો આવતા નથી. બપોરે વેપારીઓ ફરજીયાત આરામ ફરમાવી રહ્યા છે. જુના રાજકોટના વેપારી વિસ્તારમાં ઘણા વેપારીઓ અને સંસ્થાઓએ અવરજવર કરતા લોકો માટે છાશ અને પાણીની વ્યવસ્થા પણ આ રીતે કરી છે. (તસ્વીર : દેવેન અમરેલીયા)

### એટીએમમાં આ નોટોની સંખ્યા વધારાશે

# હવે એટીએમમાં રૂા.૧૦૦ અને રૂા.૨૦૦ની નોટની અછત નહી રહે

## ૧ મેથી એટીએમમાં ફ્રી લિમિટ બાદ રોકડ ઉપાડવી મોંઘી થશે

નવીદિલ્હી,તા.૨૯

બજારમાં નાની નોટોની કમીના સમાચાર હંમેશા આવતા રહે છે. લોકોની ફરિયાદો રહે છે કે એટીએમમાંથી ૧૦૦ અને ૨૦૦ રુપિયાની નોટો ઓછો નીકળે છે અને ૫૦૦ની નોટ વધારે નીકળે છે. ભારતીય રિઝર્વ બેન્કે હવે આ સમસ્યાને ધ્યાને રાખતા મોટા એકશન લીધા છે. કેન્દ્રીય બેન્કે દેશની બેન્કોને ખાતરી આપતા કહ્યું કે, એટીએમમાંથી ૧૦૦ રુપિયા અને ૨૦૦ રુપિયાની નોટ પણ નીકળે. આરબીઆઈએ કહ્યું કે, સામાન્ય જનતાને આ નોટો મળી રહેલી તે જરૂરી છે. તેથી એટીએમમાં આ મૂલ્યની નોટ પર્યાપ્ત માત્રામાં નીકળે.



આરબીઆઈ દ્વારા જાહેર કરવામાં આવેલા સર્કુલરમાં બેન્કો અને વ્હાઈટ લેબલ એટીએમ ઓપરેટરોને તબક્કાવાર રીતે ૧૦૦ અને ૨૦૦ રુપિયાની નોટોની સંખ્યા એટીએમમાં વધારવાના નિર્દેશ આપી દીધા છે.

૧ મે ૨૦૨૫થી એટીએમમાંથી ફ્રી લિમિટ બાદ રોકડ ઉપાડવાનું મોંઘુ થવાનું છે. હોમ બેન્ક નેટવર્કની બહાર કોઈ બીજા એટીએમમાંથી ટ્રાંજેક્શન કરવામાં આવે છે અથવા બેલેન્સ ચેક કરશો તો યુઝર્સને વધારે ચાર્જ આપવો પડશે. હવે દર વખતે ફ્રી લિમિટ ખતમ થયા બાદ પૈસા ઉપાડવા પર ખિસ્સા પર વધારે બોજ આવશે. અત્યાર સુધી ફ્રી ટ્રાંજેક્શન લિમિટ ખતમ થયા બાદ એટીએમમાંથી રુપિયા ઉપાડવા પર ૨૧ રુપિયા ચાર્જ લાગતો હતો. પણ ૧ મે ૨૦૨૫થી દરેક ટ્રાંજેક્શન પર ૨૩ રુપિયા આપવા પડશે. એટલે કે આપની ફ્રી લિમિટ બાદ એટીએમથી ઉપાડો તો દર વખતે ૨ રુપિયાથી વધારે આપવા પડશે.

# દેશના પ્રતિષ્ઠિત મંદિરોના મુહૂર્ત કાઢનાર વિદ્વાન પંડિત ગણેશ્વર શાસ્ત્રી દ્રાવિડને પદ્મશ્રીથી સન્માન





ગઈકાલે રાષ્ટ્રપતિભવનમાં પદ્મ અવોર્ડ્સ એનાયત કરવાનો સમારોહ યોજાયો હતો. જેમાં અયોધ્યાના રામમંદિરના શિલાન્યાસ, રામલલાની પ્રાણપ્રતિષ્ઠા અને શ્રી કાશી વિશ્વનાથ ધામના મુહૂર્ત કાઢનારા વિદ્વાન પંડિત ગણેશ્વર શાસ્ત્રી દ્રાવિડને પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતા. આ સન્માન જ્યોતિષના ક્ષેત્રમાં નોંધપાત્ર કાર્ય કરવા બદલ તથા સાંસ્કૃતિક વિરાસતોના રક્ષણ બદલ આપવામાં આવ્યું છે. પંડિતજીને રાષ્ટ્રપતિએ નવાજ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત હતા.



# AI નું અદ્‌ભુત ક્રિએશનઃ પોપકોર્નની શાલ, મસ્ત ક્રિસ્પી ઢોસા જેવી સાડી, પુરુષો માટે ઈડલીથી બનેલું શર્ટ અને ગુલાબજાંબુ જેવી વોચ ક્રિએટ કરી

જરા કલ્પના કરો કે તમને જે ચીજ બહુ ભાવે છે એ ચીજ તમે કાં તો કપડાંની જેમ અથવા તો એકસેસરીઝની જેમ પહેરી શકો તો કેવું લાગે? આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ (AI) ને જો આવી કલ્પનાઓ કરવાનું કહેવામાં આવે તો એનું પરિણામ શું આવે એ તાજેતરમાં એક વિડિયોમાં જોવા મળી રહ્યું છે. ક્રીએટિવિટીની ચરમસીમા કહેવાય એવું માઇન્ડબ્લોઇંગ ક્રીએશન ઇન્સ્ટાગ્રામના hoohoocreations80 નામના અકાઉન્ટ પરથી શેર થયું છે જેણે એક દિવસમાં લાખો લોકોનાં દિલ જીતી લીધાં છે. આ વિડિયોમાં પોપકોર્નની શાલ, મસ્ત ક્રિસ્પી ઢોસા જેવી સાડી, પાણીપૂરી જેવી વોચ, આઈસક્રીમ પર્સ, અંબોડામાં ભરાવવાની જલેબી સ્ટાઇલની હેરપિન, પુરુષો માટે ઈડલીથી બનેલું શર્ટ અને ગુલાબજાંબુ જેવી વોચ ક્રીએટ કરી છે. નવાઈની વાત એ છે કે આ દરેક વસ્તુમાં જે ટેક્સ્ચર અને રંગોનું મિશ્રણ કરવામાં આવ્યું છે એ હાઈપર રિયલિસ્ટિક છે. લોકોને આમાંથી આઈસક્રીમ પર્સ, જલેબી હેરપીન, પાણીપૂરી વોચ બહુ ગમી છે જ્યારે ઇડલી શર્ટ જોઈને જ ઘણાને ઊબકા આવી ગયા હતા.



## અટેક પછી પણ આનંદમાં

બાવીસમી એપ્રિલે પહેલગામ નજીક બૈસરન વેલીમાં આતંકવાદીઓએ હાહાકાર મચાવ્યો એ પછી પણ ગુલબર્ગમાં ટુરિસ્ટો મજા માણતા જોવા મળ્યા હતાં.

# પહેલગામ હુમલાને પગલે સલમાન-માધુરી સહિતના સ્ટાર્સની યુકે ટુર સ્થગિત

## ટાઈગર, વરૂણ, દિશા, સારા સહિતના સ્ટાર્સના માંચેસ્ટર-લંડનમાં બે શો નકકી થયા હતા



મુંબઇ: પહેલગામમાં આતંકવાદી હુમલા પછી ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ વધી રહ્યો છે. વર્તમાન સંજોગોને ધ્યાને રાખી 'ધ બોલિવૂડ બિગ શોટ યુકે ટૂર' મુલતવી રાખવામાં આવશે. આ ટુરમાં સલમાન ખાન અને માધુરી દિક્ષિતની સાથે ટાઈગર શ્રોફ, વરૂણ ધવન, દિશા પટાણી, ક્રિતિ સેનોન, સારા અલી ખાન, સુનિલ ગ્રોવર અને મનીષ પૌલ પણ જવાના હતા. ઓર્ગેનાઈઝર્સે ભારત-પાકિસ્તાન વચ્ચે વણસેલા સંબંધોનું કારણ દર્શાવી ટૂર મોકૂફ રાખી છે.

અગાઉના આયોજન મુજબ, માન્ચેસ્ટર ખાતે ૪ મે અને લંડનમાં ૫ મેના રોજ શો યોજાવાનો હતો. શોની તૈયારીના ભાગરૂપે એડવાન્સ બુકિંગ શરૂ થઈ ગયુ હતું અને બ્રિટિશએશિયન્સમાં ભારે ઉત્સાહ પણ હતો. જોકે વર્તમાન સંજોગોમાં આ શોને રી-શિડ્યુલ કરવા માટે અનેક લોકોએ સૂચન કર્યું હતું. બદલાયેલા સંજોગોમાં આ શોને મોકૂફ રાખવાનું પગલું જ સૌથી વધુ જવાબદાર અને આદરપૂર્વકનું રહેશે, તેવું શોના ઓર્ગેનાઈઝર્સને લાગ્યુ હતું. શોને અગાઉની તારીખો મુજબ યોજવામાં આવે તો તેનાથી વિવાદ ઊભો થવાનું અને સંબંધિત સ્ટાર્સની પ્રતિષ્ઠા ખરડાવાનું જોખમ હતું. બોલિવૂડ સ્ટાર્સને ચાહનારા લોકો યુકેમાં મોટી સંખ્યામાં છે. યુકેના એશિયન્સ ઉપરાંત સ્ટાર્સ પણ આ ટૂર માટે ઉત્સાહમાં હતા. અચાનક પરિસ્થિતિ બદલાઈ જતાં સ્ટાર્સને શો નહીં કરવાનું યોગ્ય લાગ્યું હતું. સલામતી તથા પોતાની પ્રતિષ્ઠાની દૃષ્ટિએ આ નિર્ણય યોગ્ય જણાતા સલમાન સહિતના સ્ટાર્સ અને ઓર્ગેનાઈઝર્સ વચ્ચે વાતચીત થઈ હતી.

આ શોને મુલતવી રાખવાનું ખૂબ અઘરુ હતું, કારણ કે ઘણી બધી ટિકિટો વેચાઈ ગઈ હતી. જો કે શો યથાવત રાખવાથી વિવાદની શક્યતા હતી. વળી, ભારતમાં નિર્દોષ પ્રવાસીઓની હત્યાના કારણે શોકનો માહોલ હોય ત્યારે મોતનો મલાજો રાખવો જોઈએ. ઓર્ગેનાઈઝર્સ અને ફિલ્મ સ્ટાર્સે વાતાવરણ શાંત થયા પછી ફરી ટૂર રાખવા સંમતિ દર્શાવી છે.

શોની નવી તારીખો ટૂંક સમયમાં જાહેર થશે, પરંતુ તે પહેલાં એડવાનસ બૂકિંગ કરાવનારા ચાહકોને નાણાં પરત કરવાની કાર્યવાહી શરૂ થઈ છે.



# કેદારધામ રવાના થઈ બાબા કેદારની ડોલીઃ બીજી મેના રોજ કપાટ ખુલશે

દેહરાદૂન,તા.૨૯

બાબા કેદારનાથની પંચમુખી ડોલી ગઈ કાલે શીતકાલીન ગાદીસ્થળ ઉખીમઠસ્થિત ઓમકારેશ્વર મંદિરથી વિધિવત પૂજા-અર્ચના બાદ કેદારનાથધામ તરફ જવા રવાના થઈ હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. આ સમયે વાતાવરણ જય બાબા કેદાર અને કેદારનાથના જય-જયકારથી ગુંજી ઊઠ્યું હતું. આ પૌરાણિક પરંપરા સાથે જ કેદારનાથધામનાં કપાટ ખૂલવાની ઔપચારિક પ્રક્રિયાનો પણ આરંભ થઈ ચૂક્યો છે. આ ડોલી વિભિન્ન પડાવ પર રાત્રિ-વિશ્રામ કરીને પહેલી મેએ કેદારનાથ પહોંચશે. બાબા કેદારની ડોલી શિયાળાના છ મહિના ઉખીમઠમાં વિશ્રામ કરે છે અને પછી કપાટ ખૂલતાં પહેલાં ઉખીમઠથી કેદારનાથ જવા રવાના થાય છે. બીજી મેએ સવારે સાત વાગ્યે કેદારનાથધામનાં કપાટ ભક્તો માટે ખોલવામાં આવશે.

# રાજકોટના શેરબ્રોકિંગ હાઉસ પટેલ વેલ્થ પર સેબીનો પ્રતિબંધ

## ૧૭૩ સ્કીપોમાં છેતરપીંડી આચરીને ગેરકાયદે કમાણી કરીઃ રૂા.૩.૨૨ કરોડ જમા કરાવવાનો પણ આદેશઃ બ્રોકિંગ હાઉસ તથા ચાર ડાયરેકટરો પર તવાઈ; કલાયન્ટ બિઝનેસની છુટ્ટ

મુંબઈ તા.૨૯

શેરબજારમાં કેટલાંક મહિનાઓથી તેજી-મંદીની ઉથલપાથલ વચ્ચે ગોટાળા-છેતરપીંડીના કિસ્સા પ્રકાશમાં આવતા રહ્યા છે. આવા જ એક કેસમાં માર્કેટ નિયમનકાર સેબીએ રાજકોટના શેરબ્રોકર્સ હાઉસ એવા પટેલ હેલ્થ એડવાઈઝર્સ તથા તેના ચાર ડાયરેકટરો સામે પ્રતિબંધાત્મક આદેશો જારી કર્યા છે અને ગેરકાયદેસર રીતે કરેલી રૂા.૩.૨૨ કરોડની કમાણી જમા કરવાનો હુકમ કર્યો છે.



સેબી દ્વારા ખોટા સોદાનાં આધારે છેતરપીંડી કરવા બદલ વચગાળાનાં આદેશમાં આ કડક કદમ ઉઠાવ્યું છે. રાજકોટમાં યુનિવર્સીટી વિસ્તારમાં ઓફિસ ધરાવતા પટેલ વેલ્થ એડવાઈઝર્સ તથા તેના ડાયરેકટરોએ છેતરપીંડી માટે આચરેલી મોડસ ઓપરેન્ડીનુ પણ સેબીના ૪૧ પાનાના વચગાળાના આદેશમાં વર્ણન કરવામાં આવ્યુ છે.જાન્યુઆરી ૨૦૨૧ થી જાન્યુઆરી ૨૦૨૫ દરમ્યાન કુલ ૧૭૩ સ્ત્રીઓમાં

(અનુસંધાન ૧૨ મા પાને)

### છેતરપીંડીની મોડસ ઓપરેન્ડી

સેબીનાં વચગાળાનાં આદેશમાં છેતરપીંડીની મોડસ ઓપરેન્ડી દર્શાવવામાં આવી છે જે અંતર્ગત બ્રોકીંગ હાઉસ ખુબ મોટી સંખ્યામાં કોઈ સ્ક્રીપમાં માર્કેટ ભાવ કરતાં ઘણા ઉંચા કે નીચા ભાવે સોદો નાખે છે જેના આધારે લોકોમાં જે તે સ્ક્રીપમાં જંગી લેણ કે વેચાણ ભાવમાં વધઘટ શરૂ થઈ જાય છે. બીજી તરફ બ્રોકર દ્વારા પોતાના ટારગેટ મુજબ વિરોધાભાસી લેણા-વેંચાણ કરીને લાખો રૂપિયાની કમાણી કરી લેવામાં આવતી હતી અને ખુબ ઉંચા કે નીચા ભાવે લાખો શેરોનો પેન્ડીંગ ઓર્ડર કેન્સલ કરી નાખવામાં આવતો હતો માત્ર કેશ સેગમેન્ટમાં જ નહિં ડેરીવેટીવ્ઝમાં પણ કારનામા કરાયા હતા.

### એનએસઈએ ધ્યાન દોરી નોટીસ ફટકારવા છતાં કારનામા ચાલુ રખાયા હતા

સેબીના કહેવા પ્રમાણે પટેલ હેલ્થ એડવાઈઝર્સનાં કારનામા નજરે ચડતા નેશનલ સ્ટોક એકસચેંજ દ્વારા એકથી વધુ ધ્યાન દોરીને નોટીસ પણ આપવામાં આવી હતી છતા તેના દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી.લાખોની સંખ્યામાં શેરોનાં ઉંચા કે નીચા ભાવનાં સોદા માટે ભ્રમ સર્જવા જ સિસ્ટમમાં નાખવામાં આવતા હતા અને પછી રદ કરી દેવાયા હતા. થોડા મહિના પુર્વે બ્રોકીંગ હાઉસમાં એજન્સીની તપાસ પણ થયાની ચર્ચા હતી.

# ઇલે.બસો ધગધગી ઉઠી : સેન્સરમાં એલર્ટ : આજે ૬૩ સીટી-BRTS બસ બંધ

## જાહેર સલામતી માટે મનપાએ તત્કાલ બ્રેક મારી : સીએનજી બસો ચાલુ : ટેકનીકલ એરર દુર થાય તે બાદ જ પૂરી બસો દોડાવાશે : હિટવેવ વચ્ચે અધિકારીઓએ સ્પષ્ટ સુચના આપી દીધી

રાજકોટ, તા. ૨૯

રાજકોટમાં ગઇકાલે છેલ્લા દાયકાઓનું સૌથી ઉંચુ ૪૬.૨ ડિગ્રી તાપમાન નોંધાતા લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. બપોરના સમયે તો લોકો બહાર નીકળવાનું પણ ટાળી રહ્યા છે ત્યારે વાહનો પણ ધગધગવા લાગ્યા છે. આ સંજોગોમાં મુસાફરોની જાહેર સલામતી ધ્યાનમાં લેતા મ્યુનિ. કોર્પોરેશને ગઇકાલે બપોર બાદ ૧૫૦ ફુટ રોડના બીઆરટીએસ ટ્રેકની મોટા ભાગની ઇલે. બસ બંધ કરી હતી. તે બાદ આજે સીટીમાં દોડતી ઇલે.બસના સેન્સરમાં પણ એરર (એલર્ટ) દેખાવા લાગતા ૬૩ જેટલી સીટી બસ પણ બંધ કરવામાં આવી છે. હાલ વેકેશન શરૂ થઇ ગયું હોય બાકીની બસથી પરિવહન સરળ ચાલી રહ્યું હોવાનું તંત્ર કહે છે. આજે ૧૩ બીઆરટીએસ બસ બંધ છે. તો સવારે ૬૩ સીટી ઇલે. બસ બંધ કરાયા બાદ ૧૫ ફરી ચાલુ કરાતા કુલ ૪૮ બસ બંધ હોવાનું આરએમટીએસના વડા સીટી ઇજનેર પી.ડી.અઢીયાએ જણાવ્યું હતું.

શહેરમાં ગઇકાલે રેકોર્ડ બ્રેક તાપમાન ૪૬.૨ ડીગ્રી થતા ઇલેકટ્રીક બસને પણ હિટવેવની અસર જોવા મળી છે. બેટરી હિટીંગ તેમજ સેન્સર ગરમ થવાના કારણે એનક ઇલેકટ્રીક બસ બ્રેક ડાઉન થઇ જતા ગઇકાલ સાંજથી બીઆરટીએસ રૂટ ઉપર

(અનુસંધાન ૧૨ મા પાને)



૧૫૦ ફુટ રોડની બીઆરટીએસ બસ અને સીટી રૂટની ઘણી બસો આજે ભારે તાપ વચ્ચે સલામતીના પગલા સ્વરૂપે બંધ કરીને વર્કશોપમાં મુકવામાં આવી છે. (તસ્વીર : પંકજ શીશાંગીયા)

# અક્ષય તૃતીયાના એક દિવસ પહેલા સોના-ચાંદીના ભાવમાં ધરખમ વધારો

રાજકોટ,તા.૨૯

અક્ષય તૃતીયાના એક દિવસ પહેલા સોના ચાંદીના ભાવમાં ધરખમ વધારો નોંધાયો છે. જેમાં આજે સોનામાં રૂા. ૧૧૫૦ અને ચાંદીમાં રૂા. ૧૧૦૦ નો વધારો થયો છે તેનો સાથે સોનું ફરી રૂા. ૯૯૧૫૦ એ પહોંચી ગયું છે. નિષ્ણાતોના મતે ટ્રમ્પના ટેરિફ અને અમેરિકા અને ચીન વચ્ચે વધતા વેપાર તણાવને કારણો સોનાના ભાવ પર અસર થઈ રહી છે. જો વિશ્વભરમાં વેપાર તણાવ વધુ વધે તો એક વર્ષમાં સોનાની કિંમત રૂા.૧.૨૫ લાખને પાર કરી શકે છે.

આવતીકાલે અક્ષય તૃતીયાના સોનું ચાંદી ખરીદવાનું ખાસ મહત્વ હોય છે. ત્યારે બે દિવસ થી ભાવ ઘટી રહ્યા હતા. પરંતુ તહેવારના એક દિવસ પહેલા જ ભાવ વધતા વેપારીઓ અને ગ્રાહકોમાં ચિંતા છવાઈ ગઈ છે.




Auto E-INVOICE / E-WAY BILL
શ્રી C-POINT
એકાઉન્ટ, બીલીંગ તથા સ્ટોક માટેનો શ્રેષ્ઠ સૌથી સરળ કોમ્પ્યુટર પ્રોગ્રામ
FOR DEMO : C-POINT
9773428998, 0281-2464241

કાર રીમોટ
ઓરીજનલ રીમોટ સેલ (પાવર)
ગેરેંટી સાથે બદલી આપવામાં આવશે.
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, ભારત પેટ્રોલ પંપની બાજુમાં, રાજકોટ. M.: 94297 85836







